૧૩૮૫

# ગુરુભક્તિ ગહૂંલી સંગ્રહ

: રચયિતા :
પૂ. ગુરુદેવ મુનિરાજશ્રી ભુવનવિજયાન્તેવાસી
મુનિ જંબૂવિજય

Jain Education International
For Private & Personal Use Only
www.jainelibrary.org

# ગુરૂભક્તિ ગહુંલી સંગ્રહ

-: રચયિતા :-

પૂ. ગુરૂદેવ મુનિરાજ શ્રી ભુવનવિજયાન્તેવાસી
મુનિ જંબૂવિજયજી

-: મુદ્રક :-
**શ્રી પાર્શ્વ કોમ્પ્યુટર્સ**
૩૩, જનપથ સોસાયટી, ઘોડાસર કાંસ ઉપર, અમદાવાદ-૫૦.
ફોન : ૫૩૨૦૮૪૬.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# પ્રસ્તાવના

પૂજ્ય પિતાશ્રી સદ્‌ગુરૂદેવ મુનિરાજશ્રી **ભુવનવિજયજી** મહારાજ સાથે પૂજ્ય પ્રાતઃસ્મરણીય ગુરૂદેવે સં. ૨૦૦૫માં **બાલાપુર** ચોમાસું કરેલું. ચોમાસા દરમ્યાન પૂજ્ય ગુરૂદેવે સહજતાથી સ્વાભાવિક જ ગુરૂના ગુણોને ગીતોમાં ગુથ્યાં... અને વ્યાખ્યાન દરમ્યાન બહેનોએ તેને ગાયાં. પહેલાં તો અમૂક સમય કાગળીયા રૂપેજ એ ગીતો રહ્યાં. પછી સં. ૨૦૦૬માં **આકોલામાં** ચોમાસું કર્યું. ત્યાં પૂજ્ય સદ્‌ગુરૂદેવ મુનિરાજશ્રી **ભુવનવિજયજી** મ.સા.ને ઈચ્છા થઈ કે આ કાગળીયાં ને પુસ્તકરૂપે બહાર પાડીએ. અને આ રીતે સં. ૨૦૦૭ અક્ષય તૃતીયાને દિવસે તે કાગળીયાં **"ગુરૂગુણ ગહુંલી સંગ્રહ"** રૂપે લોકો સમક્ષ પ્રગટ થયાં. આજે એ વાતને લગભગ ૪૭ વર્ષ વીતી ગયાં. પણ... અમારા પુણ્યના ઉદયે... **નાના આસંબીયા (કચ્છ)** ચોમાસાં દરમ્યાન એક બ્હેનની પાસે આ પુસ્તક જોવામાં આવ્યું. જોતાં જ અમે ખુશ થઈ ગયાં. અમારા ગુરૂદેવ આવા સુંદર રચયિતા પણ છે તેનો ખ્યાલ અમને હવે જ આવ્યો. આટલા વર્ષો દરમ્યાન પુસ્તક કોઈના કબાટમાં જ પડેલું રહ્યું હશે. હવે તે રત્નને પ્રકાશિત કરવાની અમારી પ્રબળ ઈચ્છા થઈ પણ... નિસ્પૃહી... ત્યાગી... પ્રસંશાથી દૂર ભાગનારા... પૂજ્ય ગુરુદેવ એમ શાનાં હા પાડે... છતાં મહાપુરૂષ છે ને ! કરૂણા જેના જીવનમાં વહેતી હોય, અમારા આગ્રહને ધ્યાનમાં લઈને અમને ક્હયું કે તમને યોગ્ય લાગે તેમ કરો... બસ આવો ઢીલો હોંકારો મળતાંજ અમે આ કામને હાથમાં લીધું.

પૂજ્ય ગુરૂદેવની કૃપાથી અને પૂજ્ય સંઘમાતા શતવર્ષાધિકાયુ પૂ.બા મહારાજશ્રી **મનોહરશ્રીજી** મહારાજ (પૂ. જંબૂવિજયજી મ.સા.ના માતૃશ્રી) તથા પૂ. સેવાભાવી ગુરૂદેવ શ્રી **સૂર્યપ્રભાશ્રીજી** મહારાજના આશીર્વાદથી આ કામ અત્યંત અલ્પ સમયમાં નિર્વિઘ્ન પૂર્ણ થયું છે તેમાં પાટણ નિવાસી **વ્રજલાલ ત્રિકમલાલ શાહ**ના સુપુત્ર **મયૂરભાઈ**નો ઘણો મોટો ફાળો છે.

અંતમાં આ નાનકડી પુસ્તિકા પણ ગુરૂગુણોનો વિરાટ સાગર ગુરૂદેવના ગુણ ગાવામાં લોકોને ઉપયોગી બને એજ મંગલકામના.

સંવત ૨૦૫૩ આસો વદ ૧૨

**નાના આસંબીયા**

તા. માંડવી (કચ્છ)

પીન-૩૭૦૪૮૫

**- મનોહરસૂર્યશિશુ**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



લોલાડા મંડન શ્રી શાન્તિનાથાય નમઃ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પૂજ્યપાદ પ્રાતઃસ્મરણીય સંઘસ્થવિર શ્રી ૧૦૦૮ આચાર્યદેવ
શ્રી **વિજયસિદ્ધિસૂરીશ્વરજી** (બાપજી) મહારાજના પટ્ટાલંકાર
પૂજ્યપાદ આચાર્યદેવ શ્રી **વિજયમેઘસૂરીશ્વરજી** મહારાજના શિષ્યરત્ન
પૂજ્યપાદ ગુરુદેવ મુનિરાજ શ્રી **ભુવનવિજયજી** મહારાજ
(જંબૂવિજયજી મ.ના પિતાશ્રી તથા ગુરુદેવ)



**જન્મ** : વિ.સં. ૧૯૫૧, શ્રાવણ વદ ૫, શનિવાર તા. ૧૦-૮-૧૮૯૫, માંડલ.
**દીક્ષા** : વિ.સં. ૧૯૮૮, જેઠ વદ ૬, શુક્રવાર તા. ૨૪-૬-૧૯૩૨, અમદાવાદ.
**સ્વર્ગવાસ** : વિ.સં. ૨૦૧૫, મહા સુદ ૮, સોમવાર, તા. ૧૬-૨-૧૯૫૯,
શંખેશ્વર તીર્થ.

૨૯૪-૪
Acc. No. ૧૩૬૧

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## પ્રાતઃ વંદનીય
# પૂ. સાધ્વીજીશ્રી મનોહરશ્રીજી મ.સા. (બા મહારાજ)

વિક્રમ સંવત ૧૯૫૧ માગશર વદ ૨, તા. ૧૪-૧૨-૧૮૯૪ શુક્રવારે ઝીંઝુવાડામાં પિતા **પોપટભાઈ** તથા માતા **બેનીબેન**ની કુક્ષિએ જન્મેલું તેજસ્વીરત્ન **મણિબહેન,** કે જે **છબીલ** એવા હુલામણા નામથી મોટા થયા અને બાળપણથી જ ધર્મપરાયણ એવી આ તેજસ્વી દિકરીને પિતા **મોહનલાલ**ભાઈ અને માતા **ડાહીબહેન**ના પનોતા પુત્ર ભોગીભાઈની સાથે પરણાવ્યા. વર્ષ પર વર્ષ વીતતા ચાલ્યા. જલકમલવત્ સંસારસુખ ભોગવતાં એમની દામ્પત્ય-વેલ પર પુત્રનું પુષ્પ પ્રગટયું. નાની ઉંમરમાં પડેલું ધર્મનું બીજ **મણિબેન**ના જીવનમાં હવે વૃક્ષરૂપે ફૂલ્યું-ફાલ્યું અને તેના ફળ સ્વરૂપે પતિ અને પુત્રને **વીરની** વાટે વળાવ્યા. જેઓ પૂ.મુ.શ્રી **ભુવનવિજયજી** મ.સા. તથા પૂ.મુ.શ્રી **જંબૂવિજયજી** મ.સા.ના નામે પ્રસિદ્ધ બન્યા. પતિના પગલે-પગલે ચાલનારી મહાસતીનું બિરૂદ સાર્થક કરતા **મણિબેને** પણ તેમના જ સંસારી મોટા બહેન પૂ.સા.શ્રી **લાભશ્રીજી** મ.સા.ના ચરણમાં જીવન સમર્પણ કર્યું. તપ, ત્યાગ, સમતા, સહનશીલતા જેવા ગુણોને તેમણે આત્મસાત કર્યા. ૫૭ વર્ષ સુધી નિરતિચારપણે સંયમ જીવનની આરાધના કરતાં તથા વાત્સલ્યના ધોધમાં બધાને નવડાવતા એ ગુરૂમાતા **૧૦૧ વર્ષની** જૈફ ઉંમરે સંવત ૨૦૫૧ પોષસુદિ ૧૦ તા. ૧૧-૧-૧૯૯૫ બુધવારે **પાલિતાણામાં સિદ્ધાચલ**ની ગોદમાં સમાઈ ગયા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**પૂ. સાધ્વીજી લાભશ્રીજી મહારાજ** (સરકારી ઉપાશ્રયવાળાના શિષ્યા તથા બહેન) **સંઘમાતા શતવર્ષાધિકાયુ પૂજ્યપાદ સાધ્વીજીશ્રી મનોહરશ્રીજી મહારાજ**



જન્મ : વિક્રમસંવત્ ૧૯૫૧, માગશર વદ ૨, શુક્રવાર,
તા. ૧૪-૧૨-૧૮૯૪, ઝીંઝુવાડા.

દીક્ષા : વિક્રમસંવત્ ૧૯૯૫, મહાવદ ૧૨, બુધવાર,
તા. ૧૫-૨-૧૯૩૯, અમદાવાદ.

સ્વર્ગવાસ : વિક્રમસંવત્ ૨૦૫૧, પોષ સુદ ૧૦, બુધવાર,
તા. ૧૧-૧-૧૯૯૫, રાત્રે ૮-૪૫
વીશાનીમાભવન જૈન ઉપાશ્રય, સિદ્ધક્ષેત્ર પાલિતાણા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# પૂ. ગુરૂમાતાને શ્રદ્ધાંજલી

વિક્રમ સંવત્ ૧૯૭૭ ફાગણવદિ ૬ સોમવારે આદરિયાણા ગામમાં પિતા મણિલાલ મોતીચંદ સંઘવી તથા માતા અચીબેનની કુક્ષિએ જન્મેલું એક અણમોલ રત્ન શાન્તા બહેન. બાળપણથી જ ધર્મપરાયણ એવી આ તેજસ્વી દિકરીને ગામ દસાડાના નિવાસી પિતા ચતુરભાઈના પનોતા પુત્ર હરિલાલભાઈ સાથે પરણાવ્યા. પણ વિધિની વિચિત્રતા તો જૂઓ.. થોડા જ સમયમાં વિધવા થયાં. નાની ઉંમરમાં પડેલું ધર્મનું બીજ શાન્તાબહેનના જીવનમાં હવે વૃક્ષરૂપે ફૂલ્યું-ફાલ્યું અને તેના ફળસ્વરૂપે તેઓ સંયમના માર્ગે સંચર્યા. **પૂજ્યપાદ આચાર્યદેવશ્રી વિજય નીતિસૂરિશ્વરજી મહારાજના આજ્ઞાવર્તિ**ની સાધ્વીજી **શ્રી લાભશ્રીજી મહારાજ** (સરકારી ઉપાશ્રયવાળા)ના શિષ્યા **પૂજ્ય સાધ્વીજીશ્રી મનોહરશ્રીજી મહારાજ (પૂ. જંબૂવિજય મહારાજના માતુશ્રી)**ના ચરણમાં વિક્રમ સંવત ૨૦૦૫ ના મહાસુદિ એકમના દિવસે જીવન સમર્પણ કર્યું. શાન્તાબેન મટીને સાધ્વીજીશ્રી સૂર્યપ્રભાશ્રીજી બન્યા. તપ, ત્યાગ, સમતા, સહનશીલતા જેવા ગુણોને તેમણે આત્મસાત કર્યા. ૪૭ વર્ષ સુધી નિરતિચારપણે સંયમ જીવનની આરાધના કરતાં એ ગુરૂમાતા ૭૫ વર્ષની ઉંમરે સંવત્ ૨૦૫૨ આસો વદ ૧૨, તા.૨૧-૧૦-૯૫ ને માંડલ ગામમાં પૂ. ગુરૂદેવશ્રી જંબૂવિજયજી મહારાજની નિશ્રામાં નવકારમંત્ર સાંભળતા સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા. આસોવદિ તેરસે (ધનતેરસે) ભવ્યપાલખીમાં તેમના દેહને પધરાવીને સેંકડો નર-નારીઓની હાજરીમાં અત્યંત ભવ્ય રીતે તેમના અગ્નિસંસ્કાર માટેની યાત્રા શરૂ થઈ. આખા ગામમાં દોઢેક કલાક સુધી ફરીને યાત્રા મહાજનના ડેલામાં આવી અને ત્યાં વિશાળ મેદનીની હાજરીમાં અત્યંત ભવ્ય રીતે ચંદનકાષ્ઠની ચિતામાં તેમનો અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો.

પરમકૃપાળુ પરમાત્મા તેમના આત્માને શાંતિ અર્પે તે મનઃકામના સાથે કોટી કોટી વંદના.

**- સા. જીનેન્દ્રપ્રભાશ્રી આદિ પરિવાર**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## સંઘમાતા શતવર્ષાધિકાયુ પૂજ્યપાદ સાધ્વીજીશ્રી મનોહરશ્રીજી
## મ.સા.ના શિષ્યા પૂ.સા. શ્રી સૂર્યપ્રભાશ્રીજી મહારાજ



જન્મ : વિક્રમસંવત્ ૧૯૭૭, ફાગણવદિ ૬, સોમવાર આદરિયાણા
દીક્ષા : વિક્રમસંવત્ ૨૦૦૫, મહાસુદ ૧, રવિવાર ૩૦-૧-૧૯૪૯ દસાડા
સ્વર્ગવાસ : વિક્રમસંવત્ ૨૦૫૧, આસોવદ ૧૨, શનિવાર તા. ૨૧-૧૦-૯૫, માંડલ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# અનુક્રમણિકા


૧. અહિંસા પરમો ધર્મ ........ ૧
૨. જિનવાણીને સુણાવે ........ ૨
૩. આવ્યા છે ગુરૂજી અમારા ........ ૨
૪. બતાવે પંથ શિવપુરનો ........ ૩
૫. વીરનાં વયણડાં ગુરૂરાજે ........ ૪
૬. ગુરૂરાજ મારા બતલાવે ........ ૫
૭. હાં ગુરૂ ખેલ બતાવે ........ ૫
૮. શાસન શોભાકારી ........ ૬
૯. જ્ઞાની ગુરૂ આપે છે દેશના ........ ૭
૧૦. વરસે છે વાણીધારા ........ ૭
૧૧. નૈયા અમારી પાર લગાવે ........ ૮
૧૨. ગુરૂરાજ કેરી વાણી ........ ૯
૧૩. જ્ઞાની ગુરૂવરની ........ ૯
૧૪. આંગણીયે અવસર આનંદનો ........ ૧૦
૧૫. હાં ગુરૂ ધર્મ બતાવે ........ ૧૧
૧૬. ગુરૂગુણ ગાઉં. ........ ૧૧
૧૭. હો નિત્યનિત્ય કરીએ ગુરૂજીને વંદના ........ ૧૨
૧૮. ગુરૂ કહે વાણી ........ ૧૨
૧૯. મળિયા છે તારણહાર ........ ૧૩
૨૦. વરસે છે વૃષ્ટિ આનંદની ........ ૧૪
૨૧. સખી કરીએ ગુરૂને વંદના ........ ૧૫
૨૨. અમૃતની ધાર સમી રે ........ ૧૬
૨૩. ગુરૂજી ગુણભરિયા ........ ૧૬
૨૪. ગુરૂજીએ ભાખી વાણી વીતરાગની ........ ૧૭
૨૫. આજ મારે દિવસ આનંદનો ........ ૧૭
૨૬. નિત્ય નિત્ય સુણીએ ગુરૂજીની દેશના ........ ૧૮
૨૭. ગુરૂમંદિરે વીણા વાગે ........ ૧૮
૨૮. ધારો હૃદય મોઝાર ........ ૧૯
૨૯. ગુરૂજી ગુણભંડાર છે ........ ૨૦



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૩૦. પ્રગટ્યા છે પુણ્ય સિતારા ....................................૨૧
૩૧. એવી વાણી ગુરૂવરની ....................................૨૨
૩૨. હો જિનવાણીની બંસરી ....................................૨૩
૩૩. હાં ગુરૂ રંગ લગાવે ....................................૨૩
૩૪. ધન્ય સખી દિવસ છે આજનો ....................................૨૪
૩૫. આનંદ વ્યાપે ઘણો ....................................૨૪
૩૬. વંદના ગુરૂચરણ અરવિંદની ....................................૨૫
૩૭. આંગણીયે અવસર આનંદનો ....................................૨૫
૩૮. પંચ મહાવ્રતધારક ગુરૂને વંદુ વારંવાર ....................................૨૬
૩૯. ગુરૂવર ગુણના ભંડાર ....................................૨૭
૪૦. વંદન હો નિત્ય ગુરૂવરને ....................................૨૭
૪૧. ઉપદેશ કરે હિતકારા ....................................૨૮
૪૨. ગુરૂજીના મુખમાંથી પ્રગટે ....................................૨૯
૪૩. હાં ગુરૂરાજ ઉગારે ....................................૩૦
૪૪. વ્યાખ્યાન સુણવાને આવજો ....................................૩૦
૪૫. હો બેન શિવસુખકારી ....................................૩૧
૪૬. આનંદ આવે ગુરૂવ્યાખ્યાનમાં ....................................૩૧
૪૭. ગુરૂદેવ ચરણે નમો ....................................૩૨
૪૮. મન મંદિરે વસાવો ગુરૂવર વાણી ....................................૩૨
૪૯. આવો આવો હો સજની સર્વે ....................................૩૩
૫૦. ઉપકારી ગુરૂજી અમારા ....................................૩૩
૫૧. મનમંદિર સ્થાપો રે ....................................૩૪
૫૨. વંદુ કોટિ કોટિવાર ....................................૩૫
૫૩. રંગસખી જામ્યો રળિયામણો ....................................૩૬
૫૪. ગુરૂજી જયવંતા વર્તો ....................................૩૬
૫૫. ગુરૂરાજ રંગે વૈરાગ્યના રંગમાં ....................................૩૭
૫૬. ગાવો ગાવો નિત ગુરૂગુણ ગાવો ....................................૩૭
૫૭. ગુરૂવાણીમાં બોધ છે વિપુલ ....................................૩૮
૫૮. એક ચિત્ત કરીને ભવિ સુણો ....................................૩૯
૫૯. નિત્ય કરીએ ગુરૂને વંદના ....................................૩૯


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૬૦. વાણી ગુરૂવરની ..............................૪૦
૬૧. નિત્ય નિત્ય ગુરૂવાણી સુણવાને ..............................૪૧
૬૨. જ્ઞાનકેરા દીવડા ગુરૂરાજે ..............................૪૨
૬૩. ગુરૂવરવાણી વિરલા પાવે ..............................૪૨
૬૪. ઉપદેશ મનોહર લાગે ..............................૪૩
૬૫. મિથ્યા માયા સંસારની ..............................૪૪
૬૬. ધન્ય દિવસ આજ મારે ..............................૪૪
૬૭. ધન્ય બને જન્મ અમારે ..............................૪૫
૬૮. ધર્મતણી આપે છે દેશના ..............................૪૫
૬૯. આનંદ અતિ ઉપજાવે ..............................૪૬
૭૦. જિનવાણી ગુરૂજી સુણાવે ..............................૪૭
૭૧. આવો આવો નિત્ય ..............................૪૭
૭૨. તમે નિત્ય નિત્ય સુણો ગુરૂવાણી ..............................૪૮
૭૩. ભાગ્ય આજે ખીલી ઉઠ્યું ..............................૪૮
૭૪. ગુરૂજીની વાણી ભલી ..............................૪૯
૭૫. ગુરૂવર વાણી રે, હૃદયમાં ધારજો ..............................૪૯
૭૬. ઓ ભવિ તમે ધર્મતણા ..............................૫૦
૭૭. ગુરૂજીની વાણી અમૃતસારખી ..............................૫૧
૭૮. નિત્ય કરૂં ગુરૂજીને વંદના ..............................૫૧
૭૯. હાં ગુરૂ વાત સુણાવે ..............................૫૨
૮૦. ચૈત્યવંદનની વિધિ ..............................૫૩
૮૧. પર્યુષણપર્વની ..............................૫૩
૮૨. આવ્યાં પર્વ પજુસણ આજ ..............................૫૪
૮૩. પર્યુષણ આજ, સોહે પર્યુષણ આજ ..............................૫૫
૮૪. પ્રથમ વ્યાખ્યાનની ગહુંલી ..............................૫૫
૮૫. બીજા વ્યાખ્યાનની ગહુંલી ..............................૫૬
૮૬. ત્રીજા વ્યાખ્યાનની ગહુંલી ..............................૫૭
૮૭. ચોથા વ્યાખ્યાનની ગહુંલી ..............................૫૮
૮૮. જન્મની ગહુંલી ..............................૫૯
૮૯. પાંચમા વ્યાખ્યાનની ગહુંલીઓ ..............................૬૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૯૦. ખાંડના રમકડાંને વ્હેંચ્યાં ........................ ૬૧
૯૧. પાંચમા એ સ્વર્ગમાંથી આવે ........................ ૬૨
૯૨. છઠ્ઠા વ્યાખ્યાનની ગહુંલી ........................ ૬૩
૯૩. સાતમા વ્યાખ્યાનની ગહુંલી ........................ ૬૪
૯૪. શિવાદેવી કેરા લાલ ........................ ૬૫
૯૫. સુણો સહુ ગુરૂજીની દેશના ........................ ૬૬
૯૬. આઠમા વ્યાખ્યાનની ગહુંલી ........................ ૬૭
૯૭. બારસા સૂત્રની ગહુંલી ........................ ૬૮
૯૮. શ્રી સિદ્ધચક્રની ગહુંલી ........................ ૬૯
૯૯. દિવાળીની ગહુંલી ........................ ૭૦
૧૦૦. જ્ઞાન પંચમીની ગહુંલી ........................ ૭૧
૧૦૧. મૌનએકાદશીની ગહુંલી ........................ ૭૨
૧૦૨. ઉછળે છે ઉર્મિ આનંદની ........................ ૭૨
૧૦૩. વિહારની ગહુંલી ........................ ૭૩
૧૦૪. કોણ હવે અમને ઉગારશે ........................ ૭૪
૧૦૫. થોડું રહી જાવ વધારે ........................ ૭૫
૧૦૬. ઉદ્ધારક કોણ અમારા ........................ ૭૫
૧૦૭. ઉપજે છે દુઃખ અપાર ........................ ૭૬
૧૦૮. કોને કહું અંતરની વેદના ........................ ૭૭
૧૦૯. ગુરૂવર ભાખે રે મધુરી મીઠી દેશના ........................ ૭૯
૧૧૦. ધન્યચરિત્રની ગહુંલી ........................ ૭૯
૧૧૧. ભગવાન શ્રી મહાવીરસ્વામીનું પારણું ........................ ૮૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ नमः श्री अन्तरिक्षपार्श्वनाथाय ॥

॥ पूज्यपादाचार्यदेवश्रीमद्विजयसिद्धि-मेघ-भुवनविजय सद्गुरुभ्यो नमः ॥

# ગુરૂભક્તિ - ગહુંલી સંગ્રહ

૧ (રાગ - જિનધર્મકા ડંકા આલમમેં બજવાદિયા વીરજિનેશ્વરને)

अहिंसा परमो धर्म मયી, શાસનપતાકા જગવિજયી;
ગગનાંગણે જે ફરકાવે છે, વંદન હો તેહ ગુરૂવરને. ૧
ઇન્દ્રિયપંચકને સંવરતા, વળી નવવિધ બ્રહ્મગુપ્તિ ધરતા;
મોહરાજની ફોજ હઠાવે છે, વંદન હો તેહ ગુરૂવરને. ૨
ત્યજી ચાર કષાય ધરે સમતા, ઉપશમરસમાંહિ સદા રમતા;
સંસારના તાપ શમાવે છે, વંદન હો તેહ ગુરૂવરને. ૩
અહિંસાદિ મહાવ્રત પંચ ધરે, સવિ સાવદ્યયોગ કદા ન કરે;
જિનશાસન સોહ ચઢાવે છે, વંદન હો તેહ ગુરૂવરને. ૪
સમિતિપંચકને આદરતા, ત્રણ ગુપ્તિ સદા ધારણ કરતા;
સંયમનો રંગ લગાવે છે, વંદન હો તેહ ગુરૂવરને. ૫
એવા છત્રીસ ગુણે સોહે, ઉપદેશે ભવિજનમન મોહે;
અમૃતવૃષ્ટિ વરસાવે છે, વંદન હો તેહ ગુરૂવરને. ૬
કલિકાલે જિન-કેવલી વિરહે, સવિ તત્ત્વતણો જે મર્મ કહે;
જગદીપક પરે દીપાવે છે, વંદન હો તેહ ગુરૂવરને. ૭
શાસનનાયક શોભા સારી, પ્રભુ આણા વાહન ધૂરધારી;
જિનશાસનરથ ચલાવે છે, વંદન હો તેહ ગુરૂવરને. ૮
વક્તા મૌની જ્ઞાની ધ્યાની, નિશદિન રહેતા આતમરામી;
શિવપુરનો પંથ બતાવે છે, વંદન હો તેહ ગુરૂવરને. ૯
એવા ગુરૂની આગે ગહુંલી, કરતા હરતા પાતક ધૂલી;
ભવિજન નિત ગુરૂગુણ ગાવે છે, વંદન હો તેહ ગુરૂવરને. ૧૦



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એવા ગુરૂનાં ચરણો વંદું, **જંબૂ** કહે હર્ષથી આનંદું;
જે ભવજલ પાર તરાવે છે, વંદન હો તેહ ગુરૂવરને. ૧૧

**૨** (ઓ દૂર જાને વાલે, વાયદા ન ભૂલ જાના ...)

જિનવાણી ને સુણાવે, ગુરૂજી સદા અમારા; ...
પ્રગટાવી ધર્મજ્યોતિ, જગમાં કરે ઉજારા ...
અંધારી ઘોર રજની, કલિકાલ પંચમારા;
જ્ઞાનપ્રકાશકારી, હરે દૂર અંધકારા ... જિનવાણીને૦ ૧
વાણી જિણંદ કેરી, ભવદુ:ખ ભીતિ ભાંજે;
શિવસંપદાને આપે, સંસારપારકારા ... જિનવાણીને૦ ૨
સિંચે ગુરૂજી રાયા, વરસીને વાણીધારા;
સંસાર દાવ કેરા, મીટાવે તાપ સારા ... જિનવાણીને૦ ૩
બુદ્ધિ અગાધ આપે, સિદ્ધાંતના વિચારા;
આનંદ અંગે વ્યાપે, નિસુણી સદા અમારા ... જિનવાણીને૦ ૪
મનના ઝુલા મીટાવે, શંકાઓ ચૂરનારા;
ઝુલાવે ધર્મઝુલે, સંસ્કારો પૂરનારા ... જિનવાણીને૦ ૫
મૈત્રી-પ્રમોદ-કરૂણા, મધ્યસ્થભાવ ભાવે;
અધ્યાત્મ ભાવનાથી, અંતર વિશોધનારા ... જિનવાણીને૦ ૬
ભૂલ્યાને માર્ગે લાવે, શિવપુરપંથ દાખી;
વંદે છે **જંબૂ** એવા, ગુરૂજીને કોટિવારા ... જિનવાણીને૦ ૭

**૩** (જબ તુમ હી ચલે પરદેશ ...)

વિચરંતા દેશ-વિદેશ, દઈ ઉપદેશ, કરતા ઉપકારા,
આવ્યા છે ગુરૂજી અમારા ...
પૂરવનાં પુણ્યો જાગ્યાં છે, સખી જિતનગારાં વાગ્યાં છે;
ભાગ્યા છે મોહની સેનાના અસવારા ... આવ્યા છે૦ ૧



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સૂત્રાર્થની વાચના આપે છે, શ્રદ્ધાને તત્ત્વથી સ્થાપે છે;
સમ્યક્ત્વમોહની મિશ્ર પરિહરનારા... આવ્યા છે૦ ૨
મિથ્યાત્વને દૂર કરનારા છે, કામરાગને જે ત્યજનારા છે;
સ્નેહરાગ ને દષ્ટિરાગ પરિહરનારા... આવ્યા છે૦ ૩
શુદ્ધદેવ-ગુરૂ ઓળખાવે છે, શુદ્ધધર્મ સ્વરૂપ બતાવે છે;
કુદેવ-કુગુરૂ-કુધર્મ પરિહરનારા... આવ્યા છે૦ ૪
જ્ઞાન-દર્શન-ચારિત્ર આદરે છે, વિરાધનાઓ દૂર ટાળે છે;
મન-વચન-કાયાની ગુપ્તિના કરનારા... આવ્યા છે૦ ૫
ત્રણ દંડોને જે ખંડે છે, હાસ્ય-રતિ-અરતિ છંડે છે;
ભય-શોક અને દુગંછા પરિહરનારા... આવ્યા છે૦ ૬
લેશ્યા અશુભ ત્રણ વારે છે, ત્રણ ગૌરવને નિવારે છે;
માયાદિ ત્રણ શલ્યોને દૂર કરનારા... આવ્યા છે૦ ૭
ક્રોધ-માન કષાયને ટાળે છે, માયા ને લોભ નિવારે છે;
ષટ્જીવનિકાયના રક્ષણને કરનારા... આવ્યા છે૦ ૮
મુક્તિનો માર્ગ આરાધે છે, ભવિજનનાં કારજ સાધે છે;
**જંબૂ** કહે વંદુ કોટિ કોટિ વારા... આવ્યા છે૦ ૯

૪ (રાગ- મેરા દિલ તોડનેવાલે, મેરે દિલકી દુવા લેના)

બતાવે પંથ શિવપુરનો, સખી ગુરૂરાજનાં વચનો;
હૃદયમાં ધર્મ પ્રગટાવી, કરે ઉદ્ધાર જીવનનો... બતાવે૦ ૧
વચનમાં શોભતો જેનો, ભર્યો ભંડાર યુક્તિનો;
હઠાવી મોહની માયા, લગાવે રંગ મુક્તિનો... બતાવે૦ ૨
કરે ઉજમાળ જીવનને બતાવી ધર્મ જિનવરનો;
પરમ ઉપકાર અંતરમાં, સદા માનો ગુરૂવરનો... બતાવે૦ ૩
વદનથી નીકળે ધારા, હરે છે સર્વ મલ મનનો;
જીવનમાં શાંતિને સ્થાપી, ચખાડે સ્વાદ ઉપશમનો... બતાવે૦ ૪



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વહે છે જેની વાણીમાં, સદા વૈરાગ્યનાં ઝરણો;
કરાવી પાન અમૃતનું, નિવારે જન્મ ને મરણો ... બતાવે૦ ૫
ભવિજન સાંભળો ભાવે, સુધાવર્ષી ગુરૂવચનો;
જિનેશ્વરધર્મ આરાધી, લહો લહાવો મનુષ્યભવનો ... બતાવે૦ ૬
હરે અજ્ઞાનતિમિર જે, પ્રસારી જ્ઞાનનાં કિરણો;
નમે **જંબૂ** સદા એવા, ગુરૂવરનાં પુનિત ચરણો ... બતાવે૦ ૭

**૫** (રાગ- રાખનાં રમકડાંને)

વીરનાં વયણડાં ગુરૂરાજે, ગુરૂરાજે આજે ભાખ્યાં રે;
મૃત્યુલોકમાં અમૃતરસના, સ્વાદ સખી મેં ચાખ્યા રે ... વીરના૦ ૧
મારૂં તારૂં કોઈ ન જગમાં, ખોટી આશા પકડે;
આ મારૂં આ તારૂં કરીને, જીવો ભવમાં રખડે રે ... વીરના૦ ૨
સત્-ચિત-આનંદ આત્મા સોહે, પુદ્ગલભાવથી અળગો;
આત્મભાવને છોડીને કેમ, પુદ્ગલભાવને વળગો રે ... વીરનાં૦ ૩
જ્ઞાન દર્શન ચારિત્ર ધન છે, ઔર નવિ ધન દુજો;
ચેતનધનને છોડીને કેમ, જડ કંચનને પૂજો રે ... વીરનાં૦ ૪
ક્ષણભંગુર કાયા પાસેથી, ધર્મને સાધી લઈએ;
કાચી માટીની કાયા ઉપર, આસક્તિ નવિ ધરીએ રે ... વીરનાં૦ ૫
મનમાંથી મમતાને કાઢી, સમતા દિલમાં સ્થાપે;
મિથ્યાત્વને દૂર હઠાવી, ગુરૂજી સમકિત આપે રે ... વીરનાં૦ ૬
ગુરૂમુખથી જિનવાણી સુણતાં, વૈરાગ્ય કેરા રંગ ગાયા;
શ્રોતાઓનાં દિલડાં ધર્મના, રંગથકી રંગાયાં રે ... વીરનાં૦ ૭
અવસર દુર્લભ સખી મળ્યો છે, પ્રમાદ કરશો નહીં;
ઘેર બેઠાં આવી છે વ્હેતી, જ્ઞાનની ગંગા અહીં રે ... વીરનાં૦ ૮
એવા ગુરૂનાં ચરણ કમળને, વંદુ ભાવ ધરી;
**જંબૂ** કહે ભવ ભાવઠ ભાગી, ટાળે જે ફેરી રે ... વીરનાં૦ ૯



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૬ (અબ તેરે સિવા કૌન મેરા કૃષ્ણ કનૈયા ...)

સખી આજ મારે પ્રગટ્યા છે, પુણ્ય સિતારા;
ગુરૂરાજ મારા બતલાવે, મુક્તિ કિનારા.
વાગે છે બાલાપુરમાં વાણીની બંસરી, સોહે છે ગુરૂરાજના ગુણોની મંજરી;
અમ અંતરમાં પ્રગટાવે હર્ષ અપારા ... ગુરૂરાજ૦ ૧
સ્યાદ્વાદ સપ્તભંગીની યોજના કરી, સાતે નયોથી પુરી ગંભીરતા ભરી;
વહે છે જેની વાણીમાં તત્ત્વ વિચારા ... ગુરૂરાજ૦ ૨
વાણીની ધાર વરસે ગુરૂરાજ મુખે થી, સંસારતાપ ઠારે ઉદ્ધારે દુ:ખથી;
કરે શુદ્ધ હરી આત્માના કર્મ વિકારા ... ગુરૂરાજ૦ ૩
બોધિનું બીજ સિંચે સુધાની ધારથી, ભવરાનથી ઉતારતા બનીને સારથિ;
જિનવાણી કહી નિત્ય કરે ધર્મપ્રચારા ... ગુરૂરાજ૦ ૪
મારી અભંગ જ્યોતિ કર્મોથી આવરી, અજ્ઞાન દૂર ટાળે પ્રકાશ પાથરી;
પ્રગટાવે જ્ઞાન દીપકની જ્યોતિ હજારા ... ગુરૂરાજ૦ ૫
રંગાયાં દિલ સૌનાં વૈરાગ્યરંગથી, ભાવો વિશુદ્ધ જાગ્યા ગુરૂરાજસંગથી;
કલિકાલે ગુરૂરાજ મારે એક સહારા ... ગુરૂરાજ૦ ૬
એવા ગુરૂનાં ચરણે જોડીને અંજલિ, વંદે છે **જંબૂ** વરવા શિવમાળ મંગલી;
ઉતારે ભવિનૈયા જે પાર કિનારા ... ગુરૂરાજ૦ ૭

૭ (જીવનકી નાવ ન ડોલે ...)

શ્રોતાઓ જુઓ સવિ રે, હાં ગુરૂ ખેલ બતાવે;
ભવનાટક બતાવે, હાં ગુરૂ ખેલ બતાવે.
જિનવરવાણીની, વાંસળી વગાડતા, મોહનો પડદો હઠાવે - હાં ગુરૂ૦
ભવ છે રંગભૂમિ, નટ છે આતમા, મોહનીય કર્મ નચાવે - હાં ગુરૂ૦
રાજા ઘડીકમાં, રંક ઘડીકમાં, ભિન્નભિન્ન વેષ ધરાવે- હાં ગુરૂ૦
કોઈ વાર શ્રીમંત, કોઈ વાર નિર્ધન, ઘેર ઘેર ભીખ મગાવે - હાં ગુરૂ૦
એક ભવે પિતા, ને એક ભવે માતા, પુત્રને પુત્રી બનાવે - હાં ગુરૂ૦
શત્રુને મિત્ર કરે, મિત્રને શત્રુ કરે, ભાઈને ભાઈ લડાવે - હાં ગુરૂ૦



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તિર્યંચ નારકી, દેવ ને માનવ, ગતિઓમાં ફેરા ફરાવે - હાં ગુરૂ૦
એવું મનોહર, નાટક બતાવી, વૈરાગ્ય રંગ લગાવે - હાં ગુરૂ૦
**જંબૂ** કહે એવા, ગુરૂજીને વંદું, નૈયા જે પાર લગાવે - હાં ગુરૂ૦

૮ (મોહનકી મુરલીયાં બાજે ...)

આકોલામાં સખી આજે, ઓ ... શાસનનો ડંકો વાગે;
દેશ-વિદેશમાં નિત્ય વિચરતા, ગુરૂ મારા ઉપકારી;
ભુવનવિજય મહારાજ પધાર્યા, શાસન શોભાકારી;
આનંદ અતિ વર્તાવે. ઓ ... શાસનનો૦ ૧
ઉત્તરાધ્યયન સૂત્રને વાંચે, ગુરૂ મારા જયકારી;
દિવસ દીપે આજ અમારે, આનંદ મંગળકારી;
પ્રભુવીરની વાણી સુણાવે. ... શાસનનો૦ ૨
જિનવાણીનો મંત્ર ઉચ્ચારી, મોહનું ઝેર ઉતારે;
રાગ-દ્વેષને ચાર કષાયો, મોટા ચોર નિવારે;
આત્માનું ધન બચાવે. ... શાસનનો૦ ૩
સંસારરૂપી નગર છે મોટું, લાખ ચોરાશી બજારો;
ભૂલા પડ્યા ત્યાં ભમતાં ભમતાં, હજુ ન આવ્યો આરો;
ગુરૂરાજા માર્ગ બતાવે. ... શાસનનો૦ ૪
જન્મ જરા મૃત્યુ ને આધિ-વ્યાધિ ઉપાધિઓ;
સંસારમાંહિ મોટી વ્હે છે, ચાર ગતિ રૂપી નદીઓ;
નૈયાને પાર લગાવે. ... શાસનનો૦ ૫
સમકિતરૂપી સીડી આપે, શિવમંદિર પર ચડવા;
ધર્મનો ટેકો સ્થાપી ગુરૂજી, ન દે દુર્ગતિ પડવા;
ધર્મનો રંગ લગાવે. ... શાસનનો૦ ૬
અમોઘ વૈરાગ્ય શસ્ત્રને ધરતા, મોહની સાથે લડતા;
મનમંદિરને શુદ્ધ કરીને, ગુણનાં રત્નો જડતા;
આત્માની જ્યોતિ જગાવે. ... શાસનનો૦ ૭



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નિત્ય નિત્ય સખી સુણવા આવો, ગુરૂવર કેરી વાણી;
તન મનના સવિ તાપ મીટાવે, અમૃતરસની ખાણી;
અજ્ઞાન તિમિર હઠાવે.... શાસનનો૦ ૮
લાખ લાખ તુમ ચરણે વંદન, હોજો નિત્ય અમારાં;
**જંબૂ** કહે છે ગુરૂજી સ્વીકારો, કરૂણારસ ભંડારા;
પ્રણમું છું લળી લળી ભાવે.... શાસનનો૦ ૯

## ૯ (દેખી શ્રી પાર્શ્વતણી મૂરતિ અલબેલડી ...)

સુણો સાહેલી સહુ ભાવ ધરીને, ભવજલ તારણહાર રે;
જ્ઞાની ગુરૂ આપે છે દેશના ૧
સાકર-સુધાથી પણ, મીઠી અધિક છે, સુણતાં તૃપ્તિ ન થાય રે - જ્ઞાની૦ ૨
તત્ત્વજ્ઞાનનાં એમાં, ઝરણાં ઝરે છે, તન-મન ઉલ્લસિત થાય રે - જ્ઞાની૦ ૩
ચિત્ત વિશુદ્ધ કરી, ભવ્યજીવોનાં, લગાવે ધર્મતણો રંગ રે - જ્ઞાની૦ ૪
ચૌદ ગુણઠાણનું, સ્વરૂપ કહીને, પ્રગટાવે ગુણરાગ રે - જ્ઞાની૦ ૫
માર્ગાનુસારીના, ગુણો બતાવી, માર્ગે ચડાવે ગુરૂરાજ રે - જ્ઞાની૦ ૬
રંગ લગાવે છે, ચોલ મજીઠ સમ, સમકિત શુદ્ધ પમાય રે - જ્ઞાની૦ ૭
મહાવ્રતધારી, જગહિતકારી, બતાવે શિવપુરવાટ રે - જ્ઞાની૦ ૮
**જંબૂ** કહે એવા, ગુરૂજીને વંદું, ભાવથી ક્રોડ ક્રોડ વાર રે - જ્ઞાની૦ ૯

## ૧૦ (જબ તુમ હી ચલે પરદેશ ...)

જ્ઞાની ગુણગણગંભીર, ગિરિસમ ધીર, ગુરૂરાજ અમારા;
વરસે છે વાણીધારા. ૧
ગુરૂમુખથી વાણી વરસે છે, સુણી ભવિજન ચાતક હરસે છે;
કરી શાંતસુધારસપાન મધુર ઉદારા, વરસે છે વાણીધારા. ૨
ગુરૂ બોધ મહામૂલ આપે છે, ઘટ અંતર સમકિત સ્થાપે છે;
મિથ્યાત્વ હરી કરતા અમ આત્મઉદ્ધારા, વરસે છે વાણીધારા. ૩



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જીવાજીવભેદ બતાવે છે, પુણ્યપાપ સ્વરૂપ જાણાવે છે;
વર્ણવતા આશ્રવ બેંતાલીશ પ્રકારા, વરસે છે વાણીધારા. ૪
સંવરનો ભાવ જગાવે છે, કર્મોના બંધ છોડાવે છે;
કહે નિર્જરાહેતુ તપના બાર પ્રકારા, વરસે છે વાણીધારા. ૫
મુક્તિના માર્ગે વાળે છે, રાગાદિક દોષો ટાળે છે;
ભવિજનહિતચિંતક પરદુ:ખભંજનકારા, વરસે છે વાણીધારા. ૬
ગુરૂ પંચમહાવ્રતધારી છે, ક્રોધાદિકના પરિહારી છે;
અતિચાર ત્યજી વ્રત પાલે નિરતિચારા, વરસે છે વાણીધારા. ૭
ગુરૂ જ્ઞાનગંગામાં ઝીલે છે, ભવભવનાં પાતક પીલે છે;
નિજ આત્મરમણતામાંહિ સદા રમનારા, વરસે છે વાણીધારા. ૮
જિનરાજની આણા શિર ધરે, જિનશાસનનો જયકાર કરે;
એવા ગુરૂને નમે **જંબૂ** કોટિવારા, વરસે છે વાણીધારા. ૯

**૧૧** (બિગડી બનાનેવાલે બિગડી બના દે ...)

જ્ઞાની ગુરૂજી બેની, વાણી સુણાવે ...
નૈયા અમારી પાર લગાવે ...
સમ્યગ્દર્શન, જ્ઞાન ને સંયમ, મુક્તિતણો એ માર્ગ બતાવે. નૈયા૦ ૧
મિથ્યાત્વમોહની, દૂર નિવારી, ધર્મની સાચી પ્રીતિ જગાવે. નૈયા૦ ૨
શાસ્ત્રની સુંદર, વાતો સુણાવી, જ્ઞાનદીપકની જ્યોતિ જલાવે. નૈયા૦ ૩
ઉપદેશ આપી, મોહને ટાળી, સંયમકેરો રંગ લગાવે. નૈયા૦ ૪
ધર્મ જ સાચો, જગમાં છે તારક, ભવભવમાંહિ સુખી બનાવે. નૈયા૦ ૫
દુર્ગતિમાંહિ, પડતાં બચાવી, સદ્ગતિ ઉપર ધર્મ ચડાવે. નૈયા૦ ૬
ભવિજન જાગો, નિંદને ત્યાગો, ધર્મતણો ગુરૂ ઘંટ બજાવે. નૈયા૦ ૭
ધર્મમાં જોડી, ગુરૂજી અનાદિ, ભવભ્રમણાની ફેરી મિટાવે. નૈયા૦ ૮
એવા ગુરૂના, ચરણ કમળમાં, નિતનિત **જંબૂ** શિર નમાવે. નૈયા૦ ૯



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ૧૨ (તુમ મુઝકો ભૂલ જાઓ, અબ હમ ન મીલ સકેંગે)

ગુરૂરાજ કેરી વાણી, સજની સુણો ઉમંગે ...
આત્માની જ્યોતિ જાગે, જ્ઞાની ગુરૂજી સંગે ...
વીતરાગકેરી વાણી, વિરલા મનુષ્ય પાવે;
એવી અમૂલ્ય વાણી, ગુરૂજી સદા સુણાવે;
વૈરાગ્યરંગે રંગે, આનંદ વ્યાપે અંગે. ગુરૂરાજ૦ ૧
સંસારકેરી ગુરૂજી, બતલાવે જૂઠી માયા;
હું મારૂં તારૂં કરતા, ફોગટ જીવો ફસાયા. વૈરાગ્યરંગે૦ ૨
વાગે છે માથે નોબત, યમરાજકેરી હરદમ;
સાધી લો ધર્મ નહીંતર, અણધાર્યો આવશે યમ. વૈરાગ્યરંગે૦ ૩
માયા-મુડી ત્યજી અહીં, પડશે થવું રવાના;
અસ્થિર રંગ રાગો, ક્ષણમાં ઉડી જવાના ... વૈરાગ્યરંગે૦ ૪
પ્રગટાવે જ્ઞાનદીપક, અંધારૂં દૂર ભાગે;
લાવે છે આત્મસન્મુખ, અધ્યાત્મભાવ જાગે. વૈરાગ્યરંગે૦ ૫
સંસારદાવાનલના, સંતાપને બુઝાવે;
દુ:ખિયા જીવોના દિલમાં, લાગેલા ઘા રૂઝાવે. વૈરાગ્યરંગે૦ ૬
કરી ધર્મપ્રેરણાને, ઉજ્જવલ જીવન બનાવે;
ગુરૂ કલ્પવૃક્ષ જેવા, શિવમાર્ગને બતાવે ... વૈરાગ્યરંગે૦ ૭
સહતા પરિષહોને, સંયમ વિશુદ્ધ પાલે;
જે આત્મજ્ઞાનકેરા, આનંદમાંહિ મ્હાલે ... વૈરાગ્યરંગે૦ ૮
ડૂબતી ભવોદધિમાં, નૈયા જે તારનારા;
એવા ગુરૂને **જંબૂ** વંદે છે કોટિવારા ... વૈરાગ્યરંગે૦ ૯

## ૧૩ (આ તો લાખેણી આંગી કહેવાય ...)

આ તો લાખેણી વાણી કહેવાય, જ્ઞાની ગુરૂવરની;
સુણી સાજનનાં દિલ હરખાય, જ્ઞાની ગુરૂવરની;
ગુરૂમુખમાંથી અણમોલાં વચનો ખરે, જાણે શાંતસુધારસ ઝરણાં ઝરે;



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સંસારના તાપો શમાય ... જ્ઞાની ગુરૂવરની૦ ૧
ગુરૂ આગમની ગંભીર વાતો કહે, જ્ઞાનસુગંધી વાણીમાં મહમહે;
ચિત્ત આનંદથી ઉભરાય ... જ્ઞાની૦ ૨
ગુરૂવાણી છે સુંદર દષ્ટાંતે ભરી, સુણે શ્રોતાઓ અતિ ઉત્સાહ ધરી;
જ્ઞાનગંગાના જલમાં ઝીલાય ... જ્ઞાની૦ ૩
ગુરૂ જ્ઞાનના મોટા ખજાના મળ્યા, કલ્પવૃક્ષ ઘર આંગણે આજે ફળ્યા;
આ તો જંગમતીર્થ કહેવાય ... જ્ઞાની૦ ૪
ગુરૂવાણીમાં વૈરાગ્ય વ્હેણો વહે, તત્ત્વવિવેચનાથી જે ગહગહે;
જ્ઞાનદીપક હૃદયે પ્રગટાય ... જ્ઞાની૦ ૫
એવા ગુરૂવરનાં વચનોને દિલમાં ધ્યાવો, નિત્ય સાહેલી ગુરૂમંદિરીયે આવો;
વ્યાખ્યાનો સુંદર વંચાય ... જ્ઞાની૦ ૬
ગુરૂ પાલે છે સંયમ વિશુદ્ધમતિ, આત્મજ્ઞાનમાં જેની છે નિત્ય રતિ;
રાગ-દ્વેષથી નવિ લેપાય ... જ્ઞાની૦ ૭
જે જિનવરની આણાને શિરે વહી, તરે પોતે ને તારે બીજાંને સહી;
**જંબૂ** વંદે એવા ગુરૂપાય ... જ્ઞાની૦ ૮

**૧૪** (દેખી શ્રી પાર્શ્વતણી મૂરતિ અલબેલડી)

ભાગ્યઉદય થયો આજ અમારો, પુણ્યે પધાર્યા ગુરૂરાય રે;
આંગણીયે અવસર આનંદનો૦ ૧
ગામ-નગર-પુર, પાવન કરતા, પધાર્યા બાલાપુરમાંય રે. આંગણીયે.
ગહુંલીમાં મોતીતણા, સાથીયા રચાવો; લેજો અક્ષતથી વધાય રે ... આંગણીયે૦ ૨
વાણીસુધારસ, પાન કરંતા; અંતરના તાપ શમાય રે ... આંગણીયે૦ ૩
વૈરાગ્યવાહિની, દેશનાથી સિંચે; ચિત્ત પ્રફુલ્લિત થાય રે. આંગણીયે૦ ૪
ધર્મપ્રભાવના, કરતા ગુરૂજી; ધર્મના ધોરી કહાય રે ... આંગણીયે૦ ૫
પગલે પગલે જેના, નિધિ વસે છે; ભવિજન આનંદદાય રે. આંગણીયે૦ ૬
ડંકો વાગ્યો છે સખી, જૈન શાસનનો; ધ્વજપતાકા ફરકાય રે. આંગણીયે૦ ૭
**જંબૂ** કહે નિત્ય, ભક્તિથી વંદુ; એવા ગુરૂજીના પાય રે. આંગણીયે૦ ૮



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**૧૫** (જીવનકી નાવ ન ડોલે ...)

આનંદ વ્યાપે સખી રે, હાં ગુરૂ ધર્મ બતાવે,
જીવન ઉજમાળ બનાવે, હાં ગુરૂ ધર્મ બતાવે;
વૈરાગ્યવાહિની, દેશના સુણાવતા; જ્ઞાનની ગંગા વહાવે - હાં ગુરૂ૦ ૧
સ્યાદ્વાદ બાગમાં, ષટ દર્શનના; પશુઓને જેહ ચરાવે - હાં ગુરૂ૦ ૨
ઉપશમતલવારથી, ક્રોધને મારતા; ક્ષમાભંડાર કહાવે - હાં ગુરૂ૦ ૩
માર્દવવજ્રથી, માનગિરિ ભેદતા; મદોને આઠ હઠાવે - હાં ગુરૂ૦ ૪
આર્જવભાવથી, માયા નિવારતા; સરલ ચિત્ત ધરાવે - હાં ગુરૂ૦ ૫
સંતોષ સેતુ કરી, લોભસાગર તરી; આત્માને શુદ્ધ બનાવે - હાં ગુરૂ૦ ૬
મોહને તરવા, સમકિત શીલ બે; હસ્તમાં તુંબ ધરાવે - હાં ગુરૂ૦ ૭
અષ્ટ પ્રવચનની, માતાને પાલતા; સાચા એ પુત્ર કહાવે - હાં ગુરૂ૦ ૮
**જંબૂ** કહે એવા, ગુરૂજીને વંદું; નૈયા જે પાર તરાવે - હાં ગુરૂ૦ ૯

**૧૬** (રૂમઝુમ વરસે બાદરવા ...)

ગુરૂવરમુખથી જિનવરની, વાણી સુણી સુખ પાઉં,
ગુરૂગુણ ગાઉં ગાઉં, ગુરૂગુણ ગાઉં ...
પીયૂષરસ ઝરતી સખી પાવનકારી હો કારી હો,
ભવદાવાનલતાપ મીટાવણહારી હો હારી હો;
વાણી શિવસુખકારી રે, સુણી મનમાં હરખાઉં,
ગુરૂગુણ ગાઉં ગાઉં, ગુરૂગુણ ગાઉં. ગુરૂવર૦
દશદષ્ટાંતે દુર્લભ નરભવ પામી હો પામી હો;
મિથ્યાભાવ અનાદિકેરા વામી હો વામી હો;
શંકાદિ દોષો ત્યજી રે, સમકિતરત્ન દીપાવું,
ગુરૂગુણ ગાઉં ગાઉં, ગુરૂગુણ ગાઉં. ગુરૂવર૦
ચિત્ત પ્રફુલ્લ કરે ભવિજનહિતકારા હો કારા હો,
ગુરૂવરમુખથી વરસે વાણીધારા હો ધારા હો;
ઉત્કંઠા મનમાં ધરીરે, ચાતક બનીને પીઉં,



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગુરૂગુણ ગાઉં ગાઉં, ગુરૂગુણ ગાઉં. ગુરૂવર૦
ભવ્યજીવોને માર્ગ બતાવી તારે હો તારે હો,
દુર્ગતિમાંહિ પડતાં ગુરૂજી ધારે હો ધારે હો;
સદ્‌ગતિમાં પ્હોંચાડે રે, અંતરમાંહિ ધ્યાવું,
ગુરૂગુણ ગાઉં ગાઉં, ગુરૂગુણ ગાઉં. ગુરૂવર૦
ભક્તિ વિનય બહુમાન હૃદયમાં ધારી હો ધારી હો,
**ભુવનવિજય** ગુરૂરાજ નમું ઉપકારી હો કારી હો;
**જંબૂ** કહે ગુરૂચરણે રે, હર્ષે શીષ નમાવું,
ગુરૂગુણ ગાઉં ગાઉં ગુરૂગુણ ગાઉં. ગુરૂવર૦

**૧૭** (પારેવડા જાજે વીરાના દેશમાં)

નિત્યનિત્ય કરીએ ગુરૂજીને વંદના,
વંદના પાપનિકંદના ... હો નિત્યનિત્ય૦
પંચ આચાર વિશુદ્ધ જે પાળે, કાઢે કર્મોની નિકંદના - નિત્ય૦
ક્રોધ ત્યજી સમતારસ ઝીલે, જાણે એ શીતલ ચંદના - નિત્ય૦
બાવીશ પરિષહ નિત્ય સહે પણ, કરે નહીં આક્રંદના - નિત્ય૦
અઢાર સહસ શીલાંગનાં ધોરી, વહે છે ધર્મના સ્યંદના - નિત્ય૦
પંચસમિતિ ત્રણ ગુપ્તિએ ગુપ્તા, ન કરે કોઈની નિંદના - નિત્ય૦
ધર્મધ્યાનમાંહિ નિત્ય રમે જે, કરતા આત્માની ચિંતના - નિત્ય૦
ભવઅટવીમાં ભૂલ્યા જીવોને, દર્શક શિવપુરપંથના - નિત્ય૦
**જંબૂ** કહે એવા ગુરૂજીને વંદું, ટાળે સંસાર વિડંબના - નિત્ય૦

**૧૮** (તૂં મેરા ચાંદ મૈં તેરી ચાંદની, ઓ ...)

ગુરૂ કહે વાણી સખી અમીસારખી, ઓ ...
કરો ધર્મ કમાણી, થોડી જીંદગી, થોડી જીંદગી,
ફરી ફરીને જન્મવું-મરવું, એ સંસારની રીત હાં હાં ..
જન્મ-મરણનો ફેરો ટાળે, ટાળે ભવની ભીત ... ગુરૂ કહે૦ ૧



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પંથ ભૂલેલા જીવો જગમાં, રખડે આ સંસાર;
સાચા સુખનો માર્ગ બતાવી, કરે ગુરૂ ઉદ્ધાર. ગુરૂ કહે૦ ૨
જૈનધર્મનું મૂળ વિનય છે, વિનય વડો સંસાર;
ક્ષમાગુણ છે પ્રધાન તેમાં, ઉપશમરસ છે સાર ... ગુરૂ કહે૦ ૩
પરમાતમપદનાં અતિદુર્લભ, અંગ કહ્યાં છે ચાર;
તેમાં પહેલું અંગ કહ્યું છે, માનવનો અવતાર. ગુરૂ કહે૦ ૪
ધર્મશ્રવણ છે અંગ બીજું, ત્રીજું સમકિતસાર;
શ્રદ્ધા શ્રી જિનવરવચનોની, ચોથું છે આચાર. ગુરૂ કહે૦ ૫
એમ શ્રીજિનવરદેવે ભાખ્યું, ઉત્તરાધ્યયન મોઝાર;
નિત્યનિત્ય સખી દિલમાં ધારો, શાસ્ત્રતણો એ સાર. ગુરૂ કહે૦ ૬
એવા ગુરૂનાં ચરણકમળમાં, વંદું કોટિવાર;
**જંબૂ** કહે જે ભવસાગરમાં, નાવ લગાવે પાર ... ગુરૂ કહે૦ ૭

**૧૯** (જબ તુમ હી ચલે પરદેશ ...)

જિનશાસનના શિરતાજ, ગુરૂ **મહાત્મા, ધન્ય ભાગ્ય** અમારાં,
મળિયા છે તારણહારા. ૧
ભવભવસંતાપ નિવારે છે, ભવિજનનાં દિલડાં ઠારે છે;
આપી ઉપદેશ રસાલા સુધા ઝરનારા ... મળિયા છે૦ ૨
જલ તત્ત્વપ્રીતિકર આપે છે, રગરગમાં શ્રદ્ધા વ્યાપે છે;
પ્રગટાવી સમકિતદીપ હરે અંધારા ... મળિયા છે૦ ૩
સુણી શ્રોતાનાં દિલ ડોલે છે, વિવેકની ચક્ષુ ખોલે છે;
આપે ભોજન પરમાન્નતણું સુખહિતકારા. મળિયા છે૦ ૪
જિનવાણી શલાકા હાથ લહી, સંસાર અસાર સ્વરૂપ કહી;
કરે અંજન વિમળાલોકતણું હિતકારા ... મળિયા છે૦ ૫
ગુરૂ જ્ઞાનગુણે ભરપુરા છે, સંયમ પાલનમાં શૂરા છે;
કરે મોહસુભટની સેનાના સંહારા ... મળિયા છે૦ ૬



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉપશમથી ક્રોધ નિવારે છે, મદ આઠ મહામુનિ વારે છે;
માયા ને લોભ કષાય પરિહરનારા ... મળિયા છે૦ ૭
ભવભ્રમણાથી ઉગારે છે, ભવજલથી પાર ઉતારે છે;
નિવારે છે ગતિચારતણી ઘટમાળા ... મળિયા છે૦ ૮
દેવ-ગુરૂ-ધર્મનું શરણ કરો, વીતરાગની વાણી દિલ ધરો;
**જંબૂ** કહે અંતર પાવન થાય અમારાં ... મળિયા છે૦ ૯

## ૨૦ (લાખ લાખ દીવડાની આરતી ઉતારજો ...)

લાખ લાખ બોધભરી વાણી સુણાવજો,
વચનો તમારાં ગુરૂરાય ... વરસે છે વૃષ્ટિ આનંદની.
અંતરતિમિર હરી જ્યોતિ પ્રગટાવજો, જ્ઞાનપ્રકાશ ફેલાય ... વરસે છે૦
મિથ્યાત્વવાસનાનાં મૂલો ઉખાડજો, સમકિત સુખડીનો સ્વાદ ચખાડજો;
શ્રોતાનાં દિલડાં હરખાય ... વરસે છે૦ ૧
ક્રોધભુજંગતણું વિષ ઉતારજો, દિલમાં ક્ષમાનાં ઝરણાં ઝરાવજો,
સમતાસાગરમાં ઝીલાય ... વરસે છે૦ ૨
મનમંદિરમાંથી માન હઠાવજો, વિનયનો દીવો હૃદયે પ્રગટાવજો,
વિવેકનયનો ખોલાય ... વરસે છે૦ ૩
માયાને દૂર કરી સરલ બનાવજો, ધર્મનાં બીજો હૃદયમાં વાવજો,
ચિત્ત પ્રફુલ્લિત થાય ... વરસે છે૦ ૪
લોભને દૂર કરી સંતોષ સ્થાપજો, સંસારવૃક્ષનાં મૂલોને કાપજો,
શાશ્વતા સુખો પમાય ... વરસે છે૦ ૫
ભવઅનંતના તાપ શમાવજો, ધર્મની ભાવના દિલમાં જગાવજો,
સંસાર પાર તરાય ... વરસે છે૦ ૬
જ્ઞાનનો દીવો દિલમાં પ્રગટાવજો, આત્મઆનંદની લ્હેરો લ્હેરાવજો,
**જંબૂ**ના ભવદુ:ખ જાય ... વરસે છે૦ ૭



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૨૧ (કભી યાદ કરકે ગલી પાર કરકે ...)

ભક્તિભાવ ધરીને, બહુમાન કરીને,
સખી કરીએ ગુરૂને વંદના ...
શિરે કર ધરીને, પ્રણિપાત કરીને,
સખી કરીએ ગુરૂને વંદના ...
આત્મારામી છે, મુક્તિના રાગી,
ગુણાનુરાગી, સંસારત્યાગી ... મુક્તિના રાગી;
જલકમલની પરે, ભાવ નિર્લેપ ધરે ... સખી કરીએ૦ ૧
વિદ્યાવ્યાસંગી, સંયમના રંગી,
ચારિત્રપાલનમાં, નિત્ય ઉમંગી ... સંયમના રંગી;
જ્ઞાનગંગામાં ઝીલે, પાપ કર્મોને પીલે ... સખી કરીએ૦ ૨
સર્વ જીવો પર મૈત્રીને ભાવે,
ગુણાનુરાગી સહજ સ્વભાવે ... મૈત્રીને ભાવે;
મન કરૂણા ધરે, ભાવ મધ્યસ્થ વરે ... સખી કરીએ૦ ૩
ગુરૂ છે ઉત્તમ ગુણોના ધારક,
બિરૂદ ધરાવે સુંદર તારક ... ગુણોના ધારક;
દેશ-વિદેશ ફરે, ઉપકારને કરે ... સખી કરીએ૦ ૪
શ્રી જિનરાજની, આજ્ઞાના ધારી,
મહાવ્રતધારી જગહિતકારી ... આજ્ઞાના ધારી;
શાસનશોભા વધારે, ભવિજીવ ઉગારે ... સખી કરીએ૦ ૫
ઉપદેશ આપે શિવસુખકારા,
ગંભીરધ્વનિથી ગુરૂ જલધારા ... શિવસુખકારા;
વાણી સુધા વરસે, ભવિચાતક હરસે ... સખી કરીએ૦ ૬
**જંબૂ** કહે ગુરૂ વાણીને સુણીએ,
આંતરશત્રુના જોરને હણીએ ... વાણીને સુણીએ;
આત્મજ્યોતિ પ્રગટે, મોહ તમ વિઘટે ... સખી કરીએ૦ ૭



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ૨૨ (જીવનકી નાવ ન ડોલે ...)

અમૃતની ધાર સમી રે, હાં ગુરૂ વાણી સુણાવે,
ધન્યઘડી આજ સખી રે, હાં ગુરૂ વાણી સુણાવે;
શાસ્ત્રદીપક ધરી, જ્ઞાનપ્રકાશ કરી; મોહતિમિર હઠાવે - હાં ગુરૂ૦ ૧
સમકિત મૂલ છે, જિનવર ધર્મનું; દેવ-ગુરૂ-ધર્મ બતાવે - હાં ગુરૂ૦ ૨
આશ્રવને રોધવા, કર્મોને શોધવા; વ્રતસ્વરૂપ જણાવે - હાં ગુરૂ૦ ૩
સમ્યક્ત્વ પાયો કરી, વ્રતોનો મ્હેલ ચણી; અંદર ભવિને વસાવે - હાં ગુરૂ૦ ૪
રંગીલી વાતો કહી, ધન્યચરિત્રની; શ્રોતાને મુગ્ધ બનાવે - હાં ગુરૂ૦ ૫
મોહની નિંદ હરી, દિલમાં વિવેક ભરી; સુતા સંસારી જગાવે - હાં ગુરૂ૦ ૬
શાંતરસદેશના, જેના ઉપદેશમાં; અંતરની આગ બુઝાવે - હાં ગુરૂ૦ ૭
દેશ-વિદેશ ફરી, ધર્મપ્રચાર કરી; શાસનનો ડંકો બજાવે - હાં ગુરૂ૦ ૮
**જંબૂ** કહે એવા, ગુરૂજીને વંદું, ભવસિંધુ પાર તરાવે - હાં ગુરૂ૦ ૯

## ૨૩ (પંછી બાવરીયા ...)

ગુરૂજી ગુણભરિયા, વૈરાગ્યરંગ લગાવે,
ઉપદેશ નિત કરતા, ધર્મની શ્રદ્ધા જગાવે;
ગુરૂજી મળ્યા છે સખી જ્ઞાન ખજાના, સુણાવે જિનવરવેણ મજાનાં,
આનંદસરિતા વહાયા રે .. ગુરૂજી૦ ૧
મારૂં તારૂં મંત્ર એ મોટો, મોહરાજાનો જગમાં ખોટો;
મોહતિમિર હઠાયા રે ... ગુરૂજી૦ ૨
દુર્લભ માનવભવ વહી જાયે, આયુષ્ય પલપલ ઓછું થાયે;
લઈ લો ધર્મસહાયા રે ... ગુરૂજી૦ ૩
આર્તરૌદ્રધ્યાન ત્યજીને, સુખ પામે જીવ ધર્મ કરીને;
ધર્મધ્યાન જગાયા રે ... ગુરૂજી૦ ૪
આત્માકેરી જ્યોતિ જગાવે, અજ્ઞાનતિમિર દૂર હઠાવે;
જ્ઞાનામૃત પીલાયા રે ... ગુરૂજી૦ ૫



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શિવપુરનો ગુરૂ પંથ બતાવે, ભૂલ્યા જીવોને માર્ગે લાવે;
સમકિત દીપ જગાયા રે ... ગુરૂજી૦ ૬
જ્ઞાન-દર્શન-ચારિત્રમાં રાચો, મુક્તિપુરીનો માર્ગ એ સાચો;
ખોટી છે મમતા માયા રે ... ગુરૂજી૦ ૭
આંગણે સુરતરૂ આજ ફળ્યો છે, ગુરૂનો દુર્લભ યોગ મળ્યો છે;
જંગમતીર્થ પધાર્યા રે ... ગુરૂજી૦ ૮
**જંબૂ** કહે એ ગુરૂને વંદું, ભવ અનાદિ પાપ નિકંદું;
પાર લગાવે નૈયા રે ... ગુરૂજી૦ ૯

**૨૪** (નેમજીએ મોકલી માળા ગુલાબની ...)

ગુરૂજીએ ભાખી વાણી વીતરાગની,
આનંદ આનંદ કરતી, વૈરાગ્યરસ ઝરતી, જગાવતી જ્યોતિ અંતરમાં;
ભર્યો છે વાણીમાં બોધ અપાર, ધારો ને સજની હૃદયમોઝાર;
સમકિતરંગમાં રોલે, હૃદયપટ ખોલે, દિલડાં ડોલે સાજનનાં. ગુરૂજીએ૦
જ્ઞાનકિરણોનો કરે પ્રસાર, અજ્ઞાનનો દૂર હરે અંધકાર;
જીવનમાં ધર્મને સ્થાપે, પડળને કાપે, ચક્ષુઓ આપે વિવેકનાં ગુરૂજીએ૦
ગુરૂજી ભાખે છે અસ્થિર સંસાર, સ્વાર્થી મળ્યો છે સહુ પરિવાર;
મોહનું ઝેર ઉતારે, ભવોદધિ તારે, લાવે કિનારે સંસારના. ગુરૂજીએ૦
મોહમાયામાં રંગાયા અપાર, જીવો ભમે ભવરાન મોઝાર;
શિવપુર પંથ બતાવે, મિથ્યાત્વ હઠાવે, ભૂલ્યાને લાવે છે માર્ગમાં. ગુરૂજીએ૦
આવોને સજની ગુરૂજીને દ્વાર, આવ્યા છે ગુરૂજી તારણહાર;
દુર્લભ દુર્લભ જાણી, ગુરૂજીની વાણી, ઉતારો ભવિપ્રાણી હૃદયમાં. ગુરૂજીએ૦
વંદે છે જંબૂ કોટિકોટિવાર, ભક્તિ હૃદયમાં ધરી અપાર;
ગુરૂ છે સાચા જ્ઞાની, નિરંતર ધ્યાની, નૈયાના સુકાની છે તારણહાર. ગુરૂજીએ૦

**૨૫** (દેખી શ્રી પાર્શ્વતણી મૂરતિ અલબેલડી ...)

સુંદર મળી છે સખી ગુરૂજીની દેશના,
સુણતાં ભવદુ:ખ જાય રે, આજ મારે દિવસ આનંદનો;



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અર્થગંભીરી અને શ્રવણે મધુરી; રસ ઝરંતી અમીધાર રે. આજ મારે૦
નવીનવી શાસ્ત્રોની, વાતો સુણાવે; અચરિજ અનુપમ થાય રે. આજ મારે૦
દ્રવ્યાનુયોગતણા, સૂક્ષ્મ વિષયને; સુંદર ઠસાવે ચિત્તમાંય રે. આજ મારે૦
વાતો સમજાવે છે, કર્મતણી ભારી, ગાજંતા જાણે જલધાર રે. આજ મારે૦
આત્મા ઉજ્જવલ કરે, મનને પખાલી; જ્ઞાનગંગામાં ઝીલાય રે. આજ મારે૦
દેવ-ગુરૂ-ધર્મની, દુર્લભ સામગ્રી; મળી છે અતિ મનોહાર રે. આજ મારે૦
મૂકી પ્રમાદ સખી, વ્યાખ્યાને આવી, સુણો ગુરૂજીની વાણ રે. આજ મારે૦
**જંબૂ** કહે એવા, ગુરૂજીને વંદું, ચરણોમાં શીષ નમાય રે. આજ મારે૦

૨૬ (પારેવડા જાજે વીરાના દેશમાં ...)

નિત્યનિત્ય સુણીએ ગુરૂજીની દેશના,
ધોધ વહે છે ઉપદેશના. હો નિત્યનિત્ય૦ ૧
ઉપદેશ અમૃતનું પાન કરંતા, તાપ શમે ભવક્લેશના - નિત્ય૦ ૧
સુંદર શૈલીથી ગુરૂજી બતાવે, ભાવો સંસારનિવેશના - નિત્ય૦ ૨
કષ્ટ અનેક સહી ધર્મ ફેલાવતા, લોકોમાં દેશ-વિદેશના - નિત્ય૦ ૩
સંવરભાવમાં જીવને સ્થાપી, નિવારે કર્મ પ્રવેશના - નિત્ય૦ ૪
આંતરશત્રુની સેના હઠાવે, સૈનિક વીર જિનેશના - નિત્ય૦ ૫
પ્રકાશ પાથરે જ્ઞાનકિરણનો, ઉપમાધારી દિનેશના - નિત્ય૦ ૬
ગુરૂવરવાણી ઔષધસેવનથી, વિકારો જાય રાગ-દ્વેષના - નિત્ય૦ ૭
દુર્લભગુરૂયોગ પામી સાહેલી, ગુમાવી દેશો લેશ ના - નિત્ય૦ ૮
**જંબૂ** કહે એવા ગુરૂજીને વંદું, કરે જે આત્મગવેષણા - નિત્ય૦ ૯

૨૭ (મોહનકી મુરલીયાં બાજે ...)

ગુરૂમંદિરે વીણા વાગે, ઓ ... ગુરૂવાણી મનોહર લાગે.
સૂતા સંસારી લોકોને, દઇ ઉપદેશ જગાડે,
કાળ અનાદિકેરી મોહની, નિદ્રા દૂર ભગાડે,
જલધર જિમ ગંભીર ગાજે. ઓ ... ગુરૂવાણી૦ ૧



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જીવનને પાવન કરનારી, જિનવાણીને સુણાવે,
જ્ઞાન ખજાના ગુરૂ મહારાજા, શાસ્ત્રની વાત જણાવે,
સંશયો મનના ભાંજે. ઓ ગુરૂવાણી૦ ૨
અનિત્યભાવ બતાવી ગુરૂજી, વૈરાગ્યરંગ લગાવે,
પુદ્‌ગલવાસના દૂર હઠાવી, આધ્યાત્મિક બનાવે,
આનંદ અતિશય આજે. ઓ ... ગુરૂવાણી૦ ૩
શરણું કોઈ જ નથી જગતમાં, અશરણભાવ બતાવે,
ભવભવમાંહિ સુખ કરનારા, ધર્મનું શરણ કરાવે,
દુર્ગતિથી બચવા કાજે. ઓ ... ગુરૂવાણી૦ ૪
એકસ્થાનથી બીજે સ્થાને, રખડે જીવ સંસારે,
શિવપુરકેરો માર્ગ બતાવી, ભવભ્રમણા નિવારે,
ઉપદેશે મધુર અવાજે. ઓ ... ગુરૂવાણી૦ ૫
કર્યાં કર્મ જીવ એકલો ભોગવે, નહીં કોઇ બીજો ભાગી,
જીવ જુદા છે કર્મ જુદાં છે, ઉપદેશે ગુરૂ ત્યાગી,
ભવિજનના હિતને કાજે. ઓ ... ગુરૂવાણી૦ ૬
વિસ્તારે એમ ગુરૂજી સુંદર, ભાવનાઓને સુણાવે,
ગુરૂવાણીની સુણી બંસરી, શ્રોતા શિર ધુણાવે,
શાસનનો ડંકો બાજે. ઓ ... ગુરૂવાણી૦ ૭
સંવત બે હજાર ને છનું, વર્ષ છે આનંદકારી,
આકોલામાં રહી ચોમાસું, પ્રતિબોધ્યાં નરનારી,
ભુવનવિજય ગુરૂરાજે. ઓ ... ગુરૂવાણી૦ ૮
જંબૂ કહે એવા ગુરૂ વંદું, જે જગજનહિતકારી,
દૂર કરે અજ્ઞાન તિમિરને, જ્ઞાનપ્રકાશ પસારી,
થયો ભાગ્યનો ઉદય આજે. ઓ ગુરૂવાણી૦ ૯

**૨૮ (દુહા)**

દેશના દે જિનવાણીની, ગુરૂજી અતિ મનોહાર;
આનંદને વરસાવતી, જાણે અમૃતધાર. ૧



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પૂર્વ પુણ્યના યોગથી મળિયા તારણહાર;
આરાધી જિનધર્મને, કરો સફળ અવતાર. ૨
(આવો આવો દેવ, મારાં સૂનાં સૂનાં દ્વાર;)
આવો આવો બ્હેન, મીઠાં મીઠાં ગુરૂનાં વેણ;
ધારો હૃદય મોઝાર.
દશદૃષ્ટાંતે દુર્લભ મળિયો, માનવનો અવતાર;
દેવ ગુરૂને ધર્મતણી મળી, સામગ્રી મનોહાર .. ધારો૦ ૧
લાખચોરાશી યોનિમાંહિ, ફરતાં આવ્યો ન પાર;
કર્યાં કર્મને ભોગવતો જીવ, રખડે આ સંસાર ... ધારો૦ ૨
ભવાભિનંદી જીવો દુ:ખને, પામે ઠામોઠામ;
સાચા સુખનું સ્થાન બતાવે, ગુરૂજી શિવપુર ધામ ... ધારો૦ ૩
સર્વ જીવોના સુખને ઈચ્છો, રાખી સાચો ભાવ;
મૈત્રીભાવ વસાવો દિલમાં, દૂર કરી પરભાવ ... ધારો૦ ૪
પક્ષપાત નિત ગુણનો કરતાં, જાયે અવગુણ દૂર;
પ્રમોદભાવના દિલમાં આણો, ઉલટે આનંદ પૂર ... ધારો૦ ૫
દીન અને દુ:ખિયા લોકો પર, રાખો કરૂણાભાવ;
સુખ પ્રિય છે સર્વ જગતને, જુઓ આત્મસ્વભાવ ... ધારો૦ ૬
પરના દોષો પ્રત્યે મનમાં, ધરો ઉપેક્ષાભાવ;
ગુણગ્રાહી બની સ્થાપો દિલમાં મધ્યસ્થ સ્વભાવ ... ધારો૦ ૭
પંચમહાવ્રતપાલનહારી, ગુણગણના ભંડાર;
ગુરૂજી બતાવે ભવ્યજીવોને, સાચા સુખનું દ્વાર ... ધારો૦ ૮
એવા ગુરૂનાં ચરણો વંદું, કોટિ કોટિવાર,
**જંબૂ** કહે જે નાવ અમારી, ઉતારે ભવપાર ... ધારો૦ ૯

**૨૯** (રાગ-જીયા બેકરાર હૈ, છાઈ બહાર હૈ ...)

ગુરૂજી ગુણભંડાર છે, સાચા તારણહાર છે,
પ્રભુ મહાવીરના, શાસનના શણગાર છે;



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તાપ તપેલાં દિલ અમારાં, સુણવા વાણી તલસે.
હો સુણવાવાણી તલસે.
મીઠી મધુરી અમૃતસરખી, વાણી ગુરૂજી વરસે. ગુરૂજી૦ ૧
પંચમહાવ્રતપાલનહારા, સમતામાંહિ રમતા હો ... રમતા,
ધર્મતણો ઉપદેશ કરીને, કરતા દૂરે મમતા. ગુરૂજી૦ ૨
સર્વજગતમાં શોધી શોધી. ધર્મગુરૂઓ પેખ્યા. હો-પેખ્યા,
જૈનમુનિવર જેવા સાચા, ગુરૂજી મેં નહીં દેખ્યા. ગુરૂજી૦ ૩
વૃક્ષ ઉપર જેમ પંખી સર્વે, આવી આશ્રય લેવે. હો ... લેવે,
શાંતિચાહક ભવ્યજીવો તિમ, ગુરૂની છાયા સેવે. ગુરૂજી૦ ૪
માટી જેવી કાયા અંતે, માટીમાં મળી જાશે. હો ... જાશે,
જરા અવસ્થામાંહિ ઈંદ્રિય, - શક્તિ ઓછી થાશે. ગુરૂજી૦ ૫
તે પહેલાં લો ધર્મને સાધી, નરભવ સફળો થાવે હો ... થાવે.
**સોનેરી** આ સુંદર અવસર, વારંવાર ન આવે. ગુરૂજી૦ ૬
ધર્મની સાચી શ્રદ્ધા ગુરૂજી, રગરગમાં પ્રગટાવે. હો ... પ્રગટાવે.
આત્માની સન્મુખ બનાવી, સાચો રંગ લગાવે ગુરૂજી૦ ૭
સોના કેરો સૂરજ ઉગ્યો, આંગણે મારે આજે હો ... આજે
ધર્મપતાકા ફરફર ફરકે, શાસનડંકો બાજે. ગુરૂજી૦ ૮
**જંબૂ** કહે એવા ગુરૂવરનાં, ચરાણો વંદું ભાવે હો ... ભાવે
ભવસાગરમાં જેહ અમારી, નૈયા પાર લગાવે ગુરૂજી૦ ૯

## ૩૦ (રાગ - જબ તુમ હી ચલે પરદેશ ...)

જિનવચન સુણાવે આજ, ગુરૂમહારાજ, સખી આજ અમારા,
પ્રગટ્યા છે પુણ્ય સિતારા.
ગણધરથી જેહ ગુંથાણી છે, જે અમૃતરસની ખાણી છે,
એવી જિનવાણી કહી કરતા ઉપકારા ... પ્રગટ્યા છે૦ ૧
ગુરૂ શુદ્ધ સ્વરૂપના ધારક છે, જ્ઞાન-દર્શન-ચારિત્ર પારક છે,
શુદ્ધ શ્રદ્ધાને જે અંતરમાં ધરનારા ... પ્રગટ્યા છે૦ ૨



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગુરૂ શુદ્ધપ્રરૂપણાકારી છે, શુદ્ધસ્પર્શનાથી મનોહારી છે,
આપી ઉપદેશ પ્રતિબોધન કરનારા ... પ્રગટ્યા છે૦ ૩
પંચાચાર પાલે પલાવે છે, અનુમોદન મનમાં ભાવે છે,
મન-વચન-કાયાની ગુપ્તિને ધરનારા ... પ્રગટ્યા છે૦ ૪
ભવતરૂનાં મૂળ જલાવે છે, ક્રિયા ને જ્ઞાન મીલાવે છે,
ઝીલે છે નિશદિન ઉપશમરસની ધારા ... પ્રગટ્યા છે૦ ૫
ખાંડાની ધારે ચાલે છે, અનુપમસંયમને પાલે છે,
બેંતાલીશ દોષ ત્યજી કરતા આહારા ... પ્રગટ્યા છે૦ ૬
**જંબૂ**દિલમાં ગુરૂ ભાયા છે, સૌ સંઘનાં દિલ હરખાયાં છે,
સુણી વાણી ગુરૂવરની અતિપાવનકારા ... પ્રગટ્યા છે૦ ૭

**૩૧** (રાગ - નાગરવેલીઓ રોપાવ ...)

સમકિતરત્ન નિર્મળ થાય, એવી વાણી ગુરૂવરની;
ભવિજન સાંભળી હરખાય, એવી વાણી ગુરૂવરની
જીવ ચાર ગતિમાં રૂલ્યો, સંસાર અટવીમાં ભૂલ્યો;
બતલાવે સાચો માર્ગ ... એવી વાણી૦ ૨
સંસારના દાવાનલમાં, બળતાને ઠારે જલમાં;
વર્ષી શાંતરસની ધાર ... એવી વાણી૦ ૩
આધિ-વ્યાધિથી મુંઝાયા, ઉપાધિથી ઘેરાયા;
જીવોને આનંદ થાય ... એવી વાણી૦ ૪
રાગ ને દ્વેષ મીટાવે, મોહમલ્લને મારી હઠાવે;
બીજ કર્મનાં દહાય ... એવી વાણી૦ ૫
શાસ્ત્રોના છે ગુરૂ જ્ઞાની, પ્રતિબોધે જીવ અજ્ઞાની;
જ્ઞાન દીવો પ્રગટાય ... એવી વાણી૦ ૬
આત્માનું હિત કરનારી, સુણતાં લાગે છે પ્યારી;
જેનું મૂલ્ય ન અંકાય ... એવી વાણી૦ ૭
ઘટઅંતર આનંદ જાગે, માયા-મમતા દૂર ભાગે;
ધર્મભાવના જગાય ... એવી વાણી૦ ૮



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જંબૂ કહે ગુરૂગુણ ગાઉં, ગુરૂવાણી દિલમાં ધ્યાઉં; ૨
સુણો ભવિજન સુખદાય ... એવી વાણી૦ ૩

૩૨ (રાગ - વીર તારૂં નામ વ્હાલું લાગે ...)

બાલાપુરમાંહિ આજ વાગે, હો જિનવાણીની બંસરી;
ભુવનવિજય ગુરૂરાજ વગાડે, શિવસુખને કરનારી - હો જિન૦ ૧
સાત નયોની, સુંદર રચના; સ્વરો છે સાત મનોહારી - હો જિન૦ ૨
વિવિધ નાદો, પ્રગટે છે તેમાં; સાંભળો સૌ અવધારી - હો જિન૦ ૩
જ્ઞાન-દર્શન; ચારિત્ર પ્રકાશે, પાંચ સમિતિ ગુપ્તિ સારી - હો જિન૦ ૪
ધર્મી ગૃહસ્થના, ગુણો બતાવે, પાંત્રીસ માર્ગાનુસારી - હો જિન૦ ૫
શુદ્ધ દેવ-ગુરૂ ધર્મ બતાવી, સમકિતને કરનારી - હો જિન૦ ૬
દૂષણ ટાળી, પાંચ ભૂષણ જણાવી; સમકિતને અલંકારી - હો જિન૦ ૭
બારવ્રતોનું સ્વરૂપ બતાવે; સાથે સવિ અતિચારી - હો જિન૦ ૮
સાત ક્ષેત્રોને, શ્રાવક કરણી; સ્વરૂપને કથનારી - હો જિન૦ ૯
દાન-શિયલ, તપ-ભાવ એ ભેદો, નાદો છે આનંદકારી - હો જિન૦ ૧૦
એવી મનોહર વાંસળી વગાડે, ગુરૂ મારા ઉપકારી - હો જિન૦ ૧૧
સુણી શ્રોતાઓ સહુ, હરખી રહ્યા છે, ચિત્ત પાવન કરનારી - હો જિન૦ ૧૨
જંબૂ કહે એવા ગુરૂજીને વંદું, હર્ષ ધરીને અપારી - હો જિન૦ ૧૩

૩૩ (જીવનકી નાવ ન ડોલે ..)

ચોલ મજીઠસમો રે, હાં ગુરૂ રંગ લગાવે,
સાચા ધર્મિષ્ઠ બનાવે, હાં ગુરૂ રંગ લગાવે;
દુનિયા ઉપાધિમય, જીવન અશાંતિમય,
શાંતિનો માર્ગ બતાવે ... હાં ગુરૂ રંગ લગાવે૦
ભવ અનંતના, જામેલા કર્મના, થરોના પુંજ કપાવે ... હાં ગુરૂ રંગ લગાવે૦
મોહનીયકર્મની, સ્થિતિને તોડી,
ગ્રંથિનો ભેદ કરાવે... હાં ગુરૂ રંગ લગાવે૦



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શંકા-કાંક્ષા વિચિકિત્સા નિવારી,
સમકિત રત્ન દીપાવે... હાં ગુરૂ રંગ લગાવે૦
આવો આવો ને સખી, જોવા સંસારનું,
નાટક ગુરૂજી બતાવે... હાં ગુરૂ.રંગ લગાવે૦
જન્મ-જરા ને વળી, મૃત્યુ પરંપરા,
ત્રણ એ અંક બતાવે... હાં ગુરૂ રંગ લગાવે૦
એવા ગુરૂનો યોગ, નિત્ય નિત્ય હોજો,
જીવનઉજમાળ બનાવે, હાં ગુરૂ રંગ લગાવે૦
**જંબૂ** કહે એવાં, ગુરૂજીને વંદું,
ભવસિંધુ પાર તરાવે... હાં ગુરૂ રંગ લગાવે૦

**૩૪** (દેખી શ્રીપાર્શ્વતણી મૂરતિ અલબેલડી ...)

સુંદર લાગે છે મને ગુરૂજીની દેશના,
અંતરમાં હર્ષ ન માય રે ... ધન્ય સખી દિવસ છે આજનો. ૧
પુણ્ય ઉદયે કરી, ગુરૂજી પધાર્યા, સંઘનાં દિલ હરખાય રે. ધન્ય૦ ૨
બુદ્ધિનિધાન ગુરૂ, ઉપદેશ આપે; પ્રગટ્યાં છે પુણ્યનિધાન રે. ધન્ય૦ ૩
ભવરૂપ રોગના, વૈદ્ય ગુરૂજી; ધર્મ ઔષધ દાતાર રે. ધન્ય૦ ૪
સુખી કરે ત્રણ, શલ્યો નિવારી; માયા-મિથ્યાત્વ-નિદાન રે. ધન્ય૦ ૫
પંચમહાવ્રતપાલનહારા, ત્યજી સંસાર અસાર રે. ધન્ય૦ ૬
સંયમહાથીપર, આરૂઢ થઇને, છત્ર ધરી જિનઆણ રે. ધન્ય૦ ૭
મુનિરાજ વિચરે, કરતા નિરંતર; શિવપુર માર્ગે પ્રયાણ રે. ધન્ય૦ ૮
**જંબૂ** કહે એવા ગુરૂજીને વંદું, ઉતારે જે ભવરાન રે. ધન્ય૦ ૯

**૩૫** (રાગ - લેશો નિસાસા, પરણેતરના...)

ગુરૂવરવાણી, અમીયસમાણી.
શ્રવણે સુણી સખી આજ ... આનંદ વ્યાપે ઘણો૦ ૧



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભવોદધિમાં ડૂબતા મળિયા, તારણહાર જહાજ ... આનંદ૦ ૨
ધર્મ વિના જીવ ભવ ભવ ભટક્યો; લોકમાંહિ ચૌદ રાજ. આનંદ૦ ૩
ચારગતિમાં, દુ:ખને સહતાં, સુણે ન કોઇ અવાજ ... આનંદ૦ ૪
પુણ્યઉદયથી, નરભવ પામ્યા; મળિયા ગુરૂ મહારાજ. આનંદ૦ ૫
શ્રીજિનવરની, વાણી સુણાવે; શાસનના શિરતાજ ... આનંદ૦ ૬
પર ઉપકારી, ધર્મ બતાવે; ભવિજનહિતને કાજ ... આનંદ૦ ૭
દેશ-વિદેશમાં વિચરી જાગૃત; કરતા જૈન સમાજ ... આનંદ૦ ૮
**જંબૂ** કહે જિનધર્મ આરાધો, લેવા શિવપુરરાજ ... આનંદ૦ ૯

## ૩૬ (પારેવડા જાજે વીરાના દેશમાં ...)

વંદના ગુરૂચરણ અરવિંદમાં,
કરૂં હું પાપનિકંદના ... હો વંદના૦
ભવ્યજીવોને ઉપદેશ આપી, ઝીલાવે જ્ઞાનતરંગમાં - હો વંદના૦ ૧
મુક્તિપુરીનો માર્ગ બતાવે, રંગે છે સંયમરંગમાં - હો વંદના૦ ૨
નિસ્વાર્થ ઉપકારી ધર્મ બતાવે, સુણાવે વેણ જિણંદનાં - હો વંદના૦ ૩
ધર્મ વિના ગયો કાળ અનંતો, એકેંદ્રિયને વિગલિંદમાં - હો વંદના૦ ૪
પંચેંદ્રિ તિર્યંચ નારકીને દેવતા, જન્મ ગયો દુ:ખદંદમાં - હો વંદના૦ ૫
દુર્લભ નરભવ આજે મળ્યો છે,શાને સૂતા છો મોહનિંદમાં - હો વંદના૦ ૬
ઉપશમસાયર, મગ્ન બન્યા છે, ઉપશમરસના કંદમાં - હો વંદના૦ ૭
ભાવ ધરીને એમ ગુરૂગુણ ગાઉં, સોહે છે જે મુનિવૃંદમાં - હો વંદના૦ ૮
**જંબૂ** કહે એવા ગુરૂજીને વંદું પડતાં બચાવે ભવફંદમાં - હો વંદના૦ ૯

## ૩૭ (રાગ- લાખ લાખ દીવડાની આરતી ઉતારજો)

લાખ લાખ વાર કરૂં ગુરૂજીને વંદના, ગુરૂજી છે ગુણના ભંડાર;
આંગણીયે અવસર આનંદનો,
વીતરાગદેવની વાણીની દેશના, આપે છે ગુરૂજી મનોહાર;
આંગણીયે અવસર આનંદનો. ૧



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પુણ્યઉદયે કરી ગુરૂજી પધાર્યા, સંઘમાં સૌનાં દિલડાં હરખાયાં;
આવ્યા છે તારણહાર ... આંગણીયે૦ ૨
ગુરૂજીના મુખમાંથી વાણી ઝરે છે, સંસારના સવિ તાપ હરે છે;
વરસે છે અમૃતની ધાર ... આંગણીયે૦ ૩
આત્મજ્ઞાનનો ગુરૂ દીવો પ્રગટાવે, મોહતિમિરને દૂર હઠાવે;
જીવન બનાવે ઉજમાળ ... આંગણીયે૦ ૪
અહિંસાધર્મની ધ્વજા ફરકાવે, જૈનશાસનનો ડંકો બજાવે;
શાસનના સાચા શણગાર ... આંગણીયે૦ ૫
દાન-શિયલ-તપ-ભાવ આરાધજો, આત્માના હિતને ભવિ તમે સાધજો;
દુર્લભ મળ્યો છે અવતાર ... આંગણીયે૦ ૬
વ્યાખ્યાન નિત્ય નિત્ય સુણવાને આવજો, સાથે બીજાને વળી સોબતમાં લાવજો;
બોધ ભર્યો છે અપાર ... આંગણીયે૦ ૭
આત્મઆનંદની લ્હેરો લ્હેરાવે, સંસારદુ:ખો ગુરૂજી વિસરાવે;
ઉપદેશ આપી રસાળ ... આંગણીયે૦ ૮
**જંબૂ** કહે એવા ગુરૂજીને વંદું, કોટિ જનમનાં પાપ નિકંદું;
મન ધરી ભક્તિ અપાર ... આંગણીયે૦ ૯

**૩૮** (રાગ - સિદ્ધાચલના વાસી જિનને ક્રોડો પ્રણામ)

પંચ મહાવ્રતધારક ગુરૂને વંદું વારંવાર.
શ્રીજિનશાસનને અજવાળે, કરૂણાથી જગજંતુ નિહાળે;
ષટ્ જીવના પ્રતિપાલ ... ગુરૂને વંદું૦ ૧
સંયમરંગમાંહિ નિત્ય મ્હાલે, ક્રોધાદિક દોષોને ટાળે;
ઝીલે ઉપશમધાર ... ગુરૂને વંદું૦ ૨
પાંચ ઇન્દ્રિયોને વશ કરતા, વિષયવિકારોને પરિહરતા;
જીતે ચાર કષાય .. ગુરૂને વંદું૦ ૩
અસાર આ સંસારને ત્યાગી, શાશ્વત શિવસુખના અનુરાગી;
થયા છે અણગાર ... ગુરૂને વંદું૦ ૪



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મુક્તિમાર્ગતણા છે ધોરી, ખંધે વહે જિનઆણા દોરી;
શાસનના શણગાર ... ગુરૂને વંદું૦ ૫
મુક્તિનો જે માર્ગ આરાધે, ભવ્યજીનોના હિતને સાધે;
કરે સ્વ-પર ઉદ્ધાર ... ગુરૂને વંદું૦ ૬
જિનવરભાષિત ધર્મ સુણાવે, ધર્મભાવના દિલમાં જગાવે;
શિવપુરના સથવાર ... ગુરૂને વંદું૦ ૭
ગુરૂવરના મુખમાંથી ખરતાં, વચનો શાંતસુધારસ ઝરતાં;
હરે આત્મસંતાપ ... ગુરૂને વંદું૦ ૮
ભક્તિભાવના દિલમાં લાવી, ગુરૂવરચરણે શિર નમાવી;
કરે **જંબૂ** પ્રણામ ... ગુરૂને વંદું૦ ૯

**૩૯** (રાગ - રઘુપતિ રાઘવ રાજા રામ ...)

ગુરૂવર ગુણગણના ભંડાર, વંદન કરીએ વારંવાર
વારંવાર વારંવાર, વંદન કરીએ વારંવાર ... ગુરૂવર૦ ૧
પાંચ ઈન્દ્રિયના સંવરનાર, નવવિધ બ્રહ્મગુપ્તિના ધાર
ક્ષમા-નમ્રતાના ભંડાર, સરલ અને સંતોષી ઉદાર ... ગુરૂવર૦ ૨
ક્રોધાદિક કષાયો ચાર, નિવારે હરવા ગતિ ચાર;
પંચમહાવ્રત પાલનહાર, પાળે પળાવે પંચાચાર ... ગુરૂવર૦ ૩
પંચ સમિતિના ધરનાર, સર્વ જીવોના રક્ષણહાર;
મન-વચન-કાયાના વ્યાપાર, ત્રણ ગુપ્તિથી વશ કરનાર. ગુરૂવર૦ ૪
છત્રીશ એવા ગુણ ઉદાર, શોભે ગુરૂના અપરંપાર
શ્રીજિનશાસનના શણગાર, અઢાર સહસ શીલાંગના ધાર. ગુરૂવર૦ ૫
એવા શ્રીગુરૂચરણ મોઝાર, અંતરમાં ધરી હર્ષ અપાર;
પ્રણમું નિત નિત કોટિવાર, **જંબૂ** કહે તરવા ભવપાર. ગુરૂવર૦ ૬

**૪૦** (રાગ - ભારતના ડંકા આલમમેં ...)

ગુરૂવાણી સુણીએ ભાવધરી, સખી જાય અનાદિ ભવફેરી;
ગુરૂ જ્ઞાનદિપક પ્રગટાવે છે, વંદન હો નિત્ય ગુરૂવરને. ૧



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જિનશાસનનો જયકાર કરે, ગુરૂવર જ્યાં જ્યાં જગમાં વિચરે;
પ્રભુવીરનો પંથ ચલાવે છે, વંદન હો નિત્ય ગુરૂવરને. ૨
જિનવાણીનો વિસ્તાર કરે, સુણીને ભવિ જીવ અનેક તરે;
શ્રોતાજનને હરખાવે છે, વંદન હો નિત્ય ગુરૂવરને. ૩
ગંભીરધ્વનિથી ગાજે છે, મનના સંશય સવિ ભાંજે છે;
સુંદર શૈલીથી સમજાવે છે, વંદન હો નિત્ય ગુરૂવરને. ૪
શ્રોતાઓનાં દિલડાં જીતે, આપી ઉપદેશ યથાર્થ રીતે;
આનંદનો રસ રેલાવે છે, વંદન હો નિત્ય ગુરૂવરને. ૫
જિનશાસનનો ઉદ્યોત કરે, મિથ્યામતિ કુમતિ તિમિર હરે;
આત્માની જ્યોતિ જગાવે છે, વંદન હો નિત્ય ગુરૂવરને. ૬
અહિંસાદિ ધર્મ ફેલાવે છે, સવિજીવ પર મૈત્રી ભાવે છે;
ઉપદેશામૃત વરસાવે છે, વંદન હો નિત્ય ગુરૂવરને. ૭
ગુરૂસમ જગમાં નહીં ઉપકારી, ગુરૂરાજતણી છે બલિહારી;
ગુરૂ શિવપુરમાર્ગ બતાવે છે, વંદન હો નિત્ય ગુરૂવરને. ૮
આનંદ ઉલટ અતિ અંગ ધરી, **જંબૂ** કહે વંદું ભાવ ધરી;
જે ભવજલપાર તરાવે છે, વંદન હો તેહ ગુરૂવરને. ૯

**૪૧** (રાગ- જબ તુમ હી ચલે પરદેશ ...)

**શ્રીભુવનવિજય** ગુરૂરાજ, સુણો સખી આજ,
મન પાવનકારા ઉપદેશ કરે હિતકારા;
ગુરૂ પ્રવચન અંજન આંજે છે, મનના સંશયને ભાંજે છે;
ગાજે ગંભીર-મધુર ધ્વનિ જલધારા ... ઉપદેશ૦ ૧
ગુરૂ અમૃતપ્યાલા પીલાવે છે, ભોજન પરમાન્ન ખીલાવે છે;
અમ રંક જીવોની ભ્રમણા દૂર કરનારા ... ઉપદેશ૦ ૨
નવતત્ત્વસ્વરૂપ બતાવે છે, સમકિત નિર્મલ બનાવે છે;
શંકા-કાંક્ષા-વિચિકિત્સા દૂર હરનારા ... ઉપદેશ૦ ૩
યોગશાસ્ત્રમાં યોગ સુણાવે છે, મુક્તિનો માર્ગ જણાવે છે;
જ્ઞાન-દર્શન-ચારિત્ર રત્નત્રયી કથનારા ... ઉપદેશ૦ ૪



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વ્રત બાર સ્વરૂપ સમજાવે છે, અતિચારોને બતલાવે છે;
જીવનમાં ધર્મની વૃદ્ધિને કરનારા ... ઉપદેશ૦ ૫
દાન-શિયલ-તપને ભાવતણો, કહે છે મહિમા વિસ્તારી ઘણો;
અતિ આનંદકારી ધન્યકથા કહેનારા ... ઉપદેશ૦ ૬
આનંદની લ્હેર લ્હેરાવે છે, બાલાપુર-પાટ દીપાવે છે;
**જંબૂ** કહે વર્તે જિનશાસન જયકારા ... ઉપદેશ૦ ૭

**૪૨** (રાગ - રાખનાં રમકડાંને રામે ...)

ગુરૂજીના મુખમાંથી પ્રગટે, હાં રે પ્રગટે વેણ રસાળાં રે
જ્ઞાનદીપકને પ્રગટાવી કરે, અંતરમાં અજવાળાં રે ... ગુરૂજીના૦
કાળ અનાદિ ચેતન રઝળ્યો, ચઉગતિમાં અથડાયો;
નરક-તિર્યંચ આદિ દુર્ગતિ-માંહે જઈ પછડાયો રે ... ગુરૂજીના૦
શ્રીજિનવરનો ધર્મ લહ્યા વિણ, એળે કાળ ગુમાવ્યો;
ફર્યા અનંતા ફોગટ ફેરા, ક્યાંયે સુખ ન પામ્યો રે ... ગુરૂજીના૦
મોહતણી માયામાં ડૂબ્યા, સંસારકેરા રંગ લગાયા;
પરિણામે ચઉગતિમાં દુઃખના, વીંઝણીયા વીંઝાયા રે ... ગુરૂજીના૦
ગુરૂવાણીને સાંભળી આજે, વૈરાગ્યકેરા રંગ લગાયા;
મુક્તિકેરો મારગ જાણી, દિલડાં અતિ હરખાયાં રે ... ગુરૂજીના૦
માથે કાળનું ચક્ર ભમે છે, પ્રમાદ કરશો નહીં;
વાતો કરતાં કરતાં સઘળી, ઉંમર જાશે વહી રે ... ગુરૂજીના૦
પ્રમાદકેરા તેર કાઠીઆ, છંડીને નિત આવો;
બોધભરી ગુરૂરાજની વાણી, મનમાં નિત્ય વસાવો રે ... ગુરૂજીના૦
મેઘસમા ગંભીરધ્વનિથી, આપે બોધ અમૂલો;
રાગ ને દ્વેષરૂપી ભવવનનાં, બાળે ગુરૂજી મૂળો રે ... ગુરૂજીના૦
એવા ગુરૂને નિત નિત વંદું, ભક્તિ અપાર ધરી;
**જંબૂ** કહે જે જન્મ-મરણની, ટાળી નાંખે ફેરી રે ... ગુરૂજીના૦



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૪૩ (રાગ - જીવનકી નાવ ન ડોલે ...)

ઉપદેશ આપે સખી રે, હાં ગુરૂરાજ ઉગારે,
સંસાર પાર ઉતારે, હાં ગુરૂરાજ ઉગારે;
બોધ ઘણો આપતા, ધર્મમાં સ્થાપતા; ગુરૂજી જન્મ સુધારે - હાં ગુરૂરાજ૦ ૧
ધર્મની ભાવના, દિલમાં જગાવતા; મોહની નિંદ નિવારે - હાં ગુરૂરાજ૦ ૨
દાન-શિયલ-તપ, ભાવથી ધર્મને; વર્ણવિ ચાર પ્રકારે - હાં ગુરૂરાજ૦ ૩
વૈરાગ્યરસભરી, વાણી વરસાવતા; કર્મોના પંક પખારે - હાં ગુરૂરાજ૦ ૪
ગુરૂજીની દેશના, અંતરમાં ધારતાં; દુઃખ સવિ જાય વિસારે - હાં ગુરૂરાજ૦ ૫
જિનવરની વાણીને, ગુરૂમુખે સાંભળી; પાપ સવિ જાય અમારે - હાં ગુરૂરાજ૦ ૬
ક્રોધ શમાવતા, માનગિરિ ભેદતા; માયા ને લોભ નિવારે - હાં ગુરૂરાજ૦ ૭
મોહમાં ખૂંચતી, ભવજલમાં ડૂબતી; નૈયાને પાર ઉતારે હાં ગુરૂરાજ૦ ૮
**જંબૂ** કહે એવી, ગુરૂવાણી સુણવા; આવો ભવિ નિત્ય સવારે - હાં ગુરૂરાજ૦ ૯

૪૪ (રાગ - દેખી શ્રીપાર્શ્વતણી મૂરત ...)

સુંદર આપે છે સખી, ધર્મની દેશના; તારક સદ્ગુરૂરાજ રે;
વ્યાખ્યાન સુણવાને આવજો.
જ્ઞાનના દરિયા, ગુણોથી ભરિયા; દેશના દે સુખકાર રે. વ્યાખ્યાન૦
દ્રવ્યાનુયોગમાંહિ, ષટ્ દ્રવ્યકેરૂં; વર્ણન કરે મનોહાર રે. વ્યાખ્યાન૦
ગણિતાનુયોગમાં, ક્ષેત્રને વર્ણવિ; બતાવે ચૌદ રાજલોક રે. વ્યાખ્યાન૦
ચરણ-કરણ અનુ-યોગમાંહિ ભાખે; સાધુ શ્રાવક આચાર રે. વ્યાખ્યાન૦
ધર્મકથાનુયોગ-માંહિ કથાઓ; સુણાવે આનંદકાર રે. વ્યાખ્યાન૦
શ્રદ્ધા વિનય ને, ક્રિયામાં જોડે; શ્રાવકપણું પ્રગટાય રે. યાખ્યાન૦
એવી મનોહર, દેશના સુણાવે; આનંદ આવે અપાર રે. વ્યાખ્યાન૦
**જંબૂ** કહે એવા, ગુરૂજીને વંદું; ચરણોમાં શીષ નમાય રે. વ્યાખ્યાન૦



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**૪૫** (રાગ - વીર તારૂં નામ વ્હાલું લાગે ...)

ગુરૂજીની વાણી મીઠી લાગે, હો બેન શિવસુખકારી;
દુર્ગતિમાંહિ, પડતાં બચાવી; સદ્‌ગતિ પહોંચાડનારી ... હો બેન૦ ૧
ઇહલોકને, પરલોક સુધારી; ભવજલતારણહારી ... હો બેન૦ ૨
કુમતિને કાપી, સુમતિને આપી; ભવભ્રમણ હરનારી ... હો બેન૦ ૩
જિનરાજ ભાખે, પર્ષદામાંહિ; ઝીલે સવિ ગણધારી ... હો બેન૦ ૪
સૂત્ર સિદ્ધાંતોની, રચના કરીને; ગુંથી બનાવે માળ સારી હો બેન૦ ૫
અનંતપુણ્યની, રાશિ જો હોય તો; સુણવા મળે જિનવાણી હો બેન૦ ૬
એવી જિણંદની, વાણી સુણાવે; ગુરૂ મારા ઉપકારી ... હો બેન૦ ૭
ગુરૂજીના મુખમાંથી, નીકળે છે ધારા; કર્મ કલંક હરનારી હો બેન૦ ૮
જ્ઞાનદીપકની, જ્યોતિ જગાવી; અજ્ઞાન દૂર કરનારી ... હો બેન૦ ૯
નિત્ય નિત્ય ભાવથી, સુણવાને આવજો; હર્ષ ધરીને નરનારી હો બેન૦ ૧૦
**જંબૂ** કહે ગુરૂ-વાણીને સુણતાં; લહીએ ભવજલપારી ... હો બેન૦ ૧૧

**૪૬** (રાગ- પારેવડા જાજે વીરાના દેશમાં ...)

આનંદ આવે ગુરૂવ્યાખ્યાનમાં, વાણીસુધારસપાનમાં ... હો આનંદ૦
વૈરાગ્યરસની ધારા વહે છે, મીઠી મધુર ગુરૂવાણમાં ... હો આનંદ૦
ધર્મરૂપી જલ સિંચી નિરંતર, અંકુરા લાવે પાષાણમાં. હો આનંદ૦
અણમોલ બોધભર્યા ગુરૂજીના શબ્દો, ગુંજે નિરંતર કાનમાં. હો આનંદ૦
આર્ત-રૌદ્ર દોય ધ્યાન નિવારી, સ્થાપે છે ચિત્ત ધર્મધ્યાનમાં. હો આનંદ૦
ગુરૂરાજ નૈયાને ડૂબતાં બચાવે, ભવસાગરના તોફાનમાં. હો આનંદ૦
મોહમાયાની નિદ્રાનિવારી, લાવે ભવિને ભાનમાં ... હો આનંદ૦
સન્માર્ગદર્શક ઉપદેશ આપી, લાવે સહુને જ્ઞાનમાં ... હો આનંદ૦
દુર્લભ ધર્મની પામી સામગ્રી, ગુમાવો નહી અજ્ઞાનમાં. હો આનંદ૦
**જંબૂ** કહે જિનવાણીની સેવના, પહોંચાડે શિવપુરસ્થાનમાં. હો આનંદ૦



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૪૭ (રાગ - લેશો નિસાસા પરણેતરના ...)

આવો સાહેલી, વંદન કરીએ; મનમાં ધરી બહુમાન.
ગુરૂદેવચરણે નમો.
ઉપશમસાગરમાંહિ ઝીલાવે; ઉપશમરસની ખાણ ... ગુરૂદેવ૦ ૧
વ્યાખ્યાનમાંહિ, જ્ઞાનઅમૃતને; પીવરાવે ગુણધામ ... ગુરૂદેવ૦ ૨
દુર્લભ કહી છે, ચાર વસ્તુઓ; સાંભળો ચતુર સુજાણ ... ગુરૂદેવ૦ ૩
અનંતપુણ્યનો, સંચય થાય તો; મળે મનુષ્યભવસ્થાન ... ગુરૂદેવ૦ ૪
ભાગ્ય જો હોય તો, પામીએ સુણવા; ગુરૂમુખથી જિનવાણ. ગુરૂદેવ૦ ૫
સુણ્યા પછી પણ. શ્રદ્ધા થવી તે; દુર્લભ કરો પ્રમાણ ... ગુરૂદેવ૦ ૬
શ્રદ્ધા પછી પણ, દુર્લભ કરણી; ઉત્તરાધ્યયને વાણ ... ગુરૂદેવ૦ ૭
ગુરૂ છે દીવો, ઘણું ઘણું જીવો; પ્રગટાવે શ્રદ્ધાન ... ગુરૂદેવ૦ ૮
**જંબૂ** કહે એવા, ગુરૂજીને વંદું; આપે જે સમ્યગ્જ્ઞાન ... ગુરૂદેવ૦ ૯

૪૮ (રાગ - રખિયાં બંધાવો ભૈયા ...)

મન મંદિરે વસાવો, ગુરૂવર-વાણી રે;
અંતરને અજવાળે, મોહ તિમિરને ટાળે.
એ તો ખરો છે દીવો ... ગુરૂવર વાણી રે.
દુર્લભ સદ્ગુરૂ સંગા, આંગણે વ્હે છે ગંગા;
રસ ભરીને પીવો ... ગુરૂવર૦
બુદ્ધિના આઠે ગુણો, ધારણ કરીને સુણો;
મનમાં સદા યે ધ્યાવો ... ગુરૂવર૦
સિંચન કરે ગુરૂરાયા, બોધિનાં બીજ વવાયાં;
આતમબાગ ખીલાવે ... ગુરૂવર૦
પાંચ અણુવ્રત ભાખે, ત્રણ ગુણવ્રત દાખે
શિક્ષાવ્રતો સમજાવે ... ગુરૂવર૦
બતાવે શ્રાવકકરણી, શિવમંદિરની નિસરણી;
દેશવિરતિ બનાવે ... ગુરૂવર૦



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

યોગશાસ્ત્રની વાણી, નિસુણો ભવ્ય પ્રાણી;
હર્ષ ધરીને ભાવે ... ગુરૂવર૦
ધન્યચરિત્રની રંગે, વાતો સુણીએ ઉમંગે;
આનંદરસ રેલાવે ... ગુરૂવર૦
ધન્ય ધન્ય સદ્‌ગુરૂરાયા, જંબૂ પ્રણમે છે પાયા;
જ્ઞાન અમૃત પીલાવે ... ગુરૂવર૦

**૪૯** (આવો આવો હે વીરસ્વામી ...)

આવો આવો હો સજની સર્વે, ગુરૂવાણી સુણવા;
ગુરૂવાણીને સુણવા હર્ષે, ગુરૂવાણી સુણવા ... આવો૦
દેશના અમૃતધારા વરસે, બોધિબીજ સિંચાય;
ધર્મતરૂવર આત્મ બાગમાં ખીલી પ્રફુલ્લિત થાય ... આવો૦
ધર્મતરૂનું ફૂલ મનોહર, સ્વર્ગસુખ કહેવાય;
ફળ અનુપમ મોક્ષસુખ પણ, પરંપરાથી થાય ... આવો૦
જિનરાજાના શૂરવીર સૈનિક, લડે મોહની સાથ;
જિનશાસનની જલતી રાખે, જ્યોત સદા એ હાથ ... આવો૦
જિનવર સૂરજ અસ્ત થયો છે, નથી કેવળીચંદ;
ગુરૂવર દિપક ઝગમગ ઝળકે, હરે તિમિરના કંદ ... આવો૦
સૂત્ર કહે સિધ્ધાંત પ્રરૂપે, કહે શાસ્ત્રનાં વેણ;
જિનવરની વાણી સુણવાની, લાખેણી મળી ખેણ ... આવો૦
પ્રમાદ છંડો મોહને ખંડો, મળિયો શિવપુર સાથ;
**જંબૂ** કહે આ પુણ્યે આવ્યો, રત્નચિંતામણિ હાથ ... આવો૦

**૫૦** (રાગ - જબ તુમહી ચલે પરદેશ ... )

શ્રી**ભુવનવિજય** ગુરૂરાજ, કરે છે આજ, ઉપદેશ ઉદારા.
ઉપકારી ગુરૂજી અમારા.
જિનવાણી વીણા વગાડે છે, સૂતા સંસારી જગાડે છે;
મહામોહતાણી નિદ્રાને દૂર કરનારા ... ઉપકારી૦ ૧



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વીતરાગની વાણી ભાખે છે, મુક્તિનો મારગ દાખે છે;
ભવિજીવોને નિત પ્રતિબોધન કરનારા ... ઉપાકરી૦ ૨
જલધારતણી પરે ગાજે છે, અંતરના સંશય ભાંજે છે;
વરસે છે અમૃતસરખી વાણીધારા ... ઉપાકરી૦ ૩
ગુરૂ જ્ઞાનની ગંગા વહાવે છે, ભવિજનને સ્નાન કરાવે છે;
ઉપદેશામૃતથી મન પાવન કરનારા ... ઉપકારી૦ ૪
મિથ્યાત્વનું શલ્ય ઉખાડે છે, બોધિનું બીજ ઉગાડે છે;
વીરવાણીના જલનું સિંચન કરનારા ... ઉપકારી૦ ૫
જીવનને ધર્મમાં જોડે છે, સંસ્કારો મોહના તોડે છે;
સાચા સંસ્કારો આત્મામાં પૂરનારા ... ઉપકારી૦ ૬
જે ક્રોધકષાય શમાવે છે, વળી માનરિપુને નમાવે છે;
માયા ને લોભ વળી જે દૂર કરનારા ... ઉપકારી૦ ૭
જ્ઞાન-દર્શન-ચારિત્રધારક છે, નિજ આત્માના ઉદ્ધારક છે;
મુક્તિનો માર્ગ બતાવી તારણહારા ... ઉપકારી૦ ૮
**જંબૂ** ઈમ ગુરૂગુણ ગાવે છે, ભક્તિથી શીષ નમાવે છે;
એવા ગુરૂચરણને કોટિ કોટિ વારા ... ઉપકારી૦ ૯

**૫૧** (રાગ - મનમંદિર, આવો રે કહું એક ...)

મનમંદિર સ્થાપો રે, ગુરૂવરની વાણી;
સખી હર્ષે સુણીએ રે, અમૃતરસખાણી ... મનમંદિર૦ ૧
વ્યાખ્યાન રસીલાં રે, ગુરૂ મારા આપે;
ભવવૃક્ષનાં મૂલીયાં રે, ઉપદેશ કાપે ... મનમંદિર૦ ૨
વ્યાખ્યાનની શૈલી રે, મીઠી મધુરી રે;
મન સુણવા ઉલસે રે, જ્ઞાનથી પુરી રે ... મનમંદિર૦ ૩
નવતત્ત્વની શ્રદ્ધા રે, લક્ષણ શ્રાવકનું;
પગથીયું એ પહેલું રે, મોક્ષ આરાધકનું ... મનમંદિર૦ ૪
નવતત્ત્વસ્વરૂપને રે, ગુરૂજી સમજાવે;
તેણે કારણ સુણજો રે, ગુરૂવાણી ભાવે ... મનમંદિર૦ ૫



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દુર્લભ સામગ્રી રે, ધર્મતણી પામી;
જિનધર્મ આરાધો રે, નવિ રાખો ખામી ... મનમંદિર૦ ૬
શક્તિનો સદ્‌વ્યય રે, ધર્મમાર્ગે કરો;
**જંબૂ** કહે પરભવનું રે, ઉત્તમ ભાતું ભરો ... મનમંદિર૦ ૭

**પર** (રાગ- સિદ્ધાચલના વાસી જિનને ...)

ગુરૂવરચરણે નિત નિત વંદું કોટિ કોટિવાર;
વંદું કોટિ કોટિવાર.
પંચમ આરે કલિયુગ કાળે, અજ્ઞાન અંધકારને ટાળે;
કરતા જ્ઞાનપ્રકાશ ... વંદું૦ ૧
મોહતરૂના મૂલને છેદે, કર્મતણી ગ્રંથિને ભેદે;
સમકિતને કરનાર ... વંદું૦ ૨
કાળ અનાદિ વ્યર્થ ગુમાવ્યો, જિનવરભાષિત ધર્મ ન પામ્યો;
ફરતાં ગતિમાં ચાર ... વંદું૦ ૩
લાખ ચોરાશી યોનિ ભમતાં, વિવિધ પ્રકારે દુ:ખો સહતાં;
ગયો અનંતો કાળ ... વંદું૦ ૪
આજે શ્રીજિનવરની વાણી, ગુરૂમુખથી સુણી અમીયસમાણી;
આનંદનો નહીં પાર ... વંદું૦ ૫
ઉપકારી ગુરૂ ધર્મ બતાવે, સુણજો સૌ શ્રોતાઓ ભાવે;
જ્ઞાનદીપક પ્રગટાય ... વંદું૦ ૬
ગુણાવે છે શાસ્ત્રસિદ્ધાંતો, રોજ કહે છે નવી નવી વાતો;
સાંભળી વિસ્મય થાય વંદું૦ ૭
સંયમધર નિજ આત્મ ઉદ્ધારે, દઇ ઉપદેશ ભવિને તારે;
કરે સફળ અવતાર ... વંદું૦ ૮
**જંબૂ** કહે ગુરૂરાજ પસાયે, શાસનનો ઉદ્યોત જ થાયે;
વર્તે જય જયકાર ... વંદું૦ ૯



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**૫૩** (રાગ - દેખી શ્રી પાર્શ્વતણી મૂરતિ ... )

ગુરૂજીની વાણીતણી વાગે છે બંસરી, ગાજે છે ધર્મતણા નાદ રે;
રંગ સખી જામ્યો રળિયામણો. ૧
શ્રોતાઓ મુગ્ધ બની ડોલી રહ્યા છે, શિર ધુણાવે હરખાય રે. રંગ૦ ૨
સુંદર મધુર જેના સ્વરો નીકળે છે, નૈગમાદિ નય સાત રે ... રંગ૦ ૩
નાદે નાદે જેના ધ્વનિ પ્રગટે છે, દાન-શિયલ-તપ-ભાવ રે. રંગ૦ ૪
ગુંજે છે કાનમાં ને લાવે છે ભાનમાં, ઉતારે મોહતણું ઝેર રે ... રંગ૦ ૫
બંસરી વાગે છે અને શ્રોતા જાગે છે, પ્રગટે ગંભીર ઝંકાર રે ... રંગ૦ ૬
જલ્દી જલ્દી નિત્ય વ્યાખ્યાને આવો, કરો પ્રમાદ ન લગાર રે ... રંગ૦ ૭
**ભુવનવિજય** ગુરૂ વ્યાખ્યાન વાંચે, આનંદ લ્હેરો લ્હેરાય રે ... રંગ૦ ૮
**જંબૂ** નમે અતિહર્ષ ધરીને, એવા ગુરૂજીના પાય રે ... રંગ૦ ૯

**૫૪** (રાગ - નાગરવેલીઓ રોપાય ...)

જિનશાસનના શણગાર, ગુરૂજી જયવંતા વર્તો,
કરતા જગમાં ઉપકાર, ગુરૂજી જયવંતા વર્તો;
અડપ્રવચનમાતા પાલો, તમે સંયમરંગમાં મ્હાલો,
મહાવ્રત પાલનહાર ... ગુરૂજી૦ ૧
તમે જ્ઞાનગુણે ભરપુરા, વહો છો શાસનની ધુરા,
ગુણગણના ભંડાર ... ગુરૂજી૦ ૨
સંયમપાલનમાં શૂરા, કરો અષ્ટકર્મના ચૂરા,
કરતાં આત્મઉદ્ધાર ... ગુરૂજી૦ ૩
ભવિજીવને ધર્મ પમાડો, ધર્મભાવના જગાડો,
મોટો આપનો ઉપકાર ... ગુરૂજી૦ ૪
તમે આશ્રવભાવને રોધો, સંવર કરી કર્મો શોધો,
તપો તપ બાર પ્રકાર ... ગુરૂજી૦ ૫
નિત સમતામાં છો રમતા, છોડી માયા ને મમતા,
ભાવો ભાવના બાર ... ગુરૂજી૦ ૬



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અક્ષત આચારને પાળો, દોષોને દૂરે ટાળો,
ભવજલ તારણહાર ... ગુરૂજી૦ ૭
તમે કષ્ટ અનેક સહીને, કરો દેશ-વિદેશ ફરીને;
જૈન ધર્મનો પ્રચાર ... ગુરૂજી૦ ૮
**જંબૂ** કહે ગુરૂજી તમારી, વાણી લાગે અતિ પ્યારી,
હૈયું હર્ષથી ઉભરાય ... ગુરૂજી૦ ૯

**૫૫** (રાગ- પારેવડા જાજે વીરાના દેશમાં ... )

ગુરૂરાજ રંગે વૈરાગ્યના રંગમાં,
વ્યાપે આનંદ અંગ અંગમાં ... હો ગુરૂરાજ૦
અમૃતતુલ્ય જિનવાણી સુણાવતા, ગુંથી સ્યાદ્વાદ-સપ્તભંગમાં - હો ગુરૂ૦
કર્મનો મેલ હરી નિર્મળ બનાવતા, ઝીલાવીને જ્ઞાનગંગમાં - હો ગુરૂ૦
સદ્બોધ આપી ભવિને ઉગારે, જીતાવે મોહના જંગમાં - હો ગુરૂ૦
જ્ઞાન ને ધ્યાનમાં મગ્ન બનીને, રહેતા વિદ્યાવ્યસંગમાં - હો ગુરૂ૦
શાસનના સ્તંભ છે ધર્મના ધોરી, નેતા ચતુર્વિધસંઘમાં - હો ગુરૂ૦
જૈન શાસનની જયપતાકા, ફરકાવે દશે દિગંતમાં - હો ગુરૂ૦
અઢાર સહસ શીલાંગના ધારી, સંયમને પાલે રંગમાં - હો ગુરૂ૦
માયા ને મમતા ત્યાગ કરીને, રમતા સમતાના સંગમાં - હો ગુરૂ૦
**જંબૂ** કહે એવા ગુરૂજીને વંદું, આવીને નિત્ય ઉમંગમાં - હો ગુરૂ૦

**૫૬** (રાગ- આવો આવો હે વીરસ્વામી ... )

ગાવો ગાવો નિત ગુરૂગુણ ગાવો, ધરી ભકિત બહુમાન,
ધરી ભકિત બહુમાન સજની, ધરી ભક્તિ બહુમાન ... ગાવો૦ ૧
શાંત દાંત મહંત ને ત્યાગી, જ્ઞાની વૈરાગી,
જિનેશ્વરની વાણી સુણાવે, ભાગ્યદશા જાગી ... ગાવો૦ ૨
ધર્મતણો જે મર્મ બતાવે, હરવા કર્મો દુર,
ગુરૂવરમુખથી વાણી સુણતાં, ઉલટે આનંદપૂર ... ગાવો૦ ૩



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ક્ષમા નમ્રતા આર્જવ તુષ્ટિ, તપ અને સંયમ,
સત્ય શૌચ ને અકિંચનતા, ધરતા જે વળી બ્રહ્મ ... ગાવો૦ ૪
ઈમ દશવિધ યતિધર્મો પાળે, ટાળે સંયમદોષ,
આધ્યાત્મિક રંગે રંગાયા, નથી રોષ ને તોષ ... ગાવો૦ ૫
શ્રાવકનું કર્તવ્ય બતાવે, ઉપદેશી વ્રત બાર,
સમકિતનાં દૂષણને ટાળે, પહેરાવે શણગાર ... ગાવો૦ ૬
સાર્થવાહ છે શિવનગરીના, ચાલો ભવિજન સાથ,
**જંબૂ** કહે એવા ગુરૂજીને, વંદું દિવસ ને રાત ... ગાવો૦ ૭

**૫૭** (રાગ - મારી વેણીમાં ચાર ચાર ફૂલ ... )

ગુરૂવાણીમાં બોધ છે વિપુલ, આવો સખી સુણવાને નિત્ય અમૂલ,
ગુરૂજી છે દીવા જ્ઞાનથી દીપતા, અજ્ઞાન ટાળે છે દૂર,
ગુરૂજીના મુખથી જ્ઞાનથી મહેકતાં, ખરે છે સુંદર ફૂલ. ગુરૂવાણીમાં૦
ધર્મ લહ્યા વિના ચાર ગતિમાં, કાળ ગુમાવ્યો અમૂલ,
નારક તિર્યંચ ભવમાંહિ પામ્યા, વેદના અતિપ્રતિકૂલ. ગુરૂવાણીમાં૦
પુણ્યઉદયે આજ નરભવ પામ્યા, ધર્મ સામગ્રી અનુકૂલ,
આર્યદેશને વળી નીરોગી કાયા, મળ્યું ઉત્તમ કૂલ. ગુરૂવાણીમાં૦
જંગમતીર્થ ગુરૂરાજ પધાર્યા, જાગ્યાં છે પુણ્યઅંકુર,
જૈનધર્મને તમે પ્રેમે આરાધો, શિવસુખનું છે એ મૂલ. ગુરૂવાણીમાં૦
શંકા વિગેરે સમકિતનાં પાંચ, દૂષણ ટાળે છે દૂર,
સમકિતભૂષણ પાંચ પહેરાવી, કાઢે છે મિથ્યાત્વ શૂળ, ગુરૂવાણીમાં૦
સમકિત રત્નને શુદ્ધ બનાવે, આનંદ આવે અતુલ,
શ્રાવકને યોગ્ય કરણી બતાવે, બતાવે વ્રત અણુ-સ્થૂલ. ગુરૂવાણીમાં૦
અધ્યાત્મભાવની અંબાડી કરીને, ઉપશમરસની ઝુલ,
સંયમહાથી પર બેસીને ચાલે, શિવસુખ લેવા અતુલ. ગુરૂવાણીમાં૦
શાંતસુધારસ ભરેલી મીઠી, વાણી વર્ષાવે ભરપુર,
સંસારના સવિ તાપ મીટાવી, કરે છે ચિત્ત પ્રફુલ્લ. ગુરૂવાણીમાં૦



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**જંબૂ** કહે એવા ગુરૂજીને વંદું, વહેતા શાસનની ધુર,
જ્ઞાન-દર્શન-ચારિત્ર પાલનમાં, નિરંતર જે છે મશગુલ. ગુરૂવાણીમાં૦

**૫૮** (રાગ - ભવિ ભાવે દેરાસર આવો ...)

એક ચિત્ત કરીને ભવિ સુણો, ગુરૂજીની વાણીને,
આ ભવ પરભવ સુધારો, તારણહાર જાણીને ... એક ચિત્ત૦
સાખી
દશદષ્ટાંતે દોહિલો, માનવનો અવતાર,
વાત કહી છે સૂત્રમાં, ઉત્તરાધ્યયન મોઝાર ... તારણહાર જાણીને૦ ૧
અનંતપુણ્યના ઉદયથી, જિનવરદેવની વાણ,
સુણવા ગુરૂમુખથી મળે, સાંભળો ચતુર સુજાણ. તારણહાર૦ ૨
ઉત્તમ સામગ્રી મળી, ઉત્તમ સદ્‌ગુરૂ યોગ,
સોનાને સુગંધનો, એ અનુપમ સંયોગ ... તારણહાર૦ ૩
સ્થિતિ મોહનીય કર્મની, સીત્તેર કોડાકોડ,
સાગરની છે પલકમાં, કરવા તેનો તોડ ... તારણહાર૦ ૪
સાધિક અગણોતેરનો, જ્યારે થાય વિયોગ,
ત્યારે શ્રીજિનવાણીના, શ્રવણનો થાયે યોગ ... તારણહાર૦ ૫
મિથ્યાભાવ અનાદિનો, કરે પલકમાં દૂર,
કરતાં ગ્રંથિભેદને, ઉલટે આનંદપૂર ... તારણહાર૦ ૬
આપી સમકિત રત્નને, કરે સફળ અવતાર,
એવા ગુરૂચરણે નમે, નિત્ય **જંબૂ** કોટિવાર ... તારણહાર૦ ૭

**૫૯** (રાગ - કભી યાદ કરકે, ગલી પાર કરકે ...)

આવો હળી મળીને, સહુ લળી લળીને,
નિત્ય કરીએ ગુરૂને વંદના. (૨)
પંચ ઈંદ્રિયના સંવરકારી, નવવિધ બ્રહ્મગુપ્તિના છે ધારી, સંવરકારી.
એવા મહાયમીને, થઈએ પાવન નમીને ... નિત્ય કરીએ૦ ૧



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચાર કષાયના ગુરૂજી છે ત્યાગી, મુક્તિતણા સુખના અનુરાગી, ગુરૂજી છે ત્યાગી.
મોહ ઉપશમીને, મિથ્યાભાવ વમીને ... નિત્ય કરીએ૦ ૨
પંચ મહાવ્રત પાલનહારા, પાલે પલાવે પંચ આચારા, પાલનહારા.
અતિહર્ષ ધરીને, બહુમાન કરીને ... નિત્ય કરીએ૦ ૩
પંચ સમિતિ ત્રણગુપ્તિએ ગુપ્તા, એવા છત્રીસ ગુણોથી છે જુત્તા, ગુપ્તિએ ગુપ્તા.
એવા સંયમધરને, જ્ઞાની ગુરૂવરને ... નિત્ય કરીએ૦ ૪
જ્ઞાનદીપકની જ્યોતિ જગાવે, જ્ઞાની ગુરૂજી માર્ગ બતાવે, જ્યોતિ જગાવે.
મોહતિમિર હરીને, સમ્યગ્દર્શન ધરીને ... નિત્ય કરીએ૦ ૫
વાણીસુધારસ ગુરૂજી પીલાવે, આનંદ દિલમાં અતિ પ્રગટાવે, ગુંરૂજી પીલાવે.
પીઓ ભરી ભરીને, અતિઉલટ ધરીને ... નિત્ય કરીએ૦ ૬
જંબૂ કહે એવા ગુરૂજીને વંદન, તોડે અનાદિ કર્મોનાં ફંદન, ગુરૂજીને વંદન.
કર જોડી કરીને, ગુરૂપાયે પડીને ... નિત્ય કરીએ૦ ૭

## ૬૦ (રાગ - આતો લાખેણી આંગી કહેવાય ...)

ભવિ સુણો સદા સુખદાય, વાણી ગુરૂવરની,
જેથી પાતક દૂર પલાય, વાણી ગુરૂવરની.
જેના સેવનથી ભવભવતાપ શમે, રાગ-દ્વેષાદિ વિકારો ઉપશમે,
સંસાર સમુદ્ર તરાય ... વાણી ગુરૂવરની૦ ૧
અજ્ઞાન તિમિર સવિ દૂર હઠે, જ્ઞાનદીપકની જ્યોતિ ઘટમાંહી પ્રગટે,
શુદ્ધ આત્મસ્વરૂપ જણાય ... વાણી ગુરૂવરની૦ ૨
જન્મ-મૃત્યુનો ફેરો અનાદિ ટળે, મોક્ષનગરીનાં શાશ્વતાં સુખો મળે,
જો જિનવરવાણી આરાધાય ... વાણી ગુરૂવરની૦ ૩
એવી જિનવરની વાણીને ગુરૂવર કહે, નવતત્ત્વનાં વર્ણન થકી ગહગહે,
જીવાજીવસ્વરૂપ સમજાય ... વાણી ગુરૂવરની૦ ૪
ગુરૂવાણીનું નિતનિત શ્રવણ કીજે, મોહ-મિથ્યાત્વ દુરિત જેથી ધ્રુજે,
શુદ્ધ સમકિતરત્ન પમાય ... વાણી ગુરૂવરની૦ ૫



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શૈલી સુંદર શ્રોતાઓનાં ચિત્ત હરે, સુણી હર્ષે ભવિકોનાં દિલડાં ઠરે,
હૈયું આનંદથી ઉભરાય ... વાણી ગુરૂવરની૦ ૬
હૈયું ગુરૂજીનાં ચરણોમાં વંદન કરૂં, કર્મ સંચિત અનાદિનાં દૂર હરૂં,
નિત્ય **જંબૂ** ગુરૂગુણ ગાય ... વાણી ગુરૂવરની૦ ૭

**૬૧** (રાગ - લાખ લાખ દીવડાની આરતી ઉતારજો ...)

નિત્ય નિત્ય ગુરૂવાણી સુણવાને આવજો, બોધ ભર્યો છે અપાર,
ઉછળે છે ઉર્મિ આનંદની.
વાણી સુણીને તમે દિલમાં ઉતારજો, કરજો જીવનને ઉજમાળ,
ઉછળે છે ઉર્મિ આનંદની. ૧
વૈરાગ્યનાં રસ ઝરણાં ઝરે છે, સુણી શ્રોતાઓનાં દિલડાં ઠરે છે,
પ્રગટે છે હર્ષ અપાર ... ઉછળે છે૦ ૨
અધ્યાત્મઅમૃતનું પાન કરાવે, વાણીસુધારસ ગુરૂજી વર્ષાવે,
જ્ઞાનતણા છે ભંડાર ... ઉછળે છે૦ ૩
જ્ઞાનની જ્યોતિ દિલમાં પ્રગટાવે, મોહતિમિરને દૂર હઠાવે,
હરે અજ્ઞાનઅંધકાર ... ઉછળે છે૦ ૪
જિનવર દેવનાં વચનો રસાળાં, તેની બનાવે સુંદર માળા,
સૂત્રે ગુંથીને ગણધાર, ઉછળે છે૦ ૫
એવી મંગળમાળા કંઠમાં ધારજો, માનવજીવનને સફળ બનાવજો,
કરજો આત્માનો ઉધ્ધાર ... ઉછળે છે૦ ૬
ગુરૂજી છે પંચ મહાવ્રતધારા, ધરે શીલાંગ અઢાર હજારા,
પાળે છે અક્ષત આચાર ... ઉછળે છે૦ ૭
અષ્ટ પ્રવચનમાતાને પાળતા, દૂષણો સઘળાં દૂર જ ટાળતા,
શિરે જિનઆણા ધરનાર. ઉછળે છે૦ ૮
**જંબૂ** કહે એવા ગુરૂજીને વંદના, ટાળે અનાદિ કર્મોની ફંદના,
ઉતારે ભવજલથી પાર ... ઉછળે છે૦ ૯



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૬૨ (રાગ - રાખનાં રમકડાંને ...)

જ્ઞાનકેરા દીવડા ગુરૂરાજે, હાં રે ગુરૂરાજે પ્રગટાવ્યા રે,
કાળ અનાદિકેરાં મનથી, મોહતિમિર હઠાવ્યાં રે ... જ્ઞાનકેરા૦ ૧
સૂત્રની દેશના આપે ગુરૂજી, મીઠી અતિ મનોહારા,
વીરજિણંદની વાણી સુણાવે, આનંદ આવે અપારા રે. જ્ઞાનકેરા૦ ૨
મોહને ટાળી અંતર દષ્ટિ, ખોલે સદ્‌ગુરૂરાયા,
ભવનાટકનો ખેલ બતાવે, જૂઠી જગતની માયા રે ... જ્ઞાનકેરા૦ ૩
પ્રવચન અંજન સદ્‌ગુરૂ આંજે, ભાખી જિનવર વાણી,
મનના સઘળા સંશય ભાંજે, અવધારો ભવિપ્રાણી રે ... જ્ઞાનકેરા૦ ૪
ભવિજન જિનવરધર્મ આરાધો, અવસર ઝટ વહી જાવે,
ધર્મ વિનાના પ્રાણી છેવટ, ખાલી હાથે જાવે રે ... જ્ઞાનકેરા૦ ૫
ઝાંઝવાનીર જેવા પુદ્‌ગલના, સુખ પાછળ કિમ દોડો,
સાચા સુખને ગુરૂજી બતાવે, ધર્મમાં પ્રીતડી જોડો રે ... જ્ઞાનકેરા૦ ૬
મનમંદિરમાં નિત્ય વસાવો, ગુરૂવરકેરી વાણી,
આનંદ મંગળને કરનારી, અમૃતરસની ખાણી રે ... જ્ઞાનકેરા૦ ૭
નિત્ય ભવિજન સુણવા આવો, દુર્લભ સદ્‌ગુરૂસંગ,
શિવપુરપંથ બતાવી ધર્મનો, ગુરૂજી લગાવે રંગ રે ... જ્ઞાનકેરા૦ ૮
**જંબૂ** કહે એવા ગુરૂવરને, વંદું કોટિવારા,
જન્મ-મરણનો ફેરો ટાળી, ઉતારે ભવપારા રે ... જ્ઞાનકેરા૦ ૯

૬૩ (રાગ - ગિરિવર દરિશન વિરલા પાવે ...)

ગુરૂવરવાણી વિરલા પાવે, પૂરવ સંચિત કર્મ ખપાવે ... ગુરૂવર૦
તીર્થંકરભગવંતની વાણી, ઉપદેશમાંહી ગુરૂજી સુણાવે ... ગુરૂવર૦
એકએક અક્ષર ભાવથી સુણતાં, કર્મ અનંતની નિર્જરા થાવે ... ગુરૂવર૦
અસંખ્યભવનાં સંચિત કર્મો, સ્વાધ્યાયયોગમાંહી લય પાવે ... ગુરૂવર૦
ક્ષમાશ્રમણ શ્રી સંઘદાસગણી, વ્યવહારભાષ્યમાં એમ બતાવે ... ગુરૂવર૦
ભવાભિનંદી બની પરભાવે, આત્માને રમતાં અટકાવે ... ગુરૂવર૦



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કાચની કાયા ખોટી માયા, પરભવમાં કોઈ સાથે ન આવે ... ગુરૂવર૦
પૂર્વજન્મથી એકલો આવ્યો, એકલો જીવ પરભવમાં જાવે ... ગુરૂવર૦
ધર્મ છે સાચું ધન એક જગમાં, ભવભવમાંહે સુખી બનાવે ... ગુરૂવર૦
ગુણો અનંતા છે સત્તામાં, આવરણો દૂર કરી પ્રગટાવે ... ગુરૂવર૦
પુણ્યવંતા ભવિ વ્યાખ્યાન સુણવા, ગુરૂમંદિર નિત્ય આવો ભાવે. ગુરૂવર૦
કાષ્ઠની નૌકાસમા ગુરૂરાજા, પોતે તરે ને બીજાને તરાવે ... ગુરૂવર૦
એવા ગુરૂજીના ચરણે **જંબૂ**, કોટિ કોટિ શિર નમાવે ... ગુરૂવર૦

૬૪ ( રાગ - મોહનકી મુરલીયાં બાજે ...)

ગુરૂવાણીવીણા વાગે, ઓ ... ઉપદેશ મનોહર લાગે,
શ્રી વીતરાગ જિનેશ્વરદેવે, ભાખી અમીયસમાણી;
ગણધરદેવને હાથે અંગ-ઉપાંગરૂપે ગુંથાણી.
વાણીને ગુરૂજી સુણાવે .. ઓ ... ઉપદેશ૦ ૧
વૈરાગ્યરસથી પૂર્ણ ભરેલી, ઉપશમઅમૃત ઝરતી;
ભવસંતાપતપેલા જીવના, સંતાપો દૂર હરતી.
ગુરૂ વાણી સુધા વર્ષાવે .. ઓ ઉપદેશ૦ ૨
મિથ્યાત્વતરૂવરને ગુરૂજી, મૂલમાંથી ઉખાડે;
સિંચી વચનામૃત નિરંતર, ધર્માંકુર ઉગાડે.
સદ્ગતિ-શિવસુખફળ થાવે .. ઓ ... ઉપદેશ૦ ૩
ગુરૂવાણીની વીણામાંથી, પ્રગટે આનંદકારી;
સપ્તભંગી ને સાત નયોરૂપી, સાત સ્વર મનોહારી.
અનુયોગો ચાર બતાવે .. ઓ ઉપદેશ૦ ૪
અજેય નયચક્રથી ગુરૂજી, ચક્રવર્તી થઈ ફરતા;
અનેકાન્તનો આશ્રય લઈને, પરમતછેદન કરતા.
શાસનનો ધ્વજ ફરકાવે .. ઓ ઉપદેશ૦ ૫
પંચમહાવ્રતપાલનહારી, જ્ઞાન-ધ્યાન મનોહારી;
આત્મરમણતામાંહી રમતા, પુદ્ગલસંગ નિવારી.
પરમાતમધ્યાન લગાવે .. ઓ ... ઉપદેશ૦ ૬



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જંબૂ કહે એવા ગુરૂવરને, વંદું શિર નમાવી;
ભવજલથી જે પાર ઉતારે, સમકિતરત્ન પમાવી.
આનંદ અપૂરવ થાવે .. ઓ ... ઉપદેશ૦ ૭

**૬૫** (રાગ - દર્શન કરવાને અમે આવીયા રે કાંઇ આંગીનો રૂડો ..)

ગુરૂજી કહે છે સુણો ભવિકજન, કરો આત્માનો વિચાર રે, મિથ્યા માયા સંસારની. ૧
તન-ધનં-યૌવન અશાશ્વતાં રે, ક્ષણમાં પામે વિનાશ રે. મિથ્યા૦ ૨
અણધારી વાગશે કાળની ઘંટડી, ઉપાડી જશે યમરાજ રે. મિથ્યા૦ ૩
એકગતિમાંથી જીવ બીજી ગતિમાં, રખડે નિત્ય સંસાર રે. મિથ્યા૦ ૪
કર્યાં કર્મો જીવ એકલો ભોગવે, થાય ન કોઇ સહાય રે. મિથ્યા૦ ૫
મારૂં તારૂં તમે શાને કરો છો, સ્વાર્થી સહુ પરિવાર રે ... મિથ્યા૦ ૬
અશુચિ કાચી માટીની કાયા, શાને કરો શણગાર રે ... મિથ્યા૦ ૭
મન-વચ-કાયયોગે આશ્રવથી, કર્મો સવિ બંધાય રે ... મિથ્યા૦ ૮
ભવિજન સંવરભાવને આદરો, આવતાં કર્મ રોકાય રે ... મિથ્યા૦ ૯
તપ જપ કરીને ધર્મ આરાધો, કર્મની નિર્જરા થાય રે ... મિથ્યા૦ ૧૦
ધર્મ જ એક છે સાચો સહાયક, ભવજલતારણહાર રે ... મિથ્યા૦ ૧૧
લાખ ચોરાશી ફેરા અનંત ફર્યા, લોકમાંહે ચૌદરાજ રે ... મિથ્યા૦ ૧૨
પુણ્યથી નરભવ પામ્યા છો આજે, કરો સમકિત ઉજમાળ રે. મિથ્યા૦ ૧૩
એવી મનોહર દેશના સુણાવે, થાયે આનંદ અપાર રે ... મિથ્યા૦ ૧૪
જંબૂ કહે એવા ગુરૂજીને વંદું, નિત્ય નિત્ય કોટિવાર રે ... મિથ્યા૦ ૧૫

**૬૬** (રાગ - આહા કેવું ભાગ્ય જાગ્યું ...)

ધન્ય દિવસ આજ મારે, યોગ ગુરૂજીનો મળ્યો,
યોગ ગુરૂજીનો મળ્યો, ઉપદેશ ગુરૂજીનો મળ્યો ... ધન્ય૦ ૧
ગુરૂરાજના મુખમાંથી, સુધાસમ વચનો ખરે,
દૂર હરે સંસારના, સંતાપને દિલડાં ઠરે ... ધન્ય૦ ૨
જ્ઞાનનો તો છે ખજાનો, વાણીની ગંગા વહે,
ચમત્કારક ચિત્તમાંહી, નવી નવી વાતો કહે ... ધન્ય૦ ૩



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સંવરીને દ્વારબંધી, કર્મબંધનની કરે,
શાસ્ત્રને સિદ્ધાંતરૂપી, જ્ઞાનદીપક કર ધરે .... ધન્ય૦ ૪
ક્રિયાધારી સંયમી જે, આત્મમંદિર શોધતા,
દૂર ટાળે કર્મ કચવર, આશ્રવોને રોધતા ... ધન્ય૦ ૫
ક્રોધને જીતે ક્ષમાથી, નમ્રતાથી માનને,
જીતે માયા સરલતાથી, લોભને સંતોષધને ... ધન્ય૦ ૬
**જંબૂ** કહે એવા ગુરૂજીને, નિત્ય વંદું ભાવથી,
ભવઅટવીથી જે ઉતારે, શિવપુરના સારથિ ... ધન્ય૦ ૭

૬૭ (રાગ - જીવનકી નાવ ન ડોલે ...)

ગુરૂવરની વાણી સુણી રે, ધન્ય બને જન્મ અમારે;
જાગી છે ભાગ્યદશા રે, ધન્ય બને જન્મ અમારે.
ગુરૂજી જ્ઞાનમય, અમે અજ્ઞાનમય; અજ્ઞાન દૂર નિવારે - ધન્ય૦ ૧
વીતરાગ દેવની, પાવનકારી; વાણીનો મંત્ર ઉચારે - ધન્ય૦ ૨
ભવ અનંતનું, વ્યાપેલું અંગમાં; મોહતણું ઝેર ઉતારે - ધન્ય૦ ૩
રાગ ને દ્વેષરૂપી, વાઘ ને સિંહથી; ગુરૂરાજ અમને ઉગારે - ધન્ય૦ ૪
ક્રોધાદિ ચોરને, દૂરે હઠાવી; ભવરાન પાર ઉતારે - ધન્ય૦ ૫
અમોઘ વૈરાગ્ય શાસ્ત્રને હાથમાં; આપીને ભીતિ નિવારે - ધન્ય૦ ૬
એવી મનોહર, વાણીથી વ્યાપે; આનંદ અંગે અમારે - ધન્ય૦ ૭
દેશ-વિદેશમાં, જિનેશ્વરદેવનો; અહિંસા ધર્મ પ્રચારે - ધન્ય૦ ૮
**જંબૂ** કહે એવા, ગુરૂજીને વંદું; નૈયા જે લાવે કિનારે - ધન્ય૦ ૯

૬૮ (રાગ - દેખી શ્રી પાર્શ્વતણી મૂરતિ ...)

આવો આવો ને ભવિ વ્યાખ્યાન સુણવા, **ભુવનવિજય** ગુરૂરાજ રે.
ધર્મ તણી આપે છે દેશના૦
ઉપદેશ ધારે, જન્મ સુધારે; વધારે પુણ્યની રાશ રે - ધર્મતણી૦
જ્ઞાન પ્રગટાવે, અજ્ઞાન હઠાવે; મટાવે ભવસંતાપ રે - ધર્મતણી૦



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જ્ઞાનસુધારસ-પ્યાલા પીલાવે; ઝીલાવે ઉપશમધાર રે - ધર્મતણી૦
જિનેશ્વરવાણીની, વીણા બજાવે; ગજાવે બાલાપુર ગામ રે - ધર્મતણી૦
દુ:ખો ભૂલાવે, ધર્મે ઝુલાવે; ખોલાવે વિવેક નેત્ર રે - ધર્મતણી૦
સિંચે છે ભાવે, બોધિબીજ વાવે; ઉગાવે ધર્મ અંકુર રે - ધર્મતણી૦
મોહને ભગાવે, જ્યોતિ જગાવે; લગાવે વૈરાગ્યરંગ રે - ધર્મતણી૦
**જંબૂ** કહે એવા ગુરૂજીને વંદું, તારે જે ભવજલપાર રે - ધર્મતણી૦

૬૯ (રાગ - મોહનકી મુરલીયાં બાજે ...)

ગુરૂ વાણી મધુરી સુણાવે, ઓં .. આનંદ અતિ ઉપજાવે.
વીતરાગની વાણીને ભાખે, આનંદ-મંગળકાર;
સદ્‌ગતિને શિવસુખ કરનારી, દુર્ગતિદુ:ખ હરનારી.
ઉપદેશામૃત વરસાવે .. ઓ ... આનંદ૦ ૧
જ્ઞાનદીપકની જ્યોતિ ગુરૂજી, અંતરમાં પ્રગટાવે;
કાળ અનાદિ કેરૂં મિથ્યા-મોહતિમિર હઠાવે.
સમ્યગ્દર્શન પ્રગટાવે .. ઓ ... આનંદ૦ ૨
ભવઅટવીમાં ભવ્યજીવોને, સાચો માર્ગ બતાવે;
શિવનગરીના સાર્થવાહની, પદવી સાચી ધરાવે.
ભૂલ્યાને માર્ગે લાવે .. ઓ ... આનંદ૦ ૩
સ્યાદ્‌વાદ ને સપ્તભંગીની, રચના અતિમનોહારી;
સાત નયો ને ચાર અનુયોગે, વાણી જય જયકારી
નવતત્ત્વસ્વરૂપ જણાવે ... ઓ ... આનંદ૦ ૪
કર્મબંધના હેતુ ગુરૂજી, વિસ્તારે સમજાવે;
કર્મ નિકાચિત હરવા તપના, બાર પ્રકાર બતાવે.
ધર્મનો મર્મ જણાવે .. ઓ ... આનંદ૦ ૫
આપીને ઉપદેશ નિરંતર, ધર્મમાં ગુરૂજી જોડે;
કાળ અનાદિ મોહની વાસના, વચન બાણથી તોડે.
વૈરાગ્યનો રંગ લગાવે .. ઓ ... આનંદ૦ ૬



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભવસાગરમાં નિર્યામિક જે, પંચ મહાવ્રતધારા;
એવા ગુરૂના ચરણે **જંબૂ**, વંદે કોટિવારા.
નૈયા જે પાર લગાવે ... ઓ આનંદ૦ ૭

**૭૦** (રાગ - હવામેં ઉડતા જાયે, મેરા લાલ દુપટ્ટા મલમલકા)

જિનવાણી ગુરૂજી સુણાવે,
એક ધર્મ શરણ છે ભવજલમાં .. ઓ જી ઓ જી.
સૌ સાંભળો ભવિજન ભાવે,
એક ધર્મ શરણ છે ભવજલમાં .. ઓ જી ઓ જી.
સર સર સર સર કરતો દુર્લભ, માનવભવ વહી જાવે (૨)
કરો કમાણી ધર્મની ઝટપટ, ફરી ન અવસર આવે ... જિનવાણી૦
ઝર ઝર ઝર ઝર વૈરાગ્ય ઝરતી, વાણીસુધા વર્ષાવે (૨)
ભર ભર ભર ભર વાણીસુધારસ, પીઓ ભવિજન ભાવે ... જિનવાણી૦
ફર ફર ફર ફર કરતો ગગને, શાસનધ્વજ ફરકાવે (૨)
રણ રણ રણ રણ કરતો ગુરૂજી, ધર્મનો ઘંટ બજાવે ... જિનવાણી૦
મીઠી મધુરી વાણી સુણતાં, દિલડાં ડગમગ ડોલે (૨)
સાર-અસારનું જ્ઞાન કરાવી, દિવ્યચક્ષુને ખોલે ... જિનવાણી૦
ડગ મગ ડગ મગ કરતી નૈયા ભવસાગરમાં તરાવે (૨)
**જંબૂ** કહે એવા ગુરૂવર, વંદું લળી લળી ભાવે ... જિનવાણી૦

**૭૧** (રાગ - આવો આવો દેવ મારાં સૂનાં સૂનાં દ્વાર ...)

આવો આવો નિત્ય, સુણો કરી એક ચિત્ત ગુરૂવાણી મનોહાર.
દેવ-ગુરૂ ને ધર્મનું સાચું, સ્વરૂપ કહે ગુરૂરાજ,
સુદેવ-સુગુરૂ-સુધર્મ જાણી, હર્ષ થયો અતિ આજ ... ગુરૂવાણી૦ ૧
શુશ્રૂષાથી શ્રવણ કરીને, ગ્રહણ કરો ગુરૂવેણ,
દિલમાંહી ધારો ભવિપ્રાણી, લાખેણાં ગુરૂકહેણ ... ગુરૂવાણી૦ ૨
ઉહાપોહ તે ઉપર કરતાં, આનંદ થાય અપાર,
અર્થજ્ઞાન ને તત્ત્વજ્ઞાનનો, પ્રગટે દીપ મનોહાર ... ગુરૂવાણી૦ ૩



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તપ-નિયમ ને જ્ઞાનવૃક્ષ પર, આરૂઢ થઈ ભગવાન,
ભવિજનના પ્રતિબોધને માટે, વરસાવે છે જ્ઞાન ... ગુરૂવાણી૦ ૪
ગણધરદેવો બુધ્ધિવસ્ત્રથી, ઝીલે વચન રસાળાં,
તીર્થંકરભાષિત વચનોની, કરે મનોહર માળા ... ગુરૂવાણી૦ ૫
અર્થને ભાખે અરિહંતપ્રભુ, સૂત્ર ગુંથે ગણધારી,
નિપુણ સૂત્રની થાય પ્રવૃત્તિ, શાસનને હિતકારી ... ગુરૂવાણી૦ ૬
એવી મનોહર વાણી સુણાવી, કરે મોટો ઉપકાર,
**જંબૂ** કહે એવા ગુરૂ વંદું, કોટિ કોટિ વાર ... ગુરૂવાણી૦ ૭

## ૭૨ (રાગ - હવે થોડાં થોડા થાવો વરણાગી ...)

તમે નિત્ય નિત્ય સુણો ગુરૂવાણી, ઓ ભવિ તમે નિત્ય નિત્ય સુણો ગુરૂવાણી,
ભવજલથી તારક જાણી, ઓ ભવિ તમે નિત્ય નિત્ય સુણો ગુરૂવાણી૦ ૧
ઇહલોક-પરલોકહિત કરનારી, એવી ગુરૂજી કહે છે જિનવાણી ... ઓ ભવિ૦ ૨
તમે સંવરને આદરો ને આશ્રવથી અટકો, વૈરાગ્ય હૃદયમાં આણી ... ઓ ભવિ૦ ૩
પામ્યા છો જૈનધર્મ જગતમાં મોટો, અસાર સંસારનો છોડો મોહ ખોટો,
કરો દુર્લભ ધર્મકમાણી ... ઓ ભવિ૦ ૪
બહિરાત્મા અને અંતર આત્માનું,
સ્વરૂપ બતાવે પરમાત્માનું, દિલમાં ઉતારો ભવ્યપ્રાણી ... ઓ ભવિ૦ ૫
બહિરાત્માભાવને ગુરૂજી ત્યજાવે, અંતર આત્માની ભાવના જગાવે,
બનો પરમાત્મપદધ્યાની ... ઓ ભવિ૦ ૬
**જંબૂ** કહે ગુરૂચરણે ઝુકાવું, ક્રોડ ક્રોડ વાર નિત્ય શિર નમાવું.
ભક્તિ હૃદયમાં આણી ... ઓ ભવિ૦ ૭

## ૭૩ (રાગ- આહા કેવું ભાગ્ય જાગ્યું ...)

ભાગ્ય આજે ખીલી ઉઠ્યું, ગુરૂજીનાં વચનો મળ્યાં,
ગુરૂજીનાં વચનો મળ્યાં, અજ્ઞાન સઘળાં દૂર ટળ્યાં ... ભાગ્ય૦ ૧
વૈરાગ્યસુંદર રસ ભરેલાં, મોહ તાપ શમાવતાં,
માયા મમતા દૂર કરીને, જેહ સમતા સ્થાપતાં ... ભાગ્ય૦ ૨



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મિથ્યા અનાદિ વાસના, અજ્ઞાન તિમિર ભેદતા,
દૃષ્ટાંત હેતુ તર્ક ભાખી, સર્વ સંશય છેદતા ... ભાગ્ય૦ ૩
જીવાજીવ-પુણ્ય-પાપ, આશ્રવ-સંવર-નિર્જરા,
બંધ-મોક્ષ એ તત્ત્વ નવને, વર્ણવિ શ્રી ગુરૂવરા ... ભાગ્ય૦ ૪
ષટ્દ્રવ્ય ને સ્યાદ્વાદનું, સુંદર સ્વરૂપ બતાવતા,
જ્ઞાનદીપકને ગુરૂજી, હૃદયમાં પ્રગટાવતા ... ભાગ્ય૦ ૫
મોહથી ભૂલા પડેલા, જે ભમે ભવરાનમાં,
પંથ શિવપુરનો બતાવી, લાવે તેહને સ્થાનમાં ... ભાગ્ય૦ ૬
દશદૃષ્ટાંતે દોહિલો, નરજન્મ મહાપુણ્યે મળ્યો,
**જંબૂ** કહે ગુરૂરાજયોગે, આંગણે સુરતરૂ ફળ્યો ... ભાગ્ય૦ ૭

**૭૪** (રાગ - દર્શન કરવાને અમે આવીયા ને કાંઇ આંગીનો ...)

ગુરૂજીના મુખમાંથી વાણી ઝરે છે, તેનો ઝીલે છે ભવિજન સાર રે,
ગુરૂજીની વાણી ભલી.
**ભુવનવિજય** ગુરૂરાજ પધાર્યા, આનંદનો નહીં પાર રે ... ગુરૂજીની૦
પુનિત પગલાં ગુરૂજીનાં થયાં, બાલાપુર ગામ મોઝાર રે ... ગુરૂજીની૦
વ્યાખ્યાન સુંદર વાંચે છે ગુરૂજી, મુગ્ધ બન્યા છે નરનાર રે ... ગુરૂજીની૦
જ્ઞાન-દર્શન-ચારિત્ર એ યોગને, આદરતાં જાય સંસાર રે ... ગુરૂજીની૦
ધન્યકુમારની કથાને સુણતાં, ઉપજે હર્ષ અપાર રે ... ગુરૂજીની૦
વિવિધ તપ ગુરૂજીએ કરાવ્યા, આનંદ આનંદકાર રે ... ગુરૂજીની૦
શાસ્ત્રરહસ્ય સમજાવે ગુરૂજી, સંશય છેદનહાર રે ... ગુરૂજીની૦
જૈનશાસનનો ડંકો બજાવે, કરતા જગ ઉપકાર રે ... ગુરૂજીની૦
સંવત બે હજાર પાંચમાં રે, ચોમાસે બાલાપુરમાંહ્ય રે ... ગુરૂજીની૦
**જંબૂ** કહે ગુરૂરાજપસાયે, વર્ત્યો જય જયકાર રે ... ગુરૂજીની૦

**૭૫** (રાગ- પાર્શ્વપ્રભુજી રે વિનંતિ મોરી માનના ...)

ગુરૂવરવાણી રે, હૃદયમાંહી ધારજો,
વચનો મજાનાં, જ્ઞાનખજાના, જ્ઞાનખજાના,



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દિલમાં ઉતારી રે, અજ્ઞાન દૂર ટાળજો ... ગુરૂવર૦ ૧
અહિંસા ધર્મને, ગુરૂજી સુણાવે, ગુરૂજી સુણાવે.
કોઈ જીવોને રે પીડા ન કદી આપજો ... ગુરૂવર૦ ૨
પ્રિય હિતકર સત્ય, વાણી ઉચ્ચારો, વાણી ઉચ્ચારો,
અસત્યભાષણ રે, સજ્જનો નિત્ય છાંડજો ... ગુરૂવર૦ ૩
નહીં આપેલી, વસ્તુ ન લઈએ, વસ્તુ ન લઈએ.
મોહ ત્યજીને રે, સંતોષી ચિત્ત રાખજો ... ગુરૂવર૦ ૪
**જંબૂ** કહે એવી, ગુરૂવાણી સુણવા, ગુરૂવાણી સુણવા,
ભાવ ધરીને રે, ભવિકો નિત્ય આવજો ... ગુરૂવર૦ ૫

**૭૬** (રાગ - હવે થોડાં થોડાં થાઓ વરણાગી ...)

તમે ધર્મ તણા થાઓ અનુરાગી,
ઓ ભવિ તમે ધર્મતણા થાઓ અનુરાગી,
જાય ભવભાવઠ સવિ ભાગી,
ઓ ભવિ તમે ધર્મતણા થાઓ અનુરાગી.
દેવ-ગુરૂ-ધર્મની કરો આરાધના,
ગુરૂવાણીની વાંસલડી વાગી ... ઓ ભવિ૦ ૧
દુર્લભ ફરીફરી અવસર નહીં મળશે,
હવે આળશ દ્યો બધી ત્યાગી ... ઓ ભવિ૦ ૨
પતંગસરિખો રંગ સંસારમાં, ઉડી જશે ક્ષણ એક જ વારમાં,
ત્યજી મોહને બનો વૈરાગી ... ઓ ભવિ૦ ૩
આયુષ્ય પલ પલ ઓછું થાય છે, યમરાજ દિવસો ગણતો જાય છે,
ઉઠો મોહની નિંદમાંથી જાગી ... ઓ ભવિ૦ ૪
ધર્મ છે સાચો તારક જગમાં, વસાવો સાચી શ્રદ્ધા રગરગમાં,
મિથ્યાત્વ જાય દૂર ભાગી ... ઓ ભવિ૦ ૫
લાખેણી શાસ્ત્રોની વાતો સુણાવે, આનંદની ગુરૂ લ્હેરો લ્હેરાવે,
સુણી જીવન બન્યું ધન્યભાગી ... ઓ ભવિ૦ ૬



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જંબૂ કહે એવા ગુરૂજીને વંદના, ટાળે અનાદિ કર્મોની ફંદના,
જે શાસનના સાચા છે રાગી ... ઓ ભવિ૦ ૭

૭૭ (રાગ- નેમજીએ મોકલી માળા ગુલાબની)

ગુરૂજીની વાણી અમૃતસારખી,
મીઠી મનોહર લાગે, સંતાપ દૂર ભાગે, શ્રદ્ધા જાગે અંતરમાં ...
શિવપુરના ગુરૂ સારથવાહ, સાચો બતાવે મોક્ષનો રાહ,
ઉપદેશ સુંદર આપે, મિથ્યાત્વને કાપે, આનંદ વ્યાપે હૃદયમાં ... ગુરૂજીની૦ ૧
અજ્ઞાની જીવના છે તારણહાર, કલિયુગમાંહી વ્યાપ્યા અંધકાર,
સમકિત દીપ પ્રગટાવે, તિમિરને હઠાવે, મિટાવે ફેરા સંસારના ... ગુરૂજીની૦ ૨
દેશ-વિદેશમાં કરે વિહાર, જૈન ધર્મનો કરે પ્રચાર
કષ્ટ અનેક ઉઠાવે, હૃદય પલટાવે, પ્રગટાવે ધર્મની ભાવના ... ગુરૂજીની૦ ૩
મૈત્રી-પ્રમોદ-કરૂણાના ભંડાર, મધ્યસ્થ ભાવના ભાવે એ ચાર,
જ્ઞાનની રેલ રેલાવે, પ્રકાશમાં લાવે, ફેલાવે ધર્મ જગતમાં ... ગુરૂજીની૦ ૪
ગુણોતણા છે ગુરૂજી ભંડાર, અઢાર સહસ શીલાંગના ધાર,
પંચ મહાવ્રત પાળે, જીવન દિવ્ય ગાળે, અતિચાર ટાળે સંયમના ... ગુરૂજીની૦ ૫
એવા ગુરૂજીના ચરણમોઝાર, ત્રિકરણયોગે કોટિકોટિવાર,
જંબૂ શિર નમાવે, ગુરૂગુણ ગાવે, હર્ષ ન માવે હૃદયમાં અપાર ગુરૂજીની૦ ૬

૭૮ (રાગ - લાખ લાખ દીવડાની આરતી ઉતારજો ...)

લાખ લાખ ગુણોથી ગુરૂજી છે શોભતા, પંચ મહાવ્રતધાર ...
નિત્ય કરૂં ગુરૂજીને વંદના
દશપ્રકારે યતિધર્મોને પાલતા, સંયમ સત્તર પ્રકાર ...
નિત્ય કરૂં ગુરૂજીને વંદના ૧
દશવિધ વૈયાવચ્ચને કરતા, નવવિધ બ્રહ્મચર્યગુપ્તિને ધરતા,
રત્નત્રયીના ભંડાર ... નિત્ય કરૂં૦ ૨
બાહ્ય અભ્યંતર દોય આદરતા, બાર પ્રકારે તપ આચરતા,
નિગ્રહે કષાયો ચાર ... નિત્ય કરૂં૦ ૩



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પિંડવિશુદ્ધિચતુર્વિધપાલે, પંચસમિતિનારંગમાંમ્હાલે,
ભાવે છે ભાવના બાર ... નિત્ય કરૂં૦ ૪
સાધુની બાર પ્રતિમાઓ આચરતા, પાંચ ઈંદ્રિયનો નિગ્રહ કરતા,
પાળે છે ઉત્તમ આચાર ... નિત્ય કરૂં૦ ૫
પચીશબોલે પડિલેહણ કરતા, મનો-વચન-કાયગુપ્તિને ધરતા.
ધારે અભિગ્રહ ચાર ... નિત્ય કરૂં૦ ૬
કષ્ટ અનેક સહી જગમાં વિચરતા, ભવ્યજીવોને ધર્મમાં પ્રેરતા,
જગમાંહી કરતા ઉપકાર ... નિત્ય કરૂં૦ ૭
જગમાં જે ધર્મની જ્યોતિ પ્રગટાવે, અધર્મ અજ્ઞાન દૂરે હઠાવે,
પ્રગટાવે સમકિત મનોહાર ... નિત્ય કરૂં૦ ૮
એવા ગુરૂજીને બે કર જોડી, **જંબૂ** વંદે છે વાર કોડિકોડિ,
હર્ષ ધરીને અપાર, નિત્ય કરૂં૦ ૯

**૭૯** (રાગ - જીવનકી નાવ ન ડોલે ...)

કર્મવિચારતણી રે, હાં ગુરૂ વાત સુણાવે,
સમ્યક્ત્વ શુદ્ધ બનાવે, હાં ગુરૂ વાત સુણાવે,
જ્ઞાનાવરણીય ને, દર્શનાવરણીય, કર્મોનો ભેદ કરાવે ... હાં ગુ૦
વેદનીય કર્મ કહી સાતા અસાતા, વેદનાને દૂર હઠાવે ... હાં ગુ૦
મોહનીયકર્મની, માયા બતાવી, અંતરની દષ્ટિ ખુલાવે ... હાં ગુરૂ૦
આયુષ્યકર્મનું, બંધન જાણાવી, ભવનિર્વેદ કરાવે ... હાં ગુરૂ૦
નામગોત્રકર્મ કહી, ભિન્નભિન્ન ઉચ્ચનીચ, ભાવોને દૂર કરાવે ... હાં ગુરૂ૦
અંતરાયકર્મનું સ્વરૂપ બતાવી, અંતરાય દૂર હઠાવે ... હાં ગુરૂ૦
અદ્‌ભુત રચના, કર્મોની વર્ણવી, વૈરાગ્ય ભાવ જગાવે ... હાં ગુરૂ૦
અસ્થિર સંસારના, અસ્થિર ભાવો, ચિત્તમાંહી નિત્ય ઠસાવે ... હાં ગુરૂ૦
દિવ્ય મનોહર, પ્રવચન અંજન, આંખોમાં રોજ લગાવે ... હાં ગુરૂ૦
એવા ગુરૂનો યોગ, નિત્ય નિત્ય ચાહું, ગુરૂ વિના કોણ બચાવે ... હાં ગુરૂ૦
**જંબૂ** કહે એવા, ગુરૂજીને વંદું, અધ્યાત્મ રંગ લગાવે ... હાં ગુરૂ૦



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ૮૦ ચૈત્યવંદનની વિધિ દર્શાવતી ગહુંલી

(રાગ - જીવનકી નાવ ન ડોલે ...)

ચૈત્યવંદનતણી રે, હાં ગુરૂ વિધિ બતાવે;
દર્શન વિશુદ્ધ બનાવે હાં ગુરૂ વિધિ બતાવે.
નિસ્સીહીત્રિક કહી પાપવ્યાપારનો, નિષેધ જેહ કરાવે ... હાં ગુરૂ૦
પ્રદક્ષિણાથી ત્રણ, વાર જ્ઞાન દર્શન, ચારિત્ર રત્ન પમાવે ... હાં ગુરૂ૦
પ્રણામત્રિક કહી, જિનેશ્વરદેવને, નમવાની રીત જણાવે ... હાં ગુરૂ૦
ત્રિધાપૂજા ને કહે, ત્રણ અવસ્થા, ત્રણદિશિ દષ્ટિ ત્યજાવે ... હાં ગુરૂ૦
ભૂમિપ્રમાર્જન, આલંબનમુદ્રા, પ્રણિધાન ત્રણ બતાવે ... હાં ગુરૂ૦
ભાવજિન દ્રવ્યજિન, એક ચૈત્ય નામ જિન, સર્વલોક ચૈત્ય પૂંજાવે હાં ગુરૂ૦
વિહરમાન શ્રુત, જ્ઞાન સિદ્ધ મહાવીર, ગિરનારે નેમિ નમાવે ... હાં ગુરૂ૦
અષ્ટાપદ વંદી, શાસનદેવની, સ્મૃતિને ગુરૂજી કરાવે ... હાં ગુરૂ૦
ભિન્ન ભિન્ન એવા, બાર અધિકારો, સૂત્રોમાં ગુરૂજી ઘટાવે ... હાં ગુરૂ૦
પ્રત્યેક સૂત્રના, અક્ષરને સંપદા, ગણીને ગુરૂજી બતાવે ... હાં ગુરૂ૦
આશાતનાઓનું, સ્વરૂપ જણાવી, આશાતના દૂર ટળાવે ... હાં ગુરૂ૦
એવાં મનોહર, ભિન્ન ભિન્ન ચોવીશ, દ્વારોને ગુરૂજી બતાવે ... હાં ગુરૂ૦
એવા ગુરૂજીનાં ચરણોમાં **જંબૂ**, નિત્ય નિત્ય શિર નમાવે ... હાં ગુરૂ૦

## પર્યુષણપર્વની ગહુંલીઓ

### **૮૧** (રાગ - સિદ્ધાચલના વાસી જિનને ક્રોડો પ્રણામ ..)

મંગળ પર્વ પજુસણ આજે, આનંદ અપાર, આજે આનંદ અપાર.
જિનમંદિરે નોબત વાજે, દુંદુભિ નાદો ગગને જાગે,
ઘંટા રણ રણકાર ... આજે૦ ૧
એક જ વાર વરસમાં આવે, ભવિજન મનમાં હર્ષ ન માવે,
સવિપર્વોમાં સાર ... આજે૦ ૨
પ્રતિક્રમણ નિત્ય વિધિશું કરીએ, પ્રભાતમાં જિનનામ સમરીએ,
તરવા આ સંસાર ... આજે૦ ૩



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જિનપૂજા જિનઆંગી રચાવો, પ્રભુજીને કંઠે માળ પ્હેરાવો
ચડાવો શણગાર ... આજે૦ ૪
ગુરૂવરની નિત્ય વાણી સુણીજે, ધર્મ આરાધી કર્મ હણીજે,
સમજી પર્વનો સાર ... આજે૦ ૫
પર્વ અનુપમ એહ આરાધી, આત્માનું હિત લેજો સાધી,
ઉતરવા ભવપાર ... આજે૦ ૬
પર્વ એ આનંદ મંગળકારી, **જંબૂ** કહે સહુ પર્વમાં ભારી,
વર્તે જય જયકાર ... આજે૦ ૭

૮૨ (રાગ - નાગરવેલીઓ રોપાવ ...)

ભવિજન આદરો સુખકાર, આવ્યાં પર્વ પજુસણ આજ;
મહિમા એનો છે અપાર, આવ્યાં પર્વ પજુસણ આજ.
એ પર્વમાં શ્રેષ્ઠ ગણાય, સવિ શિરોમણિ કહાય,
આજે આનંદ અપાર ... આવ્યાં૦ ૧
અમારિપડહ વગડાવો, સવિજીવને અભય અપાવો
સર્વ ધર્મનો એ સાર ... આવ્યાં૦ ૨
સાધર્મિકભક્તિ ધરાવો, વાત્સલ્યને દિલમાં લાવો,
શ્રાવકધર્મનો શણગાર ... આવ્યાં૦ ૩
ચૈત્યપરિપાટી કરાવો, પ્રભુજીની આંગી રચાવો,
જિનદર્શન આનંદકાર ... આવ્યાં૦ ૪
નાગકેતુની પરે ભાવો, અટ્ઠમ તપ દિલમાં ધ્યાવો,
આલોયણ માસની બાર ... આવ્યાં૦ ૫
સવિજીવને ખમો ખમાવો, વેર દિલમાં નહીં લાવો,
મંગળપર્વનો એ સાર ... આવ્યાં૦ ૬
એમ કૃત્યો પાંચ પ્રકારે, ગુરૂ સમજાવે વિસ્તારે,
આરાધો ભલી પ્રકાર ... આવ્યાં૦ ૭
મૂકી સવિ ઘરની ઉપાધિ, આ આઠ દિવસ આરાધી,
કરો આત્મ-ઉદ્ધાર ... આવ્યાં૦ ૮



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એકવાર જ વર્ષમાં આવે, કહે જંબૂ આરાધો ભાવે,
કરો સફળ નરઅવતાર... આવ્યાં૦ ૯

## ૮૩ (રાગ - તાલીઓના તાલે, ગોરી ગરબે ...)

અંતરમાં થાયે આજ આનંદ અપાર રે,
પર્યુષણ આજ, સોહે પર્યુષણ આજ.
સર્વે પર્વોમાં એ પર્વ શિરતાજ રે,
પર્યુષણ આજ, સોહે પર્યુષણ આજ૦ ૧
હર્ષભેર આવીએ ને, પર્વ એ આરાધીએ,
સજી સહુ સાજ રે ... પર્યુષણ૦ ૨
આવો આવો ભવિ નિત્ય આવો આવો,
દિલમાંહે મહિમાને તમે પર્વકિરો ધ્યાવો,
વર્ણવિ ગુરૂરાજ રે ... પર્યુષણ૦ ૩
આનંદકારી અતિ આનંદકારી, મંગળકારી મહામંગળકારી,
ભવજલ તરવા એ પર્વ છે જહાજ રે ... પર્યુષણ૦ ૪
શુદ્ધ કરી ચિત્ત શુદ્ધ કરી, ભક્તિ ધરી અતિ ભક્તિ ધરી,
**જંબૂ** કહે આરાધો એ પર્વાધિરાજ રે .. પર્યુષણ૦ ૫

# કલ્પસૂત્રની ગહુંલીઓ

## ૮૪ પ્રથમ વ્યાખ્યાનની ગહુંલી

(રાગ - દેખી શ્રી પાર્શ્વતણી મૂરતિ ...)

કલ્પસૂત્રતણી વાચના ગુરૂજી, આપે અતિમનોહર રે,
ભવિજન સુણવા સહુ આવજો,
કલ્પસૂત્રતણો મહિમા અપાર છે, સુણો થઇ એકતાન રે - ભવિ૦
જ્ઞાની ગુરૂજી કહે, શાસ્ત્ર એ સુણતાં, નીપજે ક્રોડ કલ્યાણ રે - ભવિ૦
એકવીશ વાર જે સૂત્ર એ સાંભળે, પામે તે શિવપુરસ્થાન રે - ભવિ૦
જિનચરિત્ર ને, સ્થવિરાવલી વળી, સામાચારી વખાણ રે - ભવિ૦



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એ ત્રણ અધિકાર, સૂત્રમાં સુણતાં, પ્રગટે પુણ્યનિધાન રે - ભવિ૦
ભદ્રબાહુસ્વામી, ચૌદપૂર્વી એના, કર્તા છે કેવલીસમાન રે - ભવિ૦
મહોત્સવ કરી ઘેર, સૂત્ર પધરાવો, પૂજો કરી બહુમાન રે - ભવિ૦
જંબૂ કહે જ્ઞાનપૂજાથી વરીએ, આનંદ-મંગલમાળ રે - ભવિ૦

## ૮૫ બીજા વ્યાખ્યાનની ગહુંલી

(રાગ - રાખનાં રમકડાંને ...)

દશમા એ સ્વર્ગમાંથી ચ્યવીયા, મારા વીરપ્રભુજી ચ્યવીયા રે,
નમુત્થુણંનો પાઠ ભણીને, સૌધર્મેન્દ્રે સ્તવીયા રે ... દશમા૦ ૧
એક બ્રાહ્મણ ઋષભદત્ત છે, માહણકુંડ ગ્રામે,
શીલવતી તસ સુંદરી સોહે, દેવાનંદા નામે રે ... દશમા૦ ૨
તાસ કુક્ષિમાં વીરપ્રભુજી, અનંતગુણથી ભરિયા,
અષાઢ સુદિ છઠના દિવસે, સ્વર્ગ થકી અવતરિયા રે ... દશમા૦ ૩
દેવાનંદા મધ્યરાત્રિએ, નિદ્રામાંહિ દેખે,
મંગળકારી ચૌદ મનોહર, દિવ્ય સ્વપ્નને પેખે રે ... દશમા૦ ૪
દિવ્ય મનોહર સિંહ છે પહેલો, બીજે ગજવર સોહે,
સુંદર શૃંગને ધરતો ત્રીજો, વૃષભ મનને મોહે રે ... દશમા૦ ૫
ચોથે શ્રીદેવીને દેખે, પાંચમે ફૂલની માળા,
છઠ્ઠે ચંદ્રનું બિંબ અનુપમ, સાતમે સૂર્ય વિશાળા રે ... દશમા૦ ૬
ગગનાંગણમાં ફર ફર કરતો, ધ્વજ આઠમો રાજે,
સોનાકેરી ઘમ ઘમ કરતી, ઘંટડીઓથી ગાજે રે ... દશમા૦ ૭
નવમો પૂર્ણકળશ ને દશમું, પદ્મસરોવર સોહે,
અગ્યારમો ક્ષીરસમુદ્ર બારમું, દેવભુવન મન મોહે રે ... દશમાં૦ ૮
તેરમો રત્નનો રાશિ ચૌદમી, અગ્નિશિખા ધૂમવર્જિ,
એમ મનોહર સ્વપ્નો દેખી, દેવાનંદા હરખી રે ... દશમા૦ ૯
ઈંદ્ર ચિંતવે સવિ તીર્થંકર, ક્ષત્રિયાણી જાયા,
બ્રાહ્મણીકુક્ષિથી નવિ જન્મે, કોઇ જિનેશ્વરરાયા રે દશમા૦ ૧૦



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જંબૂદ્વિપના ભરતક્ષેત્રમાં, ક્ષત્રિયકુંડ ગ્રામે,
સિધ્ધારથરાજાની રાણી, ત્રિશલાદેવી નામે રે ... દશમા૦ ૧૧
દેવાનંદાકુક્ષિમાંથી, ગર્ભનું હરણ કરાવે,
હરિનૈગમેષીદ્વારા ત્રિશલા-કુક્ષિમાં પધરાવે રે ... દશમા૦ ૧૨
ત્રિશલાએ ચોર્યાં મુજ સ્વપ્નો, દેવાનંદા દેખે,
તેજસ્વી તે ચૌદ સ્વપ્નને, ત્રિશલામાતા પેખે રે ... દશમા૦ ૧૩
ત્રિશલામાતાકુક્ષિમાંહિ, વીરપ્રભુજી આવે,
સિધ્ધારથરાજાના ઘરમાં, આનદ મંગળ થાવે રે ... દશમા૦ ૧૪
એવી મનોહર કલ્પસૂત્રની, વાણી સુણે જે હર્ષે,
**જંબૂ** કહે તે શિવપુરસુખની, મંગળમાળા વરશે રે ... દશમા૦ ૧૫

## ૮૬ ત્રીજા વ્યાખ્યાનની ગહુંલી

(રાગ - ઓ દૂર જાને વાલે ...)

શ્રીકલ્પસૂત્રવાણી, ગુરૂજી કહે અમારા, ગુરૂજી કહે અમારા,
સુણતાં મધુર વાણી, આનંદ થાય અપારા ... શ્રી કલ્પસૂત્ર૦
નિરખીને ચૌદ સુંદર, સ્વપ્નોને નિંદમાંહી,
જાગ્યાં શ્રી વીરમાતા, હર્ષ ધરે અપારા ... શ્રી કલ્પસૂત્ર૦ ૧
આવ્યાં ઉઠીને રાણી, સિધ્ધાર્થરાય પાસે,
મીઠાં મધુર વચનો, ભાખે જગાડનારાં ... શ્રી કલ્પસૂત્ર૦ ૨
સુણી સ્વપ્ન અર્થ ચિંતી, સિધ્ધાર્થભૂપ બોલે,
જોયાં તમે એ દેવી, સ્વપ્નો અતિ ઉદારાં ... શ્રી કલ્પસૂત્ર૦ ૩
દેવાનુપ્રિયા તમને, અર્થનો લાભ હોશે,
થશે રાજપુત્ર કુળની, કીર્તિ વધારનારા ... શ્રી કલ્પસૂત્ર૦ ૪
ઈચ્છિત કહો છો સ્વામી, ફળજો તમારી વાણી,
એમ રાજવાણી ઝીલે, ત્રિશલાજી પ્રીતિકારા ... શ્રી કલ્પસૂત્ર૦ ૫
સિધ્ધાર્થરાજ હર્ષે, કરે સેવકોને આજ્ઞા,
બોલાવો પંડિતોને, સ્વપ્નાર્થ જાણનારા ... શ્રી કલ્પસૂત્ર૦ ૬



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચાલ્યા ઉઠીને રાજા, અટ્ટનશાલામાંહે,
જઈને કરાવે મર્દન, સર્વાંગસુખકારાં ... શ્રી કલ્પસૂત્ર૦ ૭
આવીને સ્નાનઘરમાં, કરી સ્નાન સર્વ અંગે,
રાજા સભામાં આવ્યા, સજી આભૂષણ સારાં ... શ્રી કલ્પસૂત્ર૦ ૮
આવીને સ્વપ્નપાઠક, શ્રી રાજપુત્રકેરી,
ભાખે ભવિષ્યવાણી, કરી સ્વપ્નના વિચારા ... શ્રી કલ્પસૂત્ર૦ ૯
થશે ચક્રવર્તી અથવા, અરિહંત થઈને રાજન્,
ઉદ્યોત કરશે જગમાં, કરી ધર્મના પ્રચારા ... શ્રી કલ્પસૂત્ર૦ ૧૦
એવી પવિત્ર ગુરૂની, વાણીસુધાની ધારા,
**જંબૂ** કહે છે દિલમાં, ઉપજાવે હર્ષ અપારા ... શ્રી કલ્પસૂત્ર૦ ૧૧

## ૮૭ ચોથા વ્યાખ્યાનની ગહુંલી

(રાગ - રાખનાં રમકડાંને ...)

માતકેરા ગર્ભમાંહી ચિંતે, પ્રભુ ચિંતે વીર જિનરાયા રે,
મુજ ચલનથી દુઃખી થાશે, માતની કોમળ કાયા રે ... માતકેરા૦ ૧
એમ વિચારી અંતરમાંહિ ભક્તિકેરા રંગે રંગાયા,
હલન-ચલન સહુ બંધ કરી દે, વીર જિનેશ્વરરાયા રે ... માતકેરા૦ ૨
ગર્ભનું ફરવું બંધ થવાથી, ચિંતાએ ઘેરાયાં,
અરે થયું શું ગર્ભને મારા, ત્રિશલાજી ગભરાયાં રે ... માતકેરા૦ ૩
હડે મે ગબ્ભે મડે મે ગબ્ભે, પોકારો ઇમ કરતાં,
ત્રિશલામાતા વ્યાકુળ થઈને, રાજભુવનમાં ફરતાં રે ... માતકેરા૦ ૪
હું નિર્ભાગીશિરોમણિ છું, ગર્ભ હરાયો મારો,
ઓ કુલદેવી આવી મુજને, આ દુઃખથી ઉગારો રે ... માતકેરા૦ ૫
કરૂણસ્વરથી વિલાપ કરતાં, માતા સુખ ન પામે,
ક્ષત્રિયકુંડનગરમાં વ્યાપ્યો, શોક જ ઠામોઠામે રે ... માતકેરા૦ ૬
સિદ્ધારથરાજાના ઘરમાં, શૂન્યકાર પથરાયો,
નાના મોટા સૌના દિલમાં, શોક અતિશય છાયો રે ... માતકેરા૦ ૭



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચિંતવે વીર પ્રભુજી મનમાં, માતપ્રેમ છે મોટો,
ગુણને કરતાં માતાજીને, દોષ જ થઈને બેઠો રે ... માતકેરા૦ ૮
મુખ દેખ્યા વિણ ગર્ભમાંહિ પણ, પ્રેમ આટલો ધારે,
જન્મ પછી તો માતા ક્યાંથી, મારો મોહ ઉતારે રે ... માતકેરા૦ ૯
તે માટે શ્રીવીરપ્રભુજી, ત્રણ કાળના જ્ઞાની,
અભિગ્રહ લે છે માતા ઉપર, ભક્તિ દિલમાં આણી રે ... માતકેરા૦ ૧૦
જ્યાંસુધી જીવશે માતાપિતા ત્યાં સુધી લઈશ ન દીક્ષા,
સંયમ લેવાના અવસરની, કરતો રહીશ પ્રતીક્ષા રે ... માતકેરા૦ ૧૧
માતૃભક્તિથી વીરપ્રભુજી, અંગ જરીક હલાવે,
ત્રિશલામાતાકેરા દિલમાં, આનંદ આનંદ થાવે રે ... માતકેરા૦ ૧૨
ગર્ભના ક્ષેમ કુશળને જાણી, ત્રિશલા અતિ હરખાયાં,
રાજભુવનમાં સૌનાં દિલડાં, આનંદથી ઉભરાયાં રે ... માતકેરા૦ ૧૩
પથ્યઆહારનું સેવન કરીને, ગર્ભનું પોષણ કરતાં,
સુંદર દોહદ ધરતાં ત્રિશલા, સુખપૂર્વક વિચરતાં રે ... માત કેરા૦ ૧૪
એવી મનોહર કલ્પસૂત્રની, વાણી ગુરૂજી સુણાવે,
**જંબૂ** કહે સૌ સંઘના દિલમાં, હર્ષ અતિશય થાવે રે ... માતકેરા૦ ૧૫

## જન્મની ગહુંલી

૮૮ (રાગ - મોહનકી મુરલીયાં બાજે ...)

પ્રભુ વીરનો જન્મ થાવે,
ઓ ... સહુ આનંદ મંગળ ગાવે,
ત્રણલોકમાં થયાં અજવાળાં, દશે દિશાઓ ચળકે;
ત્રણભુવનમાં રત્નતણો, એ દીવો ઝગમગ ઝળકે.
નારકને પણ સુખ થાવે .. ઓ .. સહુ આનંદ૦ ૧
ક્ષત્રિયકુંડનગરમાં સિદ્ધારથ રાજાની રાણી;
સતીશિરોમણિ ત્રિશલાદેવી, નામે છે પટરાણી.
કુક્ષિથી જન્મ જ થાવે .. ઓ .. સહુ આનંદ૦ ૨



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આનંદ વ્યાપ્યો સર્વ જગતમાં, લોકો સહુ જનપદના;
પ્રમોદક્રીડા કરી રહ્યા છે, હર્ષપ્રફુલ્લિતવદના.
ઉપદ્રવ દૂર પલાવે .. ઓ .. સહુ આનંદ૦ ૩
પૃથ્વી સઘળી ખીલી ઉઠી છે, ધાન્ય મનોહર રાજે;
પશુ-પંખી કલ્લોલ કરતાં, નિર્ભય થઈને ગાજે.
વનરાજિ વિકસિત થાવે .. ઓ .. સહુ આનંદ૦ ૪
ગગનાંગણમાં ગ્રહો સઘળા, ઉચ્ચ સ્થાનકે વિલસે;
મધરાતે નવ માસને ઉપર, સાડા સાત જ દિવસે.
માતાને પ્રસૂતિ થાવે .. ઓ .. સહુ આનંદ૦ ૫
ઉત્તરાફાલ્ગુની નક્ષત્ર સાથે, પ્રથમચંદ્રનાયોગે;
ચૈત્રસુદિ તેરસને દિવસે, સર્વે શુભસંયોગે.
જગમાંહિ જય જય થાવે .. ઓ .. સહુ આનંદ૦ ૬
તેહ જ કાળે તેહ જ સમયે, સર્વ જગતની માતા;
આરોગ્યા શ્રીત્રિશલાદેવી, ત્રણ જગતના ત્રાતા.
પુત્રને જન્મ જ આપે .. ઓ .. સહુ આનંદ૦ ૭
વીરપ્રભુનો જન્મ સુણીને, ભક્તિ દિલમાં ધારી;
અક્ષત ને સોનાં રૂપાનાં, ફૂલથી સૌ નરનારી.
હર્ષથી વીરને વધાવે .. ઓ .. સહુ આનંદ૦ ૮
વીરપ્રભુનું નામ જ લેતાં, આનંદ મંગળ થાવે;
વીરજન્મવાંચનને દિવસે, સંઘ સકળ હરખાવે.
જંબૂનો હર્ષ ન માવે ... ઓ ... સહુ આનંદ૦ ૯

## પાંચમાવ્યાખ્યાનનીગહુંલીઓ

**૮૯** (રાગ - રાખનાં રમકડાંને ...)
વીરજીના મુખડાને જોવા, હાં રે જોવા હર્ષભરાયાં રે,
ઈંદ્ર ઈંદ્રાણી દેવ દેવીઓ, સ્વર્ગલોકથી આવ્યાં રે .. વીરજીના૦ ૧
રત્નકનકમણિવૃષ્ટિ કરતા, સિદ્ધારથ ઘર ઉપરે,
દેવ દેવીનાં ટોળે ટોળાં, ગગનાંગણથી ઉતરે રે .. વીરજીના૦ ૨



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છપ્પન દિક્કુમારી આવી, મંગળગીતો ગાવે,
પ્રભુના ચરણે શિર નમાવી, નિજ નિજ ફરજ બજાવે રે .. વીરજીના૦ ૩
પંચરૂપ કરી મેરૂ ઉપર, ઈંદ્ર પ્રભુને લાવે,
વીરપ્રભુજન્મોત્સવ કરવા, ચોસઠ ઈંદ્રો આવે રે .. વીરજીના૦ ૪
તીર્થોદિકના જળને લાવી, પ્રભુજીને ન્હવરાવે,
અસંખ્યદેવો પ્રભુની ઉપર, ક્ષીરની ધાર વહાવે રે .. વીરજીના૦ ૫
મેરૂપરથી જંબૂદ્વીપમાં, ઈંદ્ર પ્રભુને લાવે,
માતાને સોંપી પ્રભુજીને, સ્વર્ગલોકમાં જાવે રે ... વીરજીના૦ ૬
ક્ષત્રિયકુંડનગરમાં ઓચ્છવ, ઠામઠામ મંડાયા,
ધ્વજ પતાકા તોરણ મંડપ, ઘેર ઘેર બંધાયાં રે .. વીરજીના૦ ૭
બાર દિવસ વીત્યે રાજા સહુ, સાજનને બોલાવે,
જમાડીને સન્માન કરીને, વાણી એમ સુણાવે રે .. વીરજીના૦ ૮
પુત્ર એ ગર્ભે આવ્યો ત્યારથી, લીલાલ્હેર જ થાવે,
ધન ધાન્ય ને સોનું રૂપું, સઘળું વધ વધ થાવે રે .. વીરજીના૦ ૯
તે માટે એ કુમારનું અમે, વર્ધમાન એમ નામ,
સૌ સાજનની સાખે સુંદર, સ્થાપીએ અભિરામ રે .. વીરજીના૦ ૧૦
પારણીયે ઝુલતા અંગુઠમાં, પાન અમૃતનું કરતા,
સર્વ જગતને આનંદ કરતા, વીરપ્રભુ ઉછરતા રે .. વીરજીના૦ ૧૧
બાલકવયમાં આમલકી, ક્રીડામાં સર્પ હઠાવે,
તાડપિશાચ હણીને પ્રભુજી, વીરનું નામ ધરાવે રે .. વીરજીના૦ ૧૨
**જંબૂ** કહે ત્રણભુવનમાં એ, પ્રગટ્યો અનુપમ દીવો,
ત્રિશલાજીના નાનડીયા મારા, વીરકુંવર ઘણું જીવો રે .. વીરજીના૦ ૧૩

૯૦ (રાગ - રાખનાં રમકડાં ...)

ખાંડના રમકડાંને વ્હેંચ્યાં, હાંરે માત-પિતાએ વ્હેંચ્યાં રે,
વીરકુંવરજી નિશાળમાંહિ ભણવા જ્યારે બેસ્યા રે .. ખાંડનાં૦ ૧
લેખણ પાટી પોથી વ્હેંચી, વ્હેંચ્યાં પેંડા બરફી,
નાનાં મોટાં સૌ બાળકનાં, હૈયાં ઉઠ્યાં હરખી રે .. ખાંડનાં૦ ૨



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આઠ વર્ષની વયે પ્રભુને, ભણવાને બેસાડે,
ત્રિકાળજ્ઞાની વીરપ્રભુને, પણ કોણ શિખવાડે રે .. ખાંડનાં૦ ૩
સ્વર્ગલોકમાં એહ અવસરે, ઈંદ્ર સિંહાસન ડોલે,
બ્રાહ્મણરૂપ કરીને ઈંદ્ર, આવી સંશય ખોલે રે .. ખાંડનાં૦ ૪
પ્રભુજી સઘળા સંશયકેરા, ઉત્તર જલ્દી ભાખે,
પંડિત આદિ સર્વજનોને, આશ્ચર્યમાં નાંખે રે .. ખાંડનાં૦ ૫
રૂપ પ્રગટ કરી ઈંદ્ર કહે છે, સાંભળો સહુ અવધારી,
બાળક પણ મોટા એ જગમાં, ત્રણ જ્ઞાનના ધારી રે .. ખાંડનાં૦ ૬
અનુક્રમે શ્રીવીરપ્રભુજી, યૌવનવયમાં આવે,
માતા-પિતા યશોદા નામે, કન્યા સહ પરણાવે રે .. ખાંડનાં૦ ૭
પ્રિયદર્શના નામે તેથી, પ્રભુને પુત્રી થાવે,
ભોગાવલી કર્મોને જાણી, પ્રભુ સંસાર ચલાવે રે .. ખાંડનાં૦ ૮
ઠાઠમાઠથી નિજ પુત્રીનું, પાણિગ્રહણ કરાવે,
રાજકુમાર જમાલિ સાથે, કન્યાને પરણાવે રે .. ખાંડનાં૦ ૯
બાળકાળથી વૈરાગી પ્રભુ, નિજઆત્મામાં રમતા,
સંસારમાંહી રહીને પણ કદી, મોહ ન દિલમાં ધરતા રે .. ખાંડનાં૦ ૧૦
માત-પિતા અઠ્ઠાવીશ વર્ષે, સ્વર્ગલોકમાં જાવે,
**જંબૂ** કહે શ્રીવીરપ્રભુના, નામથી મંગળ થાવે રે .. ખાંડનાં૦ ૧૧

**૯૧** (રાગ - રાખનાં રમકડાંને ...)

પાંચમા એ સ્વર્ગમાંથી આવે, હાં રે લોકાંતિક સુર આવે રે,
વીરપ્રભુના ચરણે ભક્તિ-ભાવે શીષ નમાવે રે .. પાંચમા૦ ૧
તીર્થ પ્રવર્તાવો જગહિતકર, એમ પ્રભુને ભાખે,
ત્રિકાળજ્ઞાની પ્રભુ છે તો પણ, પરિપાટીને રાખે રે .. પાંચમા૦ ૨
દીક્ષા પૂર્વે એક વર્ષ પ્રભુ, દાન સંવત્સરી આપે,
ક્રોડો સૌનેયાને આપી, દારિદ્ર જગનાં કાપે રે .. પાંચમા૦ ૩
ત્રીશ વર્ષની વયે પ્રભુજી, સંયમ દિલમાં લાવે,
દીક્ષામહોત્સવ કરવા હર્ષે, દેવ ઈંદ્રાદિ આવે રે .. પાંચમા૦ ૪



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ક્ષત્રિયકુંડમાં મંડપ તોરણ, ઠામઠામ બંધાયાં,
વાજિંત્રોના વાગે નાદો, મંગળગીત ગવાયાં રે .. પાંચમા૦ ૫
ઈંદ્ર ઉપાડી પ્રભુની પાલખી, રાજમાર્ગ પર ચાલે,
અસંખ્ય નરનારીગણ પ્રભુને, ધારી ધારી નિહાળે રે .. પાંચમા૦ ૬
એક સહસ્ર યોજન ઈંદ્રધ્વજ, ઉંચો આગળ ચાલે,
દેખી અનુપમ વરઘોડાને, હર્ષમાં લોકો મ્હાલે રે .. પાંચમા૦ ૭
જય જય નંદા જય જય ભદ્દા, એમ શબ્દ ઉચ્ચારે,
કુલના વૃદ્ધો કુલનારીઓ, લુંછણાંને ઉતારે રે .. પાંચમા૦ ૮
કાર્તિક વદ દશમીને દિવસે, થયા પ્રભુ સંયમધારી,
**જંબૂ** કહે પ્રભુવીરનું શાસન, વર્તે જય જયકારી રે .. પાંચમા૦ ૯

## છઠ્ઠા વ્યાખ્યાનની ગહુંલી

**૯૨** (રાગ- મેરા દિલ તોડનેવાલે ..)

સુણો સહુ સાજનો ભાવે, ગુરૂમહારાજનાં વચનો,
કરે આનંદ અતિ દિલમાં, ખજાનો છે સુધારસનો .. સુણો૦ ૧
કહે શ્રી કલ્પસૂત્રતણી, મધુરી વાણી ગુરૂરાયા,
પ્રભુવીરની કથા પાવન, બનાવે ચિત્ત ને કાયા .. સુણો૦ ૨
પ્રભુ શ્રીવીર સંયમ લઈ, નગરથી નીકળ્યા જ્યારે,
કરૂણસ્વરથી નગરલોકો, રૂદન સર્વે કરે ત્યારે .. સુણો૦ ૩
પ્રભુવીરના વડિલ બંધુ, હૃદયમાં શોકથી છાયા,
રડે શ્રીનંદિવર્ધન ભાઈ, અરે વીર ક્યાં તમે ચાલ્યા .. સુણો૦ ૪
વળાવી વીરને પાછા, ફર્યા સહુ આંસુની ધારે,
રૂદન કરતાં ઉંચે સ્વરથી, પ્રભુ શ્રીવીરવિહારે .. સુણો૦ ૫
તપે તપ ઘોર શ્રીમહાવીર, પ્રભુજી વર્ષ સાડા બાર,
સહે અતિ ઘોર ઉપસર્ગો, ક્ષમા-કરૂણાતણા ભંડાર .. સુણો૦ ૬
પ્રભુ બેસે ન ભૂમિ પર, કદી પણ નિંદ નવિ લેતા,
ખપાવે ઘાતિકર્મોને, અનાદિ મોહના જેતા .. સુણો૦ ૭



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પહોરે પાછલા વૈશાખ-સુદિ દશમીતણા દિવસે,
નદી ઋજુવાલુકાતીરે, પ્રભુને છઠ્ઠતપ વિલસે .. સુણો૦ ૮
પ્રભુ મહાવીરને ઉપજ્યું, અનંતું જ્ઞાન ને દર્શન,
સુરાસુર ઈંદ્ર ત્યાં આવી, રચે પ્રભુનું સમોવસરણ .. સુણો૦ ૯
તિહાંથી નીકળી ભાવિ, તીરથની સ્થાપના જાણી,
અપાપાપુરીએ આવ્યા, પ્રભુ ત્રણકાળના જ્ઞાની .. સુણો૦ ૧૦
પ્રતિબોધી પ્રભુ ગૌતમ, વગેરે ગણધરો સ્થાપે,
તીરથની સ્થાપના કરીને, મનોહર દેશના આપે .. સુણો૦ ૧૧
વરસ ત્રીશ વિચરી જગમાં, અપાપાપુરીમાં આવ્યા,
રહી અંતિમ ચોમાસું, પ્રભુ ત્યાં મોક્ષ સિધાવ્યા .. સુણો૦ ૧૨
પ્રભુ આસો વદિ અમાસે, ગયા શિવ પાછલી રાતે,
રડે સહુ આંસુની ધારે, પ્રભુનિર્વાણની વાતે .. સુણો૦ ૧૩
ગયો જગમાંથી ભાવદીપક, હા હા હા ઘોર અંધારૂં,
છવાયું સર્વ જગમાંહિ, હતું હે વીર શરણ તારૂં .. સુણો૦ ૧૪
કરે સહુ દ્રવ્યદીપક ત્યાં, દીવાળી પર્વ ઈમ પ્રગટ્યું,
શ્રી વીરનિર્વાણ જાણીને, હૃદય ગૌતમતણું તૂટ્યું .. સુણો૦ ૧૫
પ્રભુ વીર ક્યાં તમે ચાલ્યા, મને મૂકી એકલો જગમાં,
શ્રીગૌતમસ્વામીને પીડા, વિરહની વ્યાપી રગ રગમાં .. સુણો૦ ૧૬
ચડ્યા વીતરાગભાવનમાં, ત્યજીને સ્નેહનું બંધન,
શ્રીગૌતમસ્વામીને ઉપજ્યું, અનંતુ જ્ઞાન ને દર્શન .. સુણો૦ ૧૭
ચરમ શાસનપતિ સ્વામી, પ્રભુ મહાવીર જિનવરને,
નમે નિત્ય **જંબૂ** ચરણોમાં, શ્રી ગૌતમસ્વામી ગણધરને .. સુણો૦ ૧૮

## સાતમા વ્યાખ્યાનની ગહુંલીઓ

**૯૩** (રાગ - જીયા બેકરાર હૈ, છાઈ બહાર હૈ ..)

આનંદ અપાર છે, વાણી મનોહાર છે;
પાર્શ્વચરિત્ર સુણવા સહુ, શ્રોતા ઈંતેજાર છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કાશીદેશ વણારસી નયરી, અશ્વસેન છે રાયા .. હો .. રાયા.
વામાદેવી તસ પટરાણી, શીલભૂષણ સોહાયા .. આનંદ૦ ૧
તસ કુક્ષિમાં પાર્શ્વપ્રભુજી, સ્વર્ગલોકથી આયા,
પોષવદિ દશમીદિન જન્મ્યા, મંગળગીત ગવાયા .. આનંદ૦ ૨
અનુક્રમે પ્રભુ યૌવન પામ્યા, માત-પિતા પરણાવે,
પ્રભાવતી કન્યાની સાથે, પાણિગ્રહણ કરાવે .. આનંદ૦ ૩
એક દિવસ પ્રભુ કમઠકાષ્ઠમાં, જલતો નાગ બચાવે,
નમસ્કાર મહામંત્ર સુણાવી, ધરણેંદ્ર બનાવે .. આનંદ૦ ૪
ત્રીશવરસ ઘરવાસ વસીને, પ્રભુજી સાધુ થાવે,
એક દિવસ વિચરંતા તાપસ-આશ્રમમાંહિ આવે .. આનંદ૦ ૫
તાપસ કમઠ મરીને ત્યાંથી, દેવ થયો મેઘમાળી,
વડનીચે કાઉસગ્ગમાં પ્રભુને, જ્ઞાનવિભંગે નિહાળી .. આનંદ૦ ૬
ઘોર કર્યા ઉપસર્ગ બહુવિધ, જલધારા વરસાવે,
પ્રભુજીની નાસિકા સુધી, જલની ધારા આવે .. આનંદ૦ ૭
ધરણેંદ્ર સિંહાસનકંપે, પ્રભુની પાસે આવે,
નાગફણા શિરપર વિસ્તારી, જલવૃષ્ટિ અટકાવે .. આનંદ૦ ૮
કમઠાસુર ભયભીત બનીને, પાર્શ્વપ્રભુને ખમાવે,
ધરણેંદ્ર પ્રભુભક્તિ કરીને, નિજસ્થાનકે જાવે .. આનંદ૦ ૯
એમ અનેક સહી ઉપસર્ગો, ઘાતિકર્મ ખપાવે,
કેવળજ્ઞાન ને કેવળદર્શન, પાર્શ્વપ્રભુજી પાવે .. આનંદ૦ ૧૦
સીત્તેરવર્ષ સુધી પ્રભુ વિચરી, સંમેતશિખરે આવે,
શ્રાવણસુદિ આઠમને દિવસે, મોક્ષમાં પ્રભુજી સિધાવે .. આનંદ૦ ૧૧
એવી મનોહર ગુરૂની વાણી, સુણવા દિલડું તલસે,
**જંબૂ** કહે શ્રી પાર્શ્વચરિત્રને, સુણતાં હૈયું હર્ષે .. આનંદ૦ ૧૨

**૯૪** (રાગ - આવો આવો દેવ, મારાં સૂનાં સૂનાં દ્વાર ..)

બાવીશમા પ્રભુ નેમ, વંદું ધરી અતિ પ્રેમ શિવાદેવી કેરા લાલ,
સમુદ્રવિજય રાજા પિતા, યાદવકુલ અભિરામ,



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રાવણસુદિ પંચમીદિન જન્મ્યા, શૌરીપુર શુભઠામ .. શિવાદેવી૦ ૧
અનુક્રમે પ્રભુ યૌવન પામ્યા, સાથે સહુ પરિવાર,
શૌરીપુરથી નીકળી આવ્યા, દ્વારીકામોઝાર .. શિવાદેવી૦ ૨
સંયમના અભિલાષી પ્રભુ કરે, વિવાહનો ઇન્કાર,
રાણીઓ દ્વારા કૃષ્ણ કરાવે, પણ પરાણે સ્વીકાર.. શિવાદેવી૦ ૩
જાન જમાડવા ભેગાં કીધાં, રાજાએ પશુ અપાર,
પશુઓ મૃત્યુ આવ્યું જાણી, કરે કરૂણ પોકાર.. શિવાદેવી૦ ૪
પશુઓના પોકાર સુણીને, કરૂણાથી જિનરાય,
પાછો રથ વાળી ગિરનારે, જઇને સંયમી થાય .. શિવાદેવી૦ ૫
રાજુલ ઉભી રાહને જોતી, ક્યારે આવે નેમ,
નેમને પાછા વળતા જોઇ, પોકારો કરે એમ .. શિવાદેવી૦ ૬
જવું હતું પાછા તો શાને, આવ્યા લઇને જાન ?
આંસુઓની ધારે રોતી, રાજુલ થઇ બેભાન .. શિવાદેવી૦ ૭
ભાનમાં આવી ગિરનારે જઇ, સંયમ લઇ પ્રભુ પાસ,
રાજુલ નવભવપ્રીત નિભાવી, પહોંચ્યાં મુક્તિનિવાસ .. શિવાદેવી૦ ૮
ગિરનારે પ્રભુ કેવળ પામી, ગયા મુક્તિમોઝાર,
**જંબૂ** કહે નેમિચરિત સુણતાં, ઉપજે હર્ષ અપાર .. શિવાદેવી૦ ૯

**૯૫** (રાગ - દેખી શ્રીપાર્શ્વ તણી મૂરતિ ..)

ઋષભદેવનું ગુરૂ ચરિત્ર સુણાવે, ઉપજે આનંદ અપાર રે,
સુણો સહુ ગુરૂજીની દેશના.
દક્ષિણ ભરતના મધ્યવિભાગમાં, અયોધ્યા પુરી મનોહાર રે .. સુણો૦
નાભિરાજા ને મરૂદેવી છે રાણી, શીલભૂષણે સોહાય રે .. સુણો૦
સર્વાર્થસિદ્ધથી, ચ્યવીયા પ્રભુજી; મરૂદેવીકુક્ષિ મોઝાર રે .. સુણો૦
ફાગણ વદ આઠમ દિને જન્મ્યા, ઋષભજિણંદ જયકાર રે .. સુણો૦
યૌવનવય પામી, પરણ્યા પ્રભુજી; સુનંદા સુમંગલા નાર રે .. સુણો૦
ભરત બાહુબલિ આદિ, સો પુત્રને બ્રાહ્મી; સુંદરીનો જન્મ થાય રે .. સુણો૦
રાજા પ્રથમ થયા, સર્વ જગતમાં; ઇંદ્રે કર્યો અભિષેક રે સુણો૦



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શિલ્પ કલાદિનો, ઉપદેશ આપી; નિવાર્યો યુગલિક ધર્મ રે .. સુણો૦
વૈરાગી પ્રભુ સહુ, રાજ્ય ત્યજીને; રોતાં મૂકી નિજ માત રે .. સુણો૦
ફાગણવદ આઠમને દિવસે; કરે સંયમનો સ્વીકાર રે સુણો૦
દાનવિધિ ન જાણે, લોકો પ્રભુ પાસે; ધરે રત્નાદિનો થાળ રે .. સુણો૦
યોગ્ય ભિક્ષા ન મળવાથી પ્રભુ કરે; એક વર્ષ સુધી ઉપવાસ રે .. સુણો૦
અક્ષયતૃતીયા દિન, શ્રેયાંસકુમાર ઘરે; કરે પારણું ભગવાન રે .. સુણો૦
ઇક્ષુરસ આપી એમ, શ્રેયાંસકુમારે; જગમાં પ્રવર્તાવ્યું દાન રે .. સુણો૦
ખપાવી ઘાતિકર્મ, પામ્યા પ્રભુ કેવલ-જ્ઞાન દર્શન અનંત રે .. સુણો૦
એક લાખ પૂર્વ વર્ષ, જગમાંહે વિચરી; કરી અનંત ઉપકાર રે .. સુણો૦
મેરૂ તેરશદિન, અષ્ટાપદ ઉપર; પામ્યા પ્રભુ નિર્વાણ રે .. સુણો૦
આ ચોવીશીમાં શ્રીઋષભજિણંદનો; સૌથી મોટો છે ઉપકાર રે .. સુણો૦
પ્રથમ રાજાને, પ્રથમ સાધુ, પ્રથમ તીર્થ કરનાર રે .. સુણો૦
**જંબૂ** કહે એવા શ્રીઋષભજિણંદને; વંદું અનંતીવાર રે .. સુણો૦

## આઠમા વ્યાખ્યાનની ગહુંલી

૯૬ (રાગ - રાખનાં રમકડાંને ..)

ગુરૂજીના મુખમાંથી પ્રગટે, હાં રે પ્રગટે કલ્પની વાણી રે,
હર્ષ અતિ દિલમાં ઉપજાવે, અમૃતરસની ખાણી રે .. ગુરૂજીના૦
પ્રભુની પાટે પંચમ ગણધર, થયા સુધર્મા સ્વામી,
તસપાટે શ્રી જંબૂસ્વામી, તદ્‌ભવ મુક્તિગામી રે .. ગુરૂજીના૦
પ્રભવ શય્યંભવ યશોભદ્ર, સંભૂતિ મુનિરાયા,
ભદ્રબાહુસ્વામીએ જગમાં, શાસનસોહ ચઢાયા રે .. ગુરૂજીના૦
અખંડ બ્રહ્મચર્ય ધરતા, સ્થૂલિભદ્ર મુનિરાયા,
ચોરાશી ચોવીશી સુધી, જગમાં યશ ગવાયા રે .. ગુરૂજીના૦
આર્ય મહાગિરિ ને સુહસ્તિ, સંપ્રતિના ગુરૂરાયા,
ત્રણ ખંડમાં જેણે શાસન-કેરા ડંકા બજાયા રે ગુરૂજીના૦



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભદ્રગુપ્ત વળી વજ્રસ્વામી, દશપૂર્વના ધારી,
રાજસભામાં ઓઘો લઈને, શાસનશોભા વધારી રે .. ગુરૂજીના૦
ત્રણ વર્ષની વયમાં પણ જે, અંગ એકાદશ ભણતા,
પદાનુસારી લબ્ધિધારી, સાધ્વીમુખથી સુણતા રે .. ગુરૂજીના૦
આર્યરક્ષિત ગુરૂરાજે સઘળું, કુટુંબ દીધું તારી,
જિનશાસનની જયપતાકા, જગમાંહિ વિસ્તારી રે .. ગુરૂજીના૦
દેવર્ધિગણી ક્ષમાશ્રમણજી, વલ્લભીપુરમાં આવ્યા,
અતિમોટા ઉપકારી જેમણે, આગમગ્રંથ લખાવ્યા રે .. ગુરૂજીના૦
સાધુસંઘ એકત્ર કરીને, સૂત્રના પાઠ ઠરાવ્યા,
આજે પણ એ પાઠો સૂત્રના, પ્રમાણભૂત મનાયા રે .. ગુરૂજીના૦
એમ અનેક સ્થવિર ભગવંતો, શાસનધ્વજ ફરકાવે,
જ્ઞાન ચારિત્ર ને તપના તેજે, જિનશાસન દીપાવે રે .. ગુરૂજીના૦
કોટિવાર એવા સ્થવિરોને, **જંબૂ** વંદે ભાવે,
કલ્પસૂત્રની વાણી સુણતાં, આનંદ મંગળ થાવે રે .. ગુરૂજીના૦

## બારસા સૂત્રની ગહુંલી

**૯૭** (રાગ - રાખનાં રમકડાંને ..)

બારસા એ સૂત્રકેરાં વચનો, હાં રે વચનો ગુરૂજી સુણાવે રે,
સંઘસકળનાં દિલડાં ગુરૂજી, આનંદથી હરખાવે રે .. બારસા૦ ૧
ભદ્રબાહુસ્વામી છે કર્તા, ચૌદ પૂર્વના ધારી,
શ્રુતજ્ઞાનથી કેવલી સરખા, શાસનશોભાકારી રે .. બારસા૦ ૨
એક એક અક્ષર એનો સહુ, શ્રોતા સુણજો ભાવે,
બારમાસમાં એક જ આવો, મંગળ દિવસ આવે રે .. બારસા૦ ૩
જિનવર ગણધર ને સ્થવિરોના, વૃત્તાંતો છે એમાં,
પર્યુષણ અંગેની સાધુ-સામાચારી તેમાં રે .. બારસા૦ ૪
ચૈત્યપરિપાટી કરો મળીને, પ્રભુને આંગી રચાવો,
અહિંસાધર્મનો ધ્વજ ફરકાવો, શાસનડંકો બજાવો રે .. બારસા૦ ૫



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જુના કલેશ વિસારી સઘળા, ચિત્ત વિશુદ્ધ બનાવો,
સર્વ જીવોને ખમો ખમાવો, વૈર ન દિલમાં લાવો રે .. બારસા૦ ૬
ખમવા અને ખમાવવામાં, સર્વ જ સાર સમાયો,
પર્યુષણનો તેથી જગમાં, મહિમા શ્રેષ્ઠ ગવાયો રે .. બારસા૦ ૭
સંવત્સરીપ્રતિક્રમણ કરજો, ચિત્ત એકાગ્ર કરીને,
પાપ આલોચવા આવો અવસર, આવશે નહીં ફરી ફરીને રે .. બારસા૦ ૮
ખમી ખમાવી જેહ પરસ્પર, ચિત્તને નિર્મળ કરશે,
**જંબૂ** કહે તે મુક્તિસુખની, મંગળમાળા વરશે રે .. બારસા૦ ૯

## શ્રી સિદ્ધચક્રની ગહુંલી

૯૮ (રાગ - અબ તેરે સિવા કૌન મેરા ..)

શ્રી સિદ્ધચક્રમહિમા કહે ગુરૂજી અપારા,
આનંદ અતિ વ્યાપે સુણી દિલમાં અમારા;
આરાધો ભવિ નવપદમંડલ વિશાળા, આરાધી સુખ પામ્યા મયણા ને શ્રીપાળા,
કુષ્ઠાદિરોગ આદિ સવિ દુ:ખ નિવારા .. આનંદ૦ ૧
અરિહંત સિદ્ધ ભગવંત દેવ એ ખરા, આચાર્ય; ઉવજ્ઝાયા સાધુ મુનિવરા,
ગુરૂતત્ત્વના એહ કહ્યા ત્રણ પ્રકારા .. આનંદ૦ ૨
દર્શન-જ્ઞાન-ચારિત્ર-તપની સાધના, કરીએ નિત્ય ધર્મ કેરી આરાધના,
સમરીએ એહ નવપદને નિત્ય સવારા .. આનંદ૦ ૩
ચૂરે એ સર્વ સંકટને સર્વ આપદા, પૂરે એ મનોવાંછિત સર્વ સંપદા,
સિદ્ધચક્રપ્રભાવે ટળે વિઘ્ન હજારા .. આનંદ૦ ૪
નવકારમંત્ર મોટો છે સર્વમંત્રમાં, નવપદયંત્ર મોટું છે સર્વ યંત્રમાં,
સંસારદુ:ખમાંથી કરે એહ ઉગારા .. આનંદ૦ ૫
ગુણોને ગુણી સર્વે એમાં સમાઈ ગયા, જ્ઞાની પુરૂષો મહિમાને કહી ગયા,
વર્ણવ્યા એના શાસ્ત્રોમાં ગુણ અપારા .. આનંદ૦ ૬
દિવસ નવ આશ્વિન-ચૈત્ર માસમાં, ઓળી કરો જવાને મુક્તિનિવાસમાં,
આયંબિલથી જાયે ઈંદ્રિયવિકારા .. આનંદ૦ ૭



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આરાધી એહ નવપદ ધરી શુદ્ધભાવના, મયણાએ કરી શાસનકેરી પ્રભાવના,
સમૃદ્ધિ સર્વ પામ્યા શ્રીપાળકુમારા .. આનંદ૦ ૮
એવા શ્રીનવપદને હો નિત્ય વંદના, જંબૂ કહે જે ટાળે કર્મોની ફંદના,
નૈયા અમારી પ્હોંચાડે પાર કિનારા .. આનંદ૦ ૯

## દીવાળીની ગહુંલી

૯૯ (રાજ - રખિયાં બંધાવો ભૈયા ..)

ગુરૂવરવાણી ભવિયા, હૃદયમાં ધારો રે;
મહાવીર દેવે ભાખી, સૂત્રે ગણધરે સ્થાપી.
ભવિજનહિતને કરવા .. હૃદયમાં૦ ૧
દીપકજ્યોતિ છે ભારી, ઝળહળતી તેજે અપારી,
અંતરતિમિરને હરવા .. હૃદયમાં૦ ૨
દીવાળીકલ્પની વાણી, સુણો હર્ષે ભવિપ્રાણી,
આનંદ મંગળ વરવા .. હૃદયમાં૦ ૩
પ્રભુવીરની અંતિમવાણી, અમૃતરસની ખાણી,
ભવજલ પાર ઉતરવા .. હૃદયમાં૦ ૪
પાવાપુરી શુભ ઠામે, નવ મલ્લિય લિચ્છવી નામે,
મળિયા બહુ નૃપ સુણવા .. હૃદયમાં૦ ૫
પ્રભુ જ્ઞાનની ચક્ષુ આપે, શિવપુરના માર્ગે સ્થાપે,
મુક્તિપુરી જઈ વસવા .. હૃદયમાં૦ ૬
પ્રહર સોળ દેશના આપે, અજ્ઞાન જગતનું કાપે,
સંસારના દુ:ખ હરવા .. હૃદયમાં૦ ૭
પ્રભુજી મહાવીર જિનરાયા, મોક્ષમાં આજે સિધાયા,
અજર અમર પદ વરવા .. હૃદયમાં૦ ૮
આત્માની જ્યોતિ જગાવો, દીવાળીપર્વ દીપાવો,
જંબૂ કહે ભવ તરવા .. હૃદયમાં૦ ૯



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## જ્ઞાનપંચમીની ગહુંલી

૧૦૦ (રાગ - લાખ લાખ દીવડાની આરતી ઉતારજો ..)

જ્ઞાનતણા દીવડાને ગુરૂજી પ્રગટાવે, જ્ઞાનનો મહિમા અપાર,
આરાધો ભાવ ધરી જ્ઞાનને;
આત્મમંદિરથી મોહ હઠાવે, જાય અજ્ઞાન અંધકાર ... આરાધો.
લોક અલોકને જ્ઞાન પ્રકાશે, જ્ઞાનપ્રકાશથી અજ્ઞાન નાસે,
જ્ઞાન છે ચક્ષુ મનોહાર .. આરાધો૦ ૧
જ્ઞાનપંચમીનો દિવસ છે આજે, પંચજ્ઞાનનો કહ્યો મહિમા ગુરૂરાજે,
જ્ઞાન છે ગુણમાં સિરદાર .. આરાધો૦ ૨
કોટિવર્ષ કરે જેહ અજ્ઞાની, કર્મોની નિર્જરા તે કરે જ્ઞાની,
શ્વાસ-ઉચ્છવાસ મોઝાર .. આરાધો૦ ૩
પંચવર્ષ પંચમાસની છે સાધના, એ તપની જે કરે આરાધના,
પામે તે જ્ઞાન અપાર .. આરાધો૦ ૪
વરદત્ત ને ગુણમંજરીએ કીધી, આરાધના કરી મુક્તિ જ લીધી,
પામ્યા શિવસુખ અપાર .. આરાધો૦ ૫
પછી અહિંસા પહેલું જ્ઞાન જ ભાખ્યું, જ્ઞાનીએ સાચું શિવસુખ ચાખ્યું,
પંચજ્ઞાન પૂજો નરનાર .. આરાધો૦ ૬
શ્રુતજ્ઞાનને નિત્ય ભવિ તમે સેવો,. જેને પ્રણમે છે તીર્થંકર દેવો,
સ્વપરપ્રકાશ કરનાર .. આરાધો૦ ૭
જ્ઞાનને વંદો જ્ઞાનીને વંદો, જ્ઞાનવિરાધના નિત્ય તમે છંડો,
ટાળીને આઠ અતિચાર .. આરાધો૦ ૮
અરિહંતભાષિત આગમની વાણી, ગણધરદેવને હાથે ગુંથાણી,
જંબૂ વંદે કોટિવાર .. આરાધો૦ ૯



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## મૌન એકાદશીની ગહુંલી

**૧૦૧** (રાગ - દેખી શ્રીપાર્શ્વ તણી મૂરતિ ..)

મૌન એકાદશી પર્વ અનુપમ, આરાધો સહુ નરનાર રે
જ્ઞાની ગુરૂ આપે છે દેશના૦ ૧
માગશર શુદિ એકાદશીનો મહિમા, સુણાવે ગુરૂજી મનોહાર રે - જ્ઞાની૦
અરજિન દીક્ષા, મલ્લિજિન જન્મ; દીક્ષા ને કેવળમાન રે .. જ્ઞાની૦
નમિ જિનેશ્વર, કેવળ પામ્યા; આ અવસર્પિણીમાંય રે .. જ્ઞાની૦
ભૂત ભાવિને વર્તમાન ચોવીશીમાં; ત્રણ જિનવરનાં પાંચ રે .. જ્ઞાની૦
પાંચ ભરત ને પાંચ ઐરવત મળી; દશ ક્ષેત્ર મોઝાર રે .. જ્ઞાની૦
દોઢસો કલ્યાણક એમ નેવું જિનના; એ દિન થયાં ઊજમાળ રે .. જ્ઞાની૦
ત્રણ ચોવીશીમાં વળી, સર્વ એકાદશીનાં, ત્રણસો કલ્યાણક થાય રે .. જ્ઞાની૦
એકાદશી તપ કરો, અગિયાર વર્ષ; ને ઉપર અગિયાર માસ રે .. જ્ઞાની૦
સુવ્રતશેઠ એ તપ આરાધી, પામ્યા સુખ અપાર રે .. જ્ઞાની૦
મૌન રહી દોઢસો, કલ્યાણક ગણણું; ગણીએ આજ ઉદાર રે .. જ્ઞાની૦
**જંબૂ** કહે મૌન એકાદશી આરાધી; વરીએ શિવસુખમાળ રે .. જ્ઞાની૦

**૧૦૨** (રાગ - લાખ લાખ દીવડાની આરતી ઉતારજો ..)

લાખ લાખ વાર ગુરૂચરણોમાં વંદના, કરીએ જે તારે ભવપાર
ઉછળે છે ઉર્મિ આનંદની,
ભવસાગરમાં ડૂબતા જીવોને, ગુરૂજી છે એક જ આધાર,
ઉછળે છે ઉર્મિ આનંદની.
દેશ-વિદેશમાં નિત્ય વિચરતા, ગામ-નગર-પુર પાવન કરતા,
કરતા જગમાંહી ઉપકાર .. ઉછળે છે૦ ૨
બાલાપુરમાંહિ ગુરૂજી પધાર્યા, સંઘ સકળનાં ભાગ્ય જ જાગ્યાં,
વર્તે શાસનનો જયકાર .. ઉછળે છે૦ ૩



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તીર્થંકરદેવની વાણી મનોહારી, ભવદુ:ખહારી શિવસુખકારી,
ભાખે છે ગુરૂજી ઉદાર .. ઉછળે છે૦ ૪
જંબૂચરિત્રની વાતો સુણાવે, ભવ્યજીવોનાં દિલડાં રીઝાવે,
વરસે છે અમૃતની ધાર .. ઉછળે છે૦ ૫
ભવોભવમાંહિ કલ્યાણકારા, ગુરૂજી મળ્યા છે તારણહારા,
પંચ મહાવ્રત ધરનાર .. ઉછળે છે૦ ૬
મોહતણી મહાનિદ્રા ઉડાડે, અંતરના ચક્ષુ ગુરૂજી ઉઘાડે,
જ્ઞાન દીપક કરનાર .. ઉછળે છે૦ ૭
અધ્યાત્મરંગમાં રંગે ગુરૂરાયા, પાવન બનાવે મન-વચ-કાયા,
પ્રગટાવે ધર્મસંસ્કાર .. ઉછળે છે૦ ૮
એવાં ગુરૂજીનાં ચરણોમાં વંદના, તોડે અનાદિ કર્મોની ફંદના,
**જંબૂ** કરે છે કોટિવાર .. ઉછળે છે૦ ૯

## વિહારની ગહુંલીઓ

**૧૦૩** (રાગ - જબ તુમ હી ચલે પરદેશ ..)

એક અરજી સુણો ગુરૂરાજ, ગરીબ નિવાજ, ઉપકારી અમારા,
નવિ કરશો આપ વિહારા. ૧
અમે વાત વિહારની જાણી છે, છાતી દુ:ખથી ઉભરાણી છે,
ઉદ્ધારક જગમાં તુમ વિણ કોણ અમારા .. નવિ કરશો૦ ૨
હવે જ્ઞાનનો કોણ દીપક ધરશે, અંતરનાં કોણ તિમિર હરશે,
ગુરૂ દીપક વિના વ્યાપી જશે અંધકારા .. નવિ કરશો૦ ૩
જિનવાણી સુણવા ક્યાં જઈશું, હવે ક્યાં જઈને પાવન થઈશું,
ભૂલ્યાને સાચો મારગ દાખવનારા .. નવિ કરશો૦ ૪
હવે દાન સુપાત્રે ક્યાં દઈશું, કોને વહોરાવી હરખાઈશું,
હવે કોને કહીશું પધારો ઘેર અમારા .. નવિ કરશો૦ ૫
અમૃતસમ વાણી સુણવાને, જઈશું હવે કોના વ્યાખ્યાને,
નવી નવી વાતો કહી મન હર્ષિત કરનારા .. નવિ કરશો૦ ૬



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉપાશ્રય લાગશે અતિ સૂનો, અતિ દુઃખ થશે ચડતાં જીનો,
વિહારની વાત કહી અતિ દુઃખ કરનારા .. નવિ કરશો૦ ૭
બે હજાર પાંચના સંવતમાં, ચોમાસું રહી બાલાપુરમાં,
સહુ સંઘના મનમાં કરી આનંદ અપારા .. નવિ કરશો૦ ૮
ઉપદેશ નિરંતર સંભારી, તુમગુણ નિરંતર યાદ કરી,
વહેશે અમ આંખોમાંથી આંસુધારા .. નવિ કરશો૦ ૯
આ વિનતિ સંઘ સકલની છે, ભક્તિથી સાચા દિલની છે,
સ્વીકારો કૃપા કરીને ગુરૂજી અમારા .. નવિ કરશો૦ ૧૦
**જંબૂ**વિજયના ગુરૂરાજા, શ્રી **ભુવનવિજયજી** મહારાજા,
પ્રણમીને કહું છું કોટિકોટિ વારા .. નવિ કરશો૦ ૧૧

**૧૦૪** (રાગ - દેખી શ્રીપાર્શ્વતણી મૂરતિ ..)

વાત કરે છે ગુરૂરાજ વિહારની, થાય છે દુઃખ અપાર રે,
કોણ હવે અમને ઉગારશે. ૧
ધર્મને કોણ હવે અમને સુણાવશે, કોણ બતાવશે માર્ગ રે - કોણ૦ ૨
નિત્ય નિત્ય કોણ હવે વીતરાગદેવની, વાણી કહેશે મનોહાર રે કોણ૦ ૩
જઈશું હવે અમે કોના વ્યાખ્યાનમાં, નિત્ય નિત્ય ઉઠી સવાર રે - કોણ૦ ૪
કોના ચરણે હવે વંદના કરીને, કરીશું શીર્ષ પવિત્ર રે - કોણ૦ ૫
ધર્મલાભનો હવે કોણ સંભળાવશે, મંગળ આશીર્વાદ રે - કોણ૦ ૬
પગલાં કરીને હવે કોણ અમારૂં, આંગણું કરશે પવિત્ર રે - કોણ૦ ૭
કોને કહીશું ગુરૂરાજ પધારો, હર્ષ ધરીને અપાર રે - કોણ૦ ૮
કોણ હવે જ્ઞાનનો દીવો પ્રગટાવી, હરશે અજ્ઞાન અંધકાર રે - કોણ૦ ૯
આખું ચોમાસું અતિ,આનંદ કર્યો છે; તુમ પસાયે ગુરૂરાજ રે - કોણ૦ ૧૦
તુમ ઉપકાર તુમ ગુણો સંભારી, વહાવું આંસુની ધાર રે - કોણ૦ ૧૧
વિનંતિ સ્વીકારો ગુરૂરાજ અમારી, ફાગણ ચોમાસું રહી જાવ રે - કોણ૦ ૧૨
**જંબૂ**વિજયના ગુરૂજી આપને, વિનવું વારંવાર રે - કોણ૦ ૧૩



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**૧૦૫** (રાગ - જીવનકી નાવ ન ડોલે ..)

ફાગણ ચોમાસા સુધી રે, થોડું રહી જાવ વધારે;
પછી ન કહીશું લગારે, થોડું રહી જાવ વધારે.
રાખવાનો ભાવ છે, જીંદગી સુધીનો; આનંદ રોજ અમારે .. થોડું૦
સમજું છું પણ હું, ગુરૂજી વિહારનો; નિયમ છે મોટો તમારે .. થોડું૦
ઓછામાં ઓછી તેથી, કરૂં છું વિનંતિ; ફાગણ ન દૂર લગારે .. થોડું૦
અમારા અંતરની લાગણી અપાર છે; કહેવાથી શું છે વધારે .. થોડું૦
ભક્તો અપાર છે, ગુરૂરાજ આપને; મોટી છે ખોટ અમારે .. થોડું૦
તમારી વાણીને, સુણવા અમારૂં; ઉછળે છે ચિત્ત સદા રે .. થોડું૦
જઉં જઉં કરો છો, કેમ ગુરૂરાજા; ઉતાવળ શી છે તમારે .. થોડું૦
બાલાપુર ગામમાં, વિક્રમ સંવતમાં; પાંચ અને દોય હજારે .. થોડું૦
યાદ કરૂં નિત્ય, ચોમાસું આપનું; કેમ કરી જાય વિસારે .. થોડું૦
વાત વાતમાં ગયું, હર્ષે ચોમાસું; ખબર પડી ન લગારે .. થોડું૦
અંતરમાં થાય છે, આજ અતિ વેદના; ગુરૂ વિહાર વિચારે .. થોડું૦
ત્રણ વાર નિત્ય નિત્ય, વાટ હું દેખું; હમણાં ગુરૂજી પધારે .. થોડું૦
બારણે ઉભા રહી, વાટ હવે કોની; જોઇશું નિત્ય સવારે .. થોડું૦
ફરીવાર જીંદગીમાં, દર્શન આપનાં; થશે હવે ક્યારે અમારે .. થોડું૦
તુમ ઉપકાર ને, ગુણો તમારા; ક્ષણ નવિ જાય વિસારે .. થોડું૦
ક્રોડ ક્રોડ વાર કરૂં, ભાવથી હું વિનંતિ; સ્વીકારો ગુરૂજી અમારે .. થોડું૦
**જંબૂ**વિજયના, ગુરૂજી આપને; કહીએ શું આથી વધારે .. થોડું૦

**૧૦૬** (રાગ- જબ તુમ હી ચલે પરદેશ)

ગુરૂરાજ વિહારની વાત, કરે આઘાત, દિલમાંહિ અપારા,
ઉદ્ધારક કોણ અમારા.
હવે કોણ અહીં સિંચન કરશે, આ ક્ષેત્રને કોણ લીલું કરશે,
ગુરૂરાજ વિના સુકાઇ જશે ધર્મક્યારા - .. ઉદ્ધારક૦ ૧



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જ્ઞાનઉદ્યોત કોણ હવે કરશે, અજ્ઞાનતિમિરને કોણ હરશે,
બતલાવશે આઠ હવે કોણ જ્ઞાનાચારા .. ઉદ્ધારક૦ ૨
સમ્યક્ત્વને કોણ વિશુદ્ધ કરશે, દૂષણ કોણ પાંચ પરિહરશે,
પહેરાવશે કોણ હવે સમકિત શણગારા .. ઉદ્ધારક૦ ૩
કોણ કહેશે વાણી જિનવરની, કોણ વર્ણવશે શ્રાવકકરણી,
બતલાવશે કોણ હવે અમને વ્રત બારા .. ઉદ્ધારક૦ ૪
બારસવિધ તપને તપવાને, હવે કર્મ પુરાણાં ખપાવાને,
કરશે કોણ પ્રેરણા અમને નિત્ય સવારા .. ઉદ્ધારક૦ ૫
કોણ કહેશે ભેદ જીવાજીવનો, પુણ્ય-પાપ ને આશ્રવ-સંવરનો,
બંધ મોક્ષ ને નિર્જરા કોણ હવે કહેનારા .. ઉદ્ધારક૦ ૬
ચોમાસું વહી ગયું શી રીતે, અમને ન ખબર પડી કોઈ રીતે,
સુણતાં નિત્ય ગુરૂવરના ઉપદેશ રસાળા .. ઉદ્ધારક૦ ૭
ઉપદેશ નિરંતર આપીને, ધર્મભાવના દિલમાં સ્થાપીને,
પુષ્ટિ કરશે હવે ધર્મની કોણ અમારા .. ઉદ્ધારક૦ ૮
**જંબૂ**વિજયના ગુરૂવરના, શ્રી **ભુવનવિજયજી** મુનિવરના,
વિહારથી થાય છે મનમાં દુ:ખ અપારા .. ઉદ્ધારક૦ ૯

**૧૦૭** (રાગ - જબ તુમ હી ચલે પરદેશ ..)

જિનવાણીના કહેનાર કરે વિહાર ગુરૂરાજ અમારા,
ઉપજે છે દુ:ખ અપારા.
આનંદ થતો અતિશય મનમાં, રોમાંચ થતાં ઉલસિત તનમાં,
સુણતાં ગુરૂવાણી ઝરતી અમીરસધારા .. ઉપજે છે૦ ૧
જઈશું હવે કોના વ્યાખ્યાનમાં, કોણ માર્ગ બતાવશે ભવવનમાં,
ગુરૂ વિણ નહીં કોઈ મારગ દાખવનારા .. ઉપજે છે૦ ૨
પૂછીશું સુખશાતા કોને, હવે ઉત્તર કોણ દેશે અમને,
હવે શાસ્ત્રની સુંદર વાતો કોણ કહેનારા .. ઉપજે છે૦ ૩
હવે આહાર-પાણી કોણ લેશે, ધર્મલાભની આશિષ કોણ દેશે,
પાવન કરશે ઘર આંગણ કોણ અમારા .. ઉપજે છે૦ ૪



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉપકાર નિરંતર યાદ કરૂં, તુમ ગુણોને કદી ના વિસરૂં,
દેવદર્શનમાં સ્મરજો અમને કોઈ વારા .. ઉપજે છે૦ ૫
અમ અપરાધોની ક્ષમા કરજો, ગુરૂજી અમ પર કરૂણા ધરજો,
વહેલાં વહેલાં દર્શન દેજો ફરીવારા .. ઉપજે છે૦ ૬
સ્વામી સુખસાતામાં રહેજો, શુકન જોઈને સંચરજો,
સંભાળીને કરજો ગુરૂરાજ વિહારા .. ઉપજે છે૦ ૭
હું પંથ નિહાળું તુમ તણો, વ્યાપે છે મનમાં ખેદ ઘણો,
નયનોમાંથી વહે છે આંસુની ધારા .. ઉપજે છે૦ ૮
**જંબૂવિજયના ગુરૂરાજા**, શ્રી **ભુવનવિજયજી** મહારાજા,
વ્યાપે છે અમ અંતરમાં દુ:ખ અપારા .. ઉપજે છે૦ ૯

**૧૦૮** (રાગ - દેખી શ્રી પાર્શ્વતણી મૂરતિ ..)

**ભુવનવિજય** ગુરૂરાજના વિહારથી થાય છે આજે અતિદુ:ખ રે,
કોને કહું અંતરની વેદના.
વીતરાગદેવની, વાણી અમોને; સંભળાવશે હવે કોણ રે .. કોને૦
ભૂલ્યા પડ્યા અમે, ભવવનમાંહિ; માર્ગ બતાવશે કોણ રે .. કોને૦
જ્ઞાનનો દીપક, દિલમાં પ્રગટાવી; અંધકાર હરશે કોણ રે .. કોને૦
વ્યાખ્યાનમાં નિત્ય, ઉપદેશ આપી; પ્રેરણા કરશે કોણ રે .. કોને૦
મોહના પંકમાં, ખૂંચેલા અમને; ઉગારશે હવે કોણ રે .. કોને૦
સાર-અસારનો, વિવેક કરાવી; ધર્મમાં જોડશે કોણ રે .. કોને૦
સુકાઈ જશે અહીં, ધર્મનો બગીચો; સિંચન કરશે કોણ રે .. કોને૦
દૂર દૂરના આ દેશમાં અમારા; વિચરશે હવે કોણ રે .. કોને૦
કષ્ટ અનેક સહી, આટલે દુર હવે; ક્યારે પધારશે કોણ રે .. કોને૦
મનના સંશય હવે, છેદીને કરશે; સમકિત નિર્મલ કોણ રે .. કોને૦
આપનાં તે દર્શન, ક્યારે અમોને; થશે ગુરૂજી ફરીવાર રે .. કોને૦
વંદના હવે કોના, ચરણે કરીને; હરશું પાતક પુંજ રે .. કોને૦
ધર્મલાભનો હવે અતિમધુરો; આશીર્વાદ દેશે કોણ રે .. કોને૦



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્વામી સાતા હવે, કોને પુછીશું; શિરપર બે કર જોડ રે .. કોને૦
દેવ-ગુરૂ પસાય એમ, કહી હવે અમને; હર્ષિત કરશે કોણ રે .. કોને૦
ભાત-પાણીનો લાભ, દેવાની વિનંતી; કરીશું કોની પાસ રે ..કોને૦
હમણાં પધારશો, હમણાં પધારશો; એમ જોઉં તુમ વાટ રે .. કોને૦
આંગણે ઉભા રહી, હવે અમે કોની; નિત્ય જોઇશું વાટ રે .. કોને૦
પગલાં કરી હવે, કોણ અમારૂં; પાવન કરશે દ્વાર રે .. કોને૦
સ્વાર્થ વિના જે, વિચરે જગતમાં; કરતા નિત્ય ઉપકાર રે .. કોને૦
પુણ્ય જો હોય તો, એવા ગુરૂજીનાં; દર્શનનો મળે લાભ રે .. કોને૦
સુણવા મળે ગુરૂરાજની વાણી; હોય જો મોટું ભાગ્ય રે .. કોને૦
**ભુવનવિજય** ગુરૂરાજ ને સાથે; શિષ્ય છે જંબૂ નામ રે .. કોને૦
અંતરિક્ષ પાર્શ્વનાથ, યાત્રાને કારણે; પધાર્યા બાલાપુર ગામ રે ..
ગુરૂ અને શિષ્ય બે, રહ્યા ચોમાસું; કર્યો મોટો ઉપકાર રે .. કોને૦
યોગશાસ્ત્ર અને, ધન્યચરિત્રની; સુણાવી મનોહર વાણ રે .. કોને૦
ઉપદેશ આપી વિવિધ તપશ્ચર્યા; કરાવી અતિ મનોહાર રે .. કોને૦
ચાતુર્માસમાં કોઇ; જાણ્યે અજાણ્યે; થયા જો હોય અપરાધ રે .. કોને૦
ક્ષમા કરજો ગુરૂરાજ અમારા; ક્ષમાતાણા ભંડાર રે .. કોને૦
અમારા ક્ષેત્ર પર, મ્હેરબાની રાખજો; પધારજો ફરીવાર રે .. કોને૦
અંતરિક્ષ પાર્શ્વનાથ, સ્વામીને વિનવું; લાવે તમોને ફરીવાર રે ..કોને૦
બાલાપુરે ચોમાસું રહી, ગુરૂરાજ આપે; આનંદ કરાવ્યો અપાર રે .. કોને૦
દુ:ખ ઉપજાવી આજે, ચાલ્યા શું જાવ છો; રોતાં મૂકી નરનાર રે .. કોને૦
સંવત બે હજાર, છ ની સંભારૂં; નિત્ય મહા શુદ છઠ રે .. કોને૦
દુ:ખથી ઉભરાય, છાતી અમારી; વહે છે આંસુની ધાર રે .. કોને૦
ભૂલશો નહીં ગુરૂરાજ અમોને; રાખજો કરૂણાભાવ રે .. કોને૦
ઉપકાર ન ભૂલીએ, કદી તમારો; સમરૂં દિન ને રાત રે .. કોને૦
કૃપા કરીને આપ, વ્હેલાં વ્હેલાં દેજો; દર્શન અમોને ફરીવાર રે .. કોને૦
વિહારમાં સ્વામી, સાતામાં રહેજો; આપું છું દુ:ખથી વિદાય રે ..
પંથ નિહાળતાં, ગુરૂજી તમારો; આંખો આંસુથી ઉભરાય રે .. કોને૦



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૦૯ (રાગ - છોટી મોટી સૈયા રે જાલીકો મેરે ગુંથના)

ગુરૂવર ભાખે રે મધુરી મીઠી દેશના, મધુરી મીઠી દેશના,
સ્વ-પર સિધ્ધાંતની, વાતો પ્રરૂપી, વાતો પ્રરૂપી,
સંશયો છેદે રે, ગુરૂજી ભવિ જીવના .. ગુરૂવર૦ ૧
શિવસુખકારી, ભવદુ:ખહારી, ભવદુ:ખહારી,
ગુરૂવર વચનો રે, મીટાવે ભવભેદના .. ગુરૂવર૦ ૨
ગુણવંતા ગુરૂજી મ્હાલે, સંયમરંગમાં, સંયમરંગમાં,
આત્મારામી રે, ધોરી છે જિનધર્મના .. ગુરૂવર૦ ૩
ગુરૂરાજ ધર્મનો, રંગ લગાવી, રંગ લગાવી,
બંધન તોડે રે, અનાદિ કર્મ પાશના .. ગુરૂવર૦ ૪
મમતાને છંડી, સમતાના રંગી, સમતાના રંગી,
ટાળે વૈરાગ્યથી રે, વિકારો રાગ-દ્વેષના .. ગુરૂવર૦ ૫
મોહ રાજાની, ફોજ હઠાવે, ફોજ હઠાવે,
શૂરવીર સોહે રે, સૈનિક જિનરાજના .. ગુરૂવર૦ ૬
તીર્થ જંગમ સખી, ગુરૂજી મળ્યા છે, ગુરૂજી મળ્યા છે,
જ્ઞાન ખજાના રે, કરો રે ગુરૂસેવના .. ગુરૂવર૦ ૭
પંચ મહાવ્રત, પાલનહારા, પાલનહારા,
મહા ઉપકારી રે, કરે જે આત્મસાધના .. ગુરૂવર૦ ૮
કોટિ કોટિવાર નિત્ય, **જંબૂ** કરે છે, **જંબૂ** કરે છે,
એવા ગુરૂજીનાં રે, ચરણોમાં નિત્ય વંદના .. ગુરૂવર૦ ૯

## ધન્યચરિત્રની ગહુંલી

૧૧૦ (રાગ - દેખી શ્રી પાર્શ્વતણી મૂરતિ ..)

ધન્યકુમારતણી વાત સુણાવે, રંગ જમાવે મનોહાર રે, ગુરૂરાજ આપે છે દેશના.
દક્ષિણ દેશમાં, પેઈઠાણ શહેરમાં; ધનસાર શેઠ કહાય રે .. ગુરૂ૦
પુત્રો છે ચાર તસ, ધનદત્ત ધનદેવ; ધનચંદ્ર ધન્યકુમાર રે .. ગુરૂ૦



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ધન્યકુમાર તેમાં, બુદ્ધિનિધાન છે; ગુણોની તો છે ખાણ રે .. ગુરૂ૦
પિતા કરે છે રોજ, તેની પ્રશંસા; બીજા બંધુથી ન ખમાય રે .. ગુરૂ૦
ધનસાર શેઠ પર, ગુસ્સો કરે છે; જલાવે ઈર્ષ્યાની આગ રે .. ગુરૂ૦
ગૃહક્લેશથી ધન્ય, ઘરમાંથી નીકળી; કરે વિદેશ પ્રયાણ રે .. ગુરૂ૦
પામે છે ભાગ્યથી રિદ્ધિ ને સિદ્ધિ; પગલે પગલે નિધાન રે .. ગુરૂ૦
ઉજ્જયિની નગરે, મંત્રી બને છે; બને કૌશાંબીના રાજ રે .. ગુરૂ૦
પાછળ ભાગ્યહીન, ત્રણે બંધુઓ; ક્ષણમાં ગુમાવે સર્વસાર રે .. ગુરૂ૦
ગામે ગામ ભમતા, નિર્ધન તેહને; ઓળખે ધન્યકુમાર રે .. ગુરૂ૦
ગુણવાન તેમને, સુખી કરે છે; લાવીને નિજ ઘરમાંય રે .. ગુરૂ૦
ફરી પણ ઈર્ષ્યાની, આગ જલાવે; ત્રણ બંધુઓ પૂર્વ જેમ રે .. ગુરૂ૦
ધન્યકુમાર ફરી, ઘર છોડી નીકળે; બન્યું અનેક વાર એમ રે .. ગુરૂ૦
શાલિભદ્રની બહેન સુભદ્રા આદિ; પરણે છે આઠ નાર રે .. ગુરૂ૦
રાજગૃહ નગરે, ત્રણ બંધુઓ; યક્ષ બતાવે મોટો દંડ રે .. ગુરૂ૦
સદ્‌બુદ્ધિ પામે, સર્વ બંધુઓ; ત્યજી અસૂયાભાવ રે .. ગુરૂ૦
પિતા અને મોટા, ત્રણ બંધુઓ; ચારિત્ર લે ઉજમાળ રે .. ગુરૂ૦
શાલિભદ્ર ત્યજી, બત્રીશ નારી; ધન્યકુમાર ત્યજી આઠ રે .. ગુરૂ૦
વીર પ્રભુ પાસે, દીક્ષા લઈને; પહોંચ્યા અનુત્તર વિમાન રે .. ગુરૂ૦
ધન્યકુમારને, નિત્ય ઉઠી પ્રણમું; ભરહેસરમાં લઈ નામ રે .. ગુરૂ૦
**જંબૂ** કહે એવી ગુરૂ-દેશના સુણીને; આનંદ થાય અપાર રે .. ગુરૂ૦

## ભગવાન શ્રીમહાવીરસ્વામીનું પારણું

**૧૧૧** (રાગ ઝુલો કૌશલ કુમાર, તુમ્હેં સખીયાં ઝુલાવે ..)

ઝુલો મહાવીરકુમાર, તમને ત્રિશલા ઝુલાવે, તમને ત્રિશલા ઝુલાવે,
પોઢો મહાવીરકુમાર, તમને ત્રિશલા પોઢાવે, તમને ત્રિશલા પોઢાવે,
હિંચો મહાવીરકુમાર, તમને ત્રિશલા હિંચોળે, તમને ત્રિશલા હિંચોળે,
રત્ન જડ્યા પારણામાં શય્યા બિછાવી,
સુંદર મેં રેશમની દોરી બંધાવી,



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મારા નાનડીયા બાલ, મહાવીર મારા લાલ... ઝુલો૦ ૧
દેવલોકથી દેવદેવી દર્શને આવે,
હર્ષથી નાચે અતિમધુર ગીત ગાવે,
મારા નાનડીયા બાલ, મહાવીર મારા લાલ... ઝુલો૦ ૨
દેવદેવી મળી આવે મસ્તકને નમાવે,
ત્રિલોકનાથનો જન્મ આજ થાવે,
હર્ષથી નાચે અતિમધુર ગીત ગાવે,
મારા નાનડીયા બાલ, મહાવીર મારા લાલ... ઝુલો૦ ૩
જ્ઞાનનો દીવો તમે જગમાં પ્રગટાવજો,
જંબૂના સ્વામી મોહતિમિર હઠાવજો,
મારા નાનડીયા બાલ, મહાવીર મારા લાલ... ઝુલો૦ ૪

**ગુરૂ ભક્તિ ગહુંલી સંગ્રહ સંપૂર્ણ**



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org